સુશીલાનાં પત્રો

[illegible]

[illegible]

[illegible]

શુદ્ધિપત્રક.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૩	૧	મગનકાકો	મગનકાકા
૧૬	૩	મ્હેનતો	મ્હનેતો
૨૬	૪	તમ	તમે
૨૭	૯	મ્હારે	તમારે
૩૦	૧૭	થખત	વખત
૪૭	૩	છેતે	છતે
૫૮	૫	કૃ ણ	કૃષ્ણ
૫૯	૨	તેનો	તેતો
૬૦	૧	આધિક	અધિક
૬૩	૧૭	સમાજપૂર્વક	સમજપૂર્વક
૬૪	૧૮	સ્વરૂપનો	સ્વરૂપતો
૯૭	૧૮	પુરૂષાથ	પુરૂષાર્થ
૧૦૨	૧૨	અધારભૂત	આધારભૂત
૧૨૪	૨૧	તે	ને
૧૪૩	૧૦	મીંઢગ	મીંઢળ
૧૫૩	૮	સમજમા	સમજ્યા
૧૬૨	૭	પહેરા	ચહેરા
૧૬૫	૯	અવનતિ	અવનતિ
૧૬૬	૧૦	માડે	માટે
૧૬૬	૧૮	શોએ	શોગે
૧૮૪	૧૩	તત્થ	તત્વ
૧૯૧	૧	હિમળા	વિમળા
૧૯૧	૨	સવમાન્ય	સર્વમાન્ય
૧૯૬	૮	સ્થાન	સ્થાન
૧૯૭	૧૦	વિધાવાઓ	વિધવાઓ
૧૯૭	૧૫	મટે	માટે

સુશીલાના પત્રો.

સપાદક તથા પ્રકાશક.

શાહ ચીમનલાલ જેચંદ.

પ્રથમાવૃત્તિ

સવત ૧૯૮૧ પ્રત ૧૧૦૦

મુલ્ય રૂ ૧।

મુદ્રણસ્થાન—વિવેકાનદ મુદ્રણાલય ખાડીઆ અમદાવાદ
મુદ્રક—નટવરલાલ શંકરલાલ મહેતા.

મારા

પૂજ્ય પિતાને

અર્પણ

ઉપોદ્ઘાત.

વાચક ! સુશીલાએ આવા પત્રો કેમ લખ્યા હશે એમ તને થાય ખરૂ અને થવુજ જોઇએ આનો જવાબ એટલોજ કે સુશીલાનુ લોહી ઉકળતું હતું. સ્રીપુરૂષના પત્રોમા આવી બાબતો ઘણુ ખરૂ ચર્ચાતી નથી છતા સુશીલા પોતાના પત્રોમા પોતાનો અનુભવ અક્ષરક્ષ ટાંકે તેનું કારણુ બીજુ શુ હોઇ શકે? સમાજની અસ્તવ્યસ્ત સ્થિતિ જોઇ સુશીલાનું દીલ દુખાય યા એનુ લોહી ઉકળી આવે તો તેમા નવાઇ જેવુ શુ?

વાચક વર્ગને થશે કે સામાજીક ચર્ચાઓ સિવાય બીજુ કઇ પતિને કહેવા શુ સુશીલા ઇચ્છતી ન હતી ? આ સવાલ વ્યાજબી તેમજ ઘણો ઉપયોગી છે સુશીલાનુ દુખ એકવાર એને બીજુ બધુ ભૂલાવે તોપણુ નવાઇ જેવુ કઇજ નહી સમાજમા સુશીલા સમાઇ જાય તો તેમા વધુ પડતુ કઇજ નહી છતા કેટલાક પત્રોમા સુશીલાએ પોતાની બાબતો પતિ પાસે રજુ કરી છે, પરતુ વાચક વર્ગ એ ન જાણે તેટલાજ ખાતર એ બધી બાબત કહાડી નાખી છે.

વાચક ! સુશીલા સાથે યા તેની સખી વિમળા સાથે તુ મળતો થાય યા ન થાય તેમા મને દુખ ન થાય, પરતુ સુશીલા જે કહેવા માગે છે તે જો તુ વિસરી જાય તો જરૂર મને ખેદ થાયજ.

સુશીલા કહે છે કે, " સમાજને ન ભૂલો " વિમળા કહે છે કે, " આ નવા જમાનાના પવનમા ખેચાઇ ના

જાવ જરા થોભો, વિચારો અને પછીજ આગળ ધપો આ કેળવણીના દુખદ પરિણામો તરફ લક્ષ કરો. અને સારાસારનો વિચાર કર્યા પછીજ જેમ ઠીક લાગે તેમ વર્તન કરો. કેવળ જુની સંસ્કૃતિને તોડવામાજ સુધારો ના સમજતા. સુધારો વધારો ભલે કરો પરતુ સંસ્કૃતિનો અભ્યાસ કરી એને કાયમ રાખો.

મ્હારે બીજું કહેવાનું શુ હોય ? સુશીલાના પત્રો જે કઇ કહે છે તેટલુંજ વાચક વિચારે તોયે ક્યા ઓછુ છે ? વાચક વર્ગ જો આ પત્રો વધાવે અને કઇ લાભ ઉઠાવે તો હવે પછીના જે થોડા ઘણા પત્રો મળી શકે તેમ છે તેનો પણ હુ જરૂર પુરતો ઉપયોગ કરૂ ખરો. એમા તો બાપુનો પણ જમાનો આવી જાય

વારૂ, ભલા વાચક ' વાચજે, વિચારજે, અને જે કઇ ઠીક લાગે તે ગ્રહણ કરજે. સાથેસાથે જે કઇ ત્રુટીઓ આ પુસ્તકમા લાગે તે મ્હારીજ સમજી મોટુ દીલ રાખી મ્હને દોષ ના દેતો જેટલુ બની શકે તેટલુ હુ કરી છુટચો છુ છતા જે ખામી તું બતાવીશ તે લક્ષ્યમા રાખી હવે પછ એમ નહીં થવા દઉં.

પ્રભુ ' એ બાળાને દીર્ઘાયુષ અર્પો.

પારેખ મેન્સન
સેન્ડહર્સ્ટ રોડ
મુબાઇ.

લી. સેવક,
શાહ ચીમનલાલ જેચંદ.

પ્રસ્તાવના.

ગુજરાતી ભાષામા પત્રસાહિત્યની અગત્ય લગભગ આ દસકામાજ સમજાવા માડી છે એમ કહીએ તો ચાલે. પહેલા પત્રો લખાતા તે માત્ર જરૂરના સમાચાર કે કુશલતા કહાવવા પુરતાજ લખાતા. સ્વસ્તિશ્રી પૂજ્યા રાધે અનેક શુભોપમા લાયક, એ એનુ સારામા સારૂ રૂપ હતુ હગ મર ટપર એ એનુ ઘણુ સામાન્ય રૂપ હતુ. હવે આ જાતના પત્રોને પત્રો કહેવાની હીમત કોઈ ભાગ્યેજ કરે.

પત્ર લેખન એ પણ સાહિત્યનુ એક અગ છે, અને સાહિત્યના બીજા ક્ષેત્રો જેટલીજ કળા એમા જરૂરની છે એ સત્ય દિવસે દિવસે વધારે સર્વમાન્ય થતુ જાય છે વિચારના સર્વ પ્રદેશો અને હૃદયના સર્વ ભાવોને એમા અકુશ અનુભવ્યા વિના વ્યક્ત કરી શકાય છે. સબધની નિકટતા કે દૂરતા પ્રમાણે એના સ્વરૂપમાએ વિવિધતા આણી શકાય છે, અને ભાવોના સર્વ છાયાભેદો એમા ઘણી ખુબીથી જુદા પાડી શકાય છે.

સાહિત્યના બીજા કોઇ અગ કરતા પત્ર લેખન વાચકને વધારેમા વધારે અસર કરે છે. પત્ર સાધારણ રીતે

મિત્રને કે નિકટના સંબંધીનેજ લખાય, અને પત્ર સ્વરૂપે વાચક કે લેખકના હૃદયમા એવીજ નિકટતા સ્વાભાવિક રીતે બંધાઇ જાય છે જિંદગીમા એ અજાણ્યા માણસો પહેલીવાર મળતા હોય એવુ એમને નથી લાગતુ, ને જાણ્યે કે અજાણ્યે જે સ્વરૂપને સંબોધીને એ પત્ર લખાયા હોય એજ સ્થિતિમા વાચક પોતાની જાતને કલ્પના માંડે છે એનો તાટસ્થ્ય ઉડી જાય છે, અને વિચારભેદ હોય ત્યાએ એનો વિરુદ્ધભાવ ન દર્શાવતા વિના માની લેવાનુ મન થાય છે

પણ આજ કારણને લીધે વિચાર પ્રધાન પત્રો કરતા ભાવપ્રધાન પત્રો વધારે સફળ થાય છે વિચારનો સંબંધ બુદ્ધિ સાથે છે, ભાવોનો સંબંધ અંતર સાથે છે દરેકને વિચાર કરવાની શક્તિ એકજ પ્રકારની નથી હોતી દરેકને ભાવ અનુભવવાની શક્તિ વત્તે કે ઓછે અંશે એકજ પ્રકારની હોય છે લાગણીને સ્પર્શ થતા માણસ નરમ બને છે વિચારની અવગણના થતા માણસને વિરુદ્ધ થવાનુ મન થાય છે ને તેથીજ ભાવ જેમા વધારે હોય એવા પત્રો જેટલા લોકપ્રિય થાય છે એટલા બીજા નથી થતા

પ્રેમીઓ કે મિત્રોનો સંબંધ ઘણુંખરું આવાજ ભાવો પર રચાયેલો હોય છે ને તેથીજ એ સ્વરૂપ કરનારને વધારે સુગમ પડે છે અને વાચનારને વધારે ગમે છે એમા તોફાન, વિનોદ અને હાસ્ય, ગંભીરતા, દિલના દર્દ અને છાની વાતો

બધાને માટે સ્થાન હોય છે એમા વાતો અંગત રીતે કહી શકાય છે અંકુશ ઓછો હોય છે, છતા વધારે પડતુ એમા ભાગ્યેજ થઇ જાય છે.

પણ આ બધામા એક પ્રકારની સૂક્ષ્મ કળા રહેલી છે, અને એ ન હોય તો પત્ર લેખન તદન નમાલુ ને નિરસ થઇ પડે ઘણુ કહેવાનુ હોય, ઘણી રીતે કહેવાનુ હોય અને તે પણ ફુલગુથણીમા દોરો ન દેખાય છતા હોય એવી કલાથી સબદ્ધ બનેલુ હોય તોજ આ પ્રકારનુ સાહિત્ય સજીવ અને આકર્ષક થઇ શકે છે

'સુશીલાના પત્રો' એ પણ આવાજ પ્રકારનો એક પ્રયત્ન છે પત્ની પતિને પત્ર લખે તેમા મિત્રભાવે પોતાના સર્વ વિચારો નિવેદન કરી શકાય એવી છુટ હજુ આપણા સસારમા ઘણી થોડી સ્ત્રીઓ લે છે પણ હવે આ પ્રકારનો મિત્રભાવ કેળવાતો જાય છે એ આનદની વાત છે આપણા પત્ર લેખનના સાહિત્યમા આવેલા ઉત્સાહનો પણ આ એક પુરાવો છે.

આ પત્રો, મને સપાદક ભાઇ ચીમનલાલ તરફથી કહેવામા આવ્યુ તેમ કલાના ઉદેશથી પ્રેરાઇને કાલ્પનીક પ્રસગો ઉપરથી લખાયલા નથી પણ ખરેખરા કોઇ સ્ત્રીએ પોતાના પતિ પર લખેલા પત્રોજ છે કેટલાક મિત્રોના જોવામા આ પત્રો આવતા કઇક અશે કલા અને કેટલેક અશે ઉપયોગિતા એમ બને એમા સમાયલા એમને લાગ્યા પરિણામે આ

પત્રો આ સ્વરૂપે બહાર આવે છે આ વાત સત્ય હોય તો આધુનિક કેળવાયેલી સ્ત્રીઓના વિકાસનુ કઇક દિગ્દર્શન આ પત્રો જરૂર કરાવે છે હવેની સ્ત્રીઓ ચર્ચા કરતી થાય, સમાજના પ્રશ્નોમા રસ લેતી થાય, પોતે અનુભવે તે ભાવોને સ્પષ્ટ રીતે દર્શાવવાની હિમત કરી શકે એ સ્થિતિ આજથી ત્રીસ વર્ષ પહેલા નહોતી અથવા ક્વચિતજ દેખાતી આજે એ સ્થિતિ બદલાઇ છે દરેક કેળવાયેલી કન્યાને મન આજ મિત્રભાવ ન સાધી શકાય એવા લગ્નમા લગ્નવ્રતની સપૂર્ણતા નથી દેખાતી દરેક કેળવાયેલા યુવકને મન આવો સહચાર ન સાધી શકે તેવી પત્ની પત્નીપદ પામવાને લાયક નથી ગણાતી.

આ પત્રોમા પકવ વિચારોની ખામી વચ્ચેને દેખાશે, વાક્ય રચનામા કઇક કિલષ્ટતા જણાશે. હાલના ગાધીયુગની ચાલુ ભાષા 'કર્યે જ છૂટકો' "આમજ રુચે" વીગેરે વપરાએલી પણ વધારે દેખાશે કેટલાક ભાવોમા યોગ્યતાની ખામી, અને કેટલાક અભિપ્રાયોમા અસબદ્ધતા અને ઉતાવળ પણ જણાયા વિના નહી રહે પણ આ પત્રો મુળ છપાવવાને માટે નહોતા લખાયા અને પત્ર-લેખનની કળા આપણી ભાષામા હજુ હમણાજ ખીલવા માડી છે, એ બને વસ્તુઓ ધ્યાનમા લેતા આ દોષો પરીક્ષણ બુદ્ધિના સૂક્ષ્મદર્શક યત્રની મદદ લઇ મોટા કરી બતાવવા જેવા નહી લાગે, અને આવા દોષો બાદ કરતા રુચિ અનુસાર ગમે એવુ અને રસ પડે એવુ ઘણુ આમાથી મળી આવશે.

સૌ. લીલાવતી શેઠ.

ભૂમિકા.

મુગ્ધ સુશીલાના વિવાહ સુરતના જાણીતા ગ્રેજ્યુએટ વસંતલાલ સાથે તા ૩૦-૪-૧૯૧૭ ને દિવસે થયા વસત એક જાણીતા કુટુમ્બનો સુશીલ યુવક હોઇ સમાજમા તેમ-જ પોતાના દેશમા એકદર એણે આબરૂ સારી મેળવી હતી સુશીલા પણ એક કેળવાયેલી તથા સુધરેલી બાળા તરીકે સમાજમા પકાતી હતી આવી સુશીલ તથા વિદુષી આર્ય અબળાના પત્રો ગુજરાતી સ્ત્રી વર્ગને તેમજ સાહિ-ત્યના શોખીન યુવકોને લાભદાયી થઇ પડે તો તેમા નવાઇ જેવુ શુ ? વળી આવા પત્રો કૃત્રીમ હોઇ શકે એવુ વાચક વર્ગ સ્વપ્ને પણ ન ધારે પત્રો પ્રકૃતી વિરૂદ્ધ બાને તો તેની કંઇ અસર પણ નજ સભવે. આટલુ પ્રસ્તાવના રૂપ જાણ્યા પછી વાચક વર્ગને હવે પછી જે આવશે તે સ્પષ્ટ સમજાશે, અને જે નહી સમજાય તેવુ હોય તેની નોધ પણ ત્યા મળશે.

પત્ર લખનાર છે તો એક ગુજરાતી આર્યબાળાજ, પરતુ એ સુશીલા હોય યા કમળા હોય તે વિષે વાચક વર્ગ તર્ક ન કરે તેમાજ ઠીક. આટલી હકીકત સાહિત્ય શોખીનોને માટે પુરતી ગણી શકાય, આથી વિશેષ જણાવવુ તે મારે માટે ગેર-વાજબી, અને જાણવા પ્રયત્ન કરવો તે પણ ખોટુ તો ખરૂજ.

આશા છે કે ગુજરાતી આલમ આ પત્રો હર્ષભેર વધાવી લેશે. ગુજરાતી સાહિત્યમા આવા પત્રો હજુ બહાર નથી પડયા તેથી કેટલાકને લેખકની હયાતી વિષે સશય થાય ખરો, પરતુ તેમાતો વાચક ભુલજ ખાશે. મારો પ્રયત્ન તો માત્ર ગોઠવણી પૂરતો સમજવો અહી તહી કેટલીક જગ્યાએ ભાષામા પણ સુધારો કીધો છે, પરતુ મુળ વસ્તુ અને ઘણા પત્રો તો જેમ હતા તેમજ મુક્યા છે, અને મને તો એજ વ્યાજબી લાગે

તદુપરાત મારા તરફથી મારા પ્રિયમિત્ર ચિમનભાઇનો, મુરબ્બી ભાઇશ્રી પ્રભુદાસનો, તથા ભાઇશ્રી મુકુન્દરાયનો આ કાર્યમા મને મદદ કરવા બદલ મારે જરૂર ઉપકાર માનવો જોઇએ લિલાવતી બ્હેન બાબત પણ બે શબ્દો મારે જરૂર કહેવા જોઇએ. મારા આ કાર્યને એમની પ્રસ્તાવનાથી ખરે-ખર મોટો લાભ થયો છે, અને તે મારાથી નજ ભુલાય. બીજા કેટલાક ભાઇઓએ આડીઅવળી મદદ તો જરૂર કરી હશે, પરતુ એ બધાનો ઉલ્લેખ અહી ન થઇ શકે, છતા ભાઇ ચુનીભાઇનુ નામ ન વિસરાવુ જોઇએ વિવેકાનદ પ્રેસના માલીક ભાઇ નટવરલાલ શકરલાલે પણ જરૂર સારી મદદ કરી છે.

પારેખ મેન્સન,
સેન્ડહર્સ્ટ રોડ
મુબાઇ.
તા ૧૯-૧૦-૧૯૨૪

લી સેવક,
શાહ ચીમનલાલ જેચદ.

પત્ર (૧)

સુરત,
તા ૧૫-૫-૧૯૧૭

વ્હાલા,

પહેલો પત્ર એટલે મુઝવણ સ્વાભાવિક હોય, અને વિશેષમા સ્ત્રીવર્ગનું તો પુછવુજ શુ ?

તમારી પાસે શુ રજુ કરવુ એ વસ્તુ પુરતી વાત સમજવી, અને કેવા સ્વરૂપમા તમને પ્રથમ કહેવુ એ દિશા ભાન ન હોવાને અંગે ઘટાવી લેવુ.

લગ્ન થયા કે તુરત તમારે જવુ પડયુ એ વાસ્તવિક રીતે લગ્નની અતુલ ભાવનાઓની વિરૂદ્ધ તો ખરૂ, પરતુ તેમા તમારો શો ઉપાય ! આપણે સુધરેલા ગણાના ડિદીઓ ભાવનાઓ તથા આદર્શો સમજીએ ખરા, પરતુ સામાજીક દશા તથા કૌટુબિક વ્યવસ્થા પણ એવી ગંદી કે આપણુ કઇ ન ચાલે આવા સંકુચિત બધારણો જો કે આપણને નથી ગમતા, તો પણ હાલ તો બોલીને બેસી રહેજ છુટકો આપણે પોતે નમળા તો પછી બીજાનો શુ વાક ?

વ્હાલા, માફ કરશો કે આ તદ્દન જુદી વાત પર હુ ઉતરી પડી આવી બાબતોના મારા વિચારો પરિપકવ કયાથી

હોય ? તમારી સાથે લાબો સમય રહ્યા પછી આવા વિચારો બહાર પાડવા, તે મારે માટે યુક્ત કહી શકાય

ચાલો, થયું તે ખરૂ હવે તો પત્રો દ્વારા તમને જાણવાનો મારે માટે રસ્તો રહ્યો બીજુ શુ થઇ શકે ? હુ તમારી, પછી તમને કઇ પણ કહેવામા મને ક્ષોભનજ થાય વારૂ, પત્ર જરૂર લખશો. એમા વિલબ ન થાય એટલુજ, વિશેષ કઇજ નહિ

લી તમારી સુશીલા.

પત્ર (૨)

સુરત. તા. ૨૫-૫-૧૯૧૭

વ્હાલા,

તમારો પત્ર મળ્યો. પત્ર વિષે લખવાનું શું હોઇ શકે ? તમારો પત્ર એટલે મારે મન પ્રથમ પંક્તિનું સાહિત્ય, વળી વિશેષમાં મારા જીવનની નૌકા જ્યાં તમે ત્યાં હું, અને જે માર્ગ તમારો તેજ મ્હારો હોઇ શકે

હાલ નવીન કંઇજ નથી. બા તથા બાપુ આનંદમાં છે વિમળા[1] પણ મોજમાં હશે લગ્ન થયા પછી એનું મુખ જોવા મળ્યું નથી. કાન્તિલાલભાઇ મુબાઇમાં રોજ તમને મળતા હશે એમને મ્હારા પ્રણામ કહેશો વિમળાને મળવા હું પ્રયત્ન કરીશ તમારો અભ્યાસ ઠીક ચાલતો હશે મ્હારે લીધે વખતે સમયનો ગેર વ્યય થાય, પરંતુ મ્હારી ખાતર આટલું તો કરવુંજ પડશે પત્ર મ્હારૂં જીવન રહ્યા એટલે એ વિષે બીજી દરકાર નજ થવાય અસ્તુ ! નવીન જણાવતા રહેશો. લલિતા બ્હેનને[2] પણ મ્હારા પ્રણામ જરૂર કહેશો

લી. સ્નેહાધીન, સુશીલા.

નોંધ -૧ વિમળા.-વસંતના કોલેજ મિત્ર કાન્તિલાલની ધર્મપત્ની, અને સુશીલાના પિયર પક્ષના સગાંઓમાંની એક વ્યક્તી

૨ લલિતા બ્હેન —વસંતની કોલેજમાં ભણતી એક ગુજરાતી બાળા. સુશીલાએ વસંત પાસેથી લલિતા વિષે બહુ સાંભળેલું, એટલા પુરતોજ કાગળમાં તેનો ઉલ્લેખ

પત્ર (૩)

સુરત.

તા ૭-૬-૧૯૧૭

પ્રાણેશ,

લાંબો સમય થયા પત્ર નથી એટલે ચિંતા થાય એ સ્વભાવિક છે. હું સમજુ છું કે અભ્યાસમા વ્યગ્ર હોવાથી વખતે તમને સમય ન મળે, પરંતુ મન એમ કેમ માને? એમ. એ નો અભ્યાસ, અને તે પણ ઇંગ્લીશ લીટરેચર સાથે હોવાથી સમય ન મળે, પણ હૃદય જરૂર કહે છે કે શેકસપિયરની જુલીયટ્યા પોર્શિયા માટે જેટલી કાળજી તમને હોય તેથી વિશેષ તો મ્હારે માટે હોવીજ જોઇએ. જુલીયટ એક સ્નેહાલ બાળા તો ખરી, પરંતુ પૂર્ણ કેમ કહી શકાય? પોર્શિયાનુ પણ તેમજ 'વ્હાલા' માફ કરશો, પરંતુ હું તો કહીશ કે તમારે મન હું તો પૂર્ણજ છુ, અને સદા રહેવાની પણ તેમજ. શું તમને એમ નથી લાગતુ?

મ્હારે માટે આવુ નિવેદન અયુક્ત તો ખરું, પરંતુ તેથી અસત્ય તો ન કહી શકાય ચાલો, હું તો આમાજ રાચવાની. પત્ર જરૂર લખશો વારૂ, વિશેષ કંઇજ નહી.

લી તમારીજ,

સુશીલા.

૧૨૨૪૪

પત્ર (૪)

સુરત,

તા ૧૫-૬-૧૯૧૭

પ્રાણેશ,

તમારો પત્ર મળ્યો ... . ..

.. ..

... .

વિમળા બાબત તમે લખ્યુ, પરતુ હુ તો કહીશ કે એ બાબત ન છેડવામા હવે તો મજા છે.

મગનકાકા જુના જમાનાના હોઈ વિમળાને આપણે ત્યા શાના આવવાદે ? આજકાલની કેળવાયેલી સુધરેલી બાળા એમને નજરમા શાની આવે ? ભલી બિચારી વિમળા પણ શુ કરે ? વગર રજાએ આવે તો કુટુંબમા કકાસ થાય, અને એવુ તો તમે યા હુ નજ ઇચ્છીએ

વ્હાલા, કાન્તિભાઇને આન જણાવતા એમના કોમળ તથા બીન ઘડાયેલા મગજને આવી બાબતોથી આઘાત ન પહોચાડવો એજ મ્હને તો ગમે. એ બિચારા શુ કરે ! એમની તો વિદ્યાર્થી અવસ્થા રહી એટલે હાલ તુરત તો આવા જુલમો નભાવી લે, તેજ વ્યાજબી.

વિમળા બ્હેન દૂર રહ્યા રહ્યા પણ કંઇ થોડા ભુલાવાના હતા' મને તો નિરંતર આ ગુલામીનોજ ખ્યાલ આવ્યા કરે છે. શું હિન્દુ સમાજ સ્ત્રીઓને આટલી પણ સ્વતંત્રતા આપવામાં હાનિમાને ? હું નથી ધારતી કે તમે યા કાન્તિભાઇ આવી સામાજીક ઘટનાઓ સહન કરી શકો.

વિશેષ કંઇજ નહીં વિમળા બ્હેનને જરૂર મળવા પ્રયત્ન કરીશ, એમને માટે બે ફીકર રહેશો ત્યાંના નવીન જણાવતા રહેજો.

લી. વ્હાલી

સુશીલા.

પત્ર. (૫)

સુરત,

તા ૨૪-૬-૧૯૧૭.

પ્રાણપ્રીય,

વિમળા ગઈ કાલે આપણે ત્યા આવી હતી. મગન કાકા બે દિવસ રાદેર ગયેલા હોવાથી એને બીજો શો વાધો હોય શકે ? ભલી બિચારી વિમળાનું મુખ જોઇ મ્હેનતો ખરેખર નવાઇજ લાગી

ગુલામી કરતા પણ બુરી હાલતમા સડતી એક હિન્દુબાળા આમ તેમ આનંદમા મ્હાલી શકે એટલુજ નહિ, પરંતુ દુ ખિત સરખીયે ન ભાસે એ મ્હારે મન એક નવાઇજ હતી. શુ વિમળા આટલી અજ્ઞાન હશે ? યા તો શુ આવા કૌટુંબિક બધનો એ બાળા પસંદ કરતી હશે ? એ બધા પ્રશ્નો પ્રથમ તો સ્વાભાવિક લાગે ખરા, પરંતુ છેવટે તો મ્હને પણ લાગ્યુ કે જરૂર આમા અતિસ્વચ્છંદતા વાળી પાશ્ચાત્ય કેળવણીની કેટલીક વાસ પણ છે

મેં વિમળાને પુછ્યુ, "બ્હેન ! દીલ ખોલીને કહે કે તને તારૂં કુટુંબ, તારૂ ઘર, તથા તારૂં બીજું વાતાવરણ, એ એક જેલ રૂપ નથી ભાસતુ ?"

વ્હાલા ! મ્હારે મન સાધારણ ઠીક ઠીક કેળવાયેલી એ સુશબાળાએ જે જવાબ આપ્યો તેથી હું તો ચૂપજ થઈ ગઈ. મ્હારા અતિસ્વતંત્ર વિચારો એની પાસે મૂકવા જેટલું સામર્થ્ય મ્હારામાં નજ રહ્યું

વિમળાએ કહ્યું, " સુશીલા બ્હેન, તમે શ્રીમંત તથા કેળવાયેલા હોવાથી તમને તમારી દૃષ્ટિએ ગમે તેમ લાગે, પરંતુ હિન્દુ-આર્યબાળા માટે તો એજ ધર્મ એનું તારક કહી શકાય સત્ય અને હિત-આદર્શ ખ્યાલમાં રાખી સમાજમાં કેટલાક સમયાનુસાર સુધારા કરવા એમાં ગેર વ્યાજબીપણું કંઇજ નથી ઉલટું એનો ખાસ કર્તવ્ય છે, પરંતુ તમે મ્હારી પરિસ્થિતિને ગુલામી કહી તદ્દન નીચી દૃષ્ટિએ જોવા ઇચ્છો તે તો મ્હારાથી ન ખમી શકાય કુટુંબમાં વડિલો સાથે વય તથા કેળવણીના આદર્શોના તફાવતને અંગે મતભેદ ઉપસ્થિત થાય યા કોઇ જાતનો અંકુશ આવી પડે, તો તેથી છંછેડાઇ આવા ઉતાવળા તથા અયુક્ત મતો બાંધવા મ્હને તો નજ રૂચે જાણું છું કે વડીલોની મ્હારા વિષેની અજ્ઞાનતાને અંગે મને પુરતી સ્વતંત્રતા મળતી નથી, પરંતુ તેથી સમાજને યા સામાજીક બંધારણોને નિંદવા તે અયુક્ત તો ખરૂં જો હું રીતસર વર્તી વડીલોને સંતોષી, મારી જાતને ખરા સ્વરૂપમાં ઓળખાવું તો હું નથી ધારતી કે તેઓ મારી વચમાં

આવવા ફરીથી હિંમત કરે કાળુ ધોળુ તો, સુશીલા બ્હેન, બધેય હોય, પરંતુ આપણે તો આપણી સ્થિતિ કેમ સુધારી શકાય તેનોજ વિચાર કરવો ઘટે

"ચાલતા આવેલા રીતરીવાજોને વળગી રહેવા ઇચ્છનારા જુના જમાનાના આગ્રહીઓ તથા નવા જમાનાના સુધારકો વચ્ચે કઇ અંગત દુશ્મનાવટ જેવુ તો નથી, પરંતુ તે બેની વચ્ચેનુ અંતર ફક્ત મતભેદ પુરતુજ સમજવુ આવા મત મતાન્તરને મોટુ સ્વરૂપ આપી આખી સમાજ સામે બખાળા કાઢવા એ વ્યાજબી કેમ કહી શકાય ?

"સુશીલા બ્હેન, તમે સમજુ છો, પરંતુ તમને આ ગુલામી તથા જેલ જેવુ ભાસે છે તેનુ કારણ તમને મળેલી જુદા આદર્શવાળી કેળવણી છે. યુરોપની કેવળ વ્યક્તિ-આત્માજ ઉચ્ચ માનવાની પદ્ધતિ તમને ભલે ઠીક ભાસે પરંતુ આપણો કૌટુંબિક શુભમેળો જેટલો સ્વાભાવિક તેટલો જ યુક્ત જરૂર કહી શકાય

"હાલનો સુધારો વિભક્ત કુટુંબને યોગ્ય ગણે છે, જ્યારે પ્રાચીન લોકો તથા હિંદુસ્થાન અવિભક્ત કુટુંબને યોગ્ય ગણે છે વિભક્ત કુટુંબ પોતાની બહારની જરૂરીયાતો સંસ્થાઓ દ્વારા પુરી કરે છે અને તે સંસ્થાઓને

નભાવવા તેને ખર્ચનો ભાગો આપવો પડે છે. ત્યારે બીજી પદ્ધતિમા બહારની જરૂરીઆતો અવિભક્ત કુટુમ્બમાંથી મળે છે એહજ દાખનો-વિભક્ત કુટુમ્બની બાહ્ય સુવાવડ જેવા પ્રસંગે સુવાવડ ખાતામા જાય છે, ને જવુ પડે છે, ત્યારે બીજી કુટુમ્બમા જ પતાવે છે

"હું એમ બિલકુલ ન કહું કે આપણુ એટલુ સારૂ, અને બીજાનુ એટલુ નઠારૂ વિવાહ થયા પછી તુરત કુટુમ્બમાથી જુદા પડવુ એ તમને પણ જરૂર ઠીક ન લાગે અમુક સંજોગોમા જુદા રહેવુ ભલે ઠીક હોય, પરંતુ બધાને માટે વ્યાજબી નજ કહેવાય માતા પિતાનો પ્રેમ સ્ત્રી આવ્યેથી વિસરવો યા વિસરવા પ્રયત્ન કરવો, તે ગેરવ્યાજબી કહી શકાય

"સુશીલા બ્હેન, તમે પણ મ્હારી ખાતર એ પોતાના વડીલોથી દૂર રહે એવુ જરૂર નજ ઇચ્છો"

વ્હાલા! જ્યા સ્વેચ્છાએ જવાબદારીના સ્વીકારની વાત આવી ત્યારે મ્હારે કહેવાનું શુ હોઇ શકે? વિમળાને ભલે કેળવાયેલી ન ગણતા હોઇએ, પરંતુ એનામા હઠવાદ યા અજ્ઞાનતા જેવુ મ્હને તો નથી લાગતું

પાશ્ચાત્ય કેળવણીને અંગે કેટલાક સ્વતંત્રપણે નિર્બંધતાથી જાતે વિચારેલા વિચારોનો ખ્યાલ પણ વિમળા પાસેથી

મ્હને જરૂર મળ્યો ખરો. વ્હાલા ! એને મે શો ઉત્તર આપ્યો તે તમે ન જાણો તેજ ઠીક, પરંતુ મન એમ કેમ માને ? તમારાથી છુપુ શુ હોઇ શકે ?

એ ભલી ડાહી બાળાને મે કહ્યું, ' ત્હારી બધી વાત ખરી ત્હારા આવા ઉચ્ચ વિચારો મ્હને જરૂર ગમે, પરંતુ વિમળા ' કાન્તિભાઇ સાથે તું પુરતી સ્વતંત્રતા યા છુટ ન ભોગવી શકે તો આ જીવનમા અન્ય શુ રહ્યું ? એક પત્ર લખવો તેમા ઘણી મુશ્કેલી પડે, તો બીજુ તો પુછવુ જ શુ ? અમારા જેવા એમના મિત્રવર્ગને પણુ તું જ્યારે સહેલાઇથી ન મળી શકે તો પછી દુનીયામા વિશેષ શુ કરી શકવાની ? "

વ્હાલા, આ વાતોથી હવે વિશેષ કંટાળો નહિ આપુ, પરંતુ છેવટે એટલુ તો કહીશ કે આપણે કેળવાયેલાઓ વિમળા યા સુશીલા થઇ સંતોષ માનીશુ તો સમાજમા કંઇ સુધારો નહિ થઇ શકે.

સુશીલાને સમાજ વરગોડવાનોજ કારણ કે એની વાતો મોટી રહી, અને વિમળાનું તો પુછવુજ શુ ? એને તો મન મનાવ્યું એટલે પત્યું. સમાજમા ચળવળી-યાઓ જોઇશે જ. કુટુંબની અંદર સ્ત્રી પુરૂષને માટે યોગ્ય

છુટછાટ આપણે મેળવ્યે છુટકો આમા ઝઘડાને સ્થાન ન ઘટે, પરંતુ પ્રેમથી આવી મામુલી બાબતોનો આપણે નિવેડો જરૂર લાવી શકીયે ખરા

વારૂ, વિશેષ કઈજ નહિ. કાન્તિલાલભાઈને પ્રણામ જરૂર કહેશો પત્ર તુરત લખજો

લી. આપની,

સુશીલા.

નોંધ—૧ મગનકાકા–કાન્તિલાલના વયોવૃદ્ધ પિતા, અને વિમળાના સસરા

પત્ર (૬)

સુરત,

તા. ૭–૭–૧૯૧૭,

પ્રિયતમ,

તમારો પત્ર નથી તે લખશો પત્ર લખવામા આટલો વિલબ શો ? વિમળાના વિચારોએ તમને મુગ્ધ તો નથી કર્યા ? કાન્તિભાઈની પરિસ્થિતિ સમજાય તેવી છે, પરંતુ કેવળ વ્યર્થ વિચારોથી શુ થઇ શકે ?

વળી વિમળાને સતોષ છે એ પણુ કઇ ઓછુ સુખ ન કહેવાય તમે યા કાન્તિભાઇ ધારો તો આવી મુશ્કેલીઓ જરૂર સહેજે દૂર કરી શકો તેમ છે

વખતે કૉલેજની મજાહોમા મ્હને વિસરી ગયા હો, જો કે એમ બને તો નહિ જ, પરંતુ કૉલેજીયનો માટે કઇ કહી ન શકાય કા તો અભ્યાસમા ગુચવાઇ ગયા હો. એ બધુ બનવા જોગ તો છે, પણુ મન એમ નથી માનતુ તમારૂં ખાસ કામ તમે વખત આવે વિસરો ખરા, પરતુ હુ નથી ધારતી કે ગમે તેવા પ્રસગોમા મ્હને તમે વિસરી શકો

વ્હાલા ! આવા તર્ક-વિતર્કો શીદને કરાવતા હશો ! મ્હારે ખાતર પત્ર તુરત લખશો આવા અઘટિત વિચારો યા અનુમાનો તમને યા મ્હને જરૂર નજ રૂચે, પરંતુ સ્ત્રી જાતનું મન એમ કેમ મનોપાય ?

બીજું ... .
... ...
. વારૂ, પત્ર તુરત લખજો,
લલિતા બ્હેન વગેરેને પ્રણામ કહેશો.

લી૦ તમારી,
સુશીલા.

પત્ર (૭).

સુરત.

તા ૧૨-૭-૧૯૧૭.

વ્હાલા,

કાન્તિભાઇનો પત્ર ગઇ કાલે મળ્યો તમારી તબિયત છેલ્લા અઠવાડીયાથી તન્દુરસ્ત નથી તે જાણ્યુ ત્યારથી ચેન પડતુંજ નથી.

જાણુ છુ કે તાવ એ સાધારણ સ્થિતિમા સાધારણ વ્યાધિ ગણાય, પરન્તુ તમે યા કાન્તિભાઇ હકીકત મ્હને ન જણાવો તે કેમ રૂચે ? વળી સમજુ છુ કે ન જણાવવાનો હેતુ પણ મ્હારે ખાતરજ હતો; તો પણ વ્હાલા ! એવો પ્રેમ તો મ્હને ન ગમે તમારો એ સદ્ભાવ મ્હારે ન જોઇએ. મ્હને તો તમારા સુખ કે દુખની ભાગીદારી ગમે

તમે તાવથી પીડાતા હો, અને મ્હને અજ્ઞાત રાખી મરજી મુજબ રાચવા દો, તો કુદરત પણ કેમ સાંખે ? શુ તમે આવુ પસંદ કરો ખરા ? જરૂર તમને પણ આવુ

ન રૂચે આતો મ્હારા પ્રત્યેનો અતુલ પ્રેમ તમને આમ કરાવે એટલે તમે પણ લાચાર.

વ્હાલા, હવે શુ રસ્તો તમે બતાવો છો તેની હું તો રાહ જોઉ છુ મ્હારૂં મન અહીથી તમારી તરફ રવાના થઇ ચૂક્યું છે. માત્ર કાયાથી આવા સમયમા તમારી સેવા કરવાની ઇચ્છા કેમ રોકી શકુ ? તમારો નિર્મળ, પરન્તુ તાવને અગે સુકાયેલો ચ્હેરો, જ્યારે મ્હારી નજરે ધીમે ધીમે ખીલતો જોઇશ ત્યારેજ મ્હને તો નિરાત વળશે શુ આ લાભ મ્હને નહિ લેવા દો ? તમે અહીં આવી શકો તો પણ કેવુ સારૂ ?

પત્ર તુરત લખશો આવવાનુ પણ જરૂર રાખજો વિશેષ કઇજ નહિ

લી તમારી,
સુશીલા.

પત્ર (૮)

સુરત,

તા ૧૭–૭–૧૯૧૭

વ્હાલા,

તમે હાલ નહી આવી શકો તે જાણ્યુ. તમારૂ ન આવવાનું કારણ તો સમજી શકાય તેવુ છે અભ્યાસમા વ્યગ્રતા થાય, તથા આવા નજીવા કારણે તમને મુબાઇ છોડવુ વખતે ભારે લાગે ઠીક તમને એમ ઉચિત લાગ્યુ

પરતુ પ્રાણેશ ! તમે મ્હને ત્યા કેમ નથી બોલાવતા ? તમારી આ અવસ્થા દર્મ્યાન હું અહી રહુ એ અસહ્ય છે જ્યારે તબિયત તદુરસ્ત ન હોય ત્યારે તો હુ તમારી પાસે હોઉ તેમાજ તમારૂં શ્રેય, અને તમારી સેવાનો લાભ એતો અતિ શ્રેયસ્કર ગણું

આર્યબાળાને એથી વધુ શુ જોઇએ ! પતિ પરદેશ તાવ યા નબળાઇમા પીડાતો હોય ત્યારે ઘણો વખત દૂર રહી આર્યબાળા ઝુરે, તેની મનોદશાનુ ચિત્ર કયો ચિત્રકાર ચિતરી શકે ?

તદુપરાત હુ એ પણ સમજુ છુ કે આપણા લગ્ન થયાને ફક્ત ત્રણજ મહીના થયા છે એટલે હજુ તમે મ્હને

આવવાનું લખવાની હિમ્મત ન કરી શકો. હાલ તો મારી-તમારી વડીલોને હાથ જ દોરી, તેઓ દોરવે તેમજ દોરાવાનું. તમારા જેવા પણ કેટલીક વખત આ બાબતોમા ના હિમ્મત બતાવો છો તે શું ઠીક છે? વળી એ લોકોના મનમા પણ આપણી વ્યથાઓનો ખ્યાલ પણ નહિ આવતો હોય, ધવાયેલા દિલ જરાક રૂઢીથી ચમે તો તુરત ખળભળાટને ટીકાઓનો વરસાદ શરૂ થાય આનું કારણ શુ હશે? પ્રિય [1]

નોંધ —૧ પતિ પત્નીની માદગી પ્રસગે બન્નેને ન મેળવવામા હિન્દુ સમાજની કઠોરતા નથી, પણ અવિભક્ત કુટુબની ઉદારતા છે એ જોખમદારી વચ્ચેથી બીજા કુટુબ વગેરે ઉપાડી લેછે વળી લગ્ન થતાનીજ મારે પરસ્પર પ્રેમનો અતિરેક હોય છે તેનો એકદમ પ્રવાહ વ્હેવાદે નો, તે કેટલોક વહી જાય અને પાછલુ જીવન વ્હેલુ શુષ્ક બને આ કલ્પનાથી પણ પ્રેમનો સયમ થવા દેવાની ધારણાથી આનો અકુશ પરપરાથી ચાલ્યો આવે છે. વળી વિભક્ત કુટુબમા નો પરસ્પરજ સારવારની જવાબદારી આવી પડે છે તેમાથી બચાવી લેવાની, તથા નિશ્ચિત રાખવાની પદ્ધતિમા ખરેખર ઉદારતા જણાય છે છતા જરૂર જણાયે બન્નેનો યોગ કરવામા હિંદુઓ જરા પણ સકોચાતા નથી છતા કોઈ દાખલામા વ્યક્તિની કઠોરતા જણાય તો, તે વ્યક્તિનો દોષ, નહિ કે સમાજનો દોષ હિંદુસમાજની રૂઢીઓ યથાર્થ સ્વરૂપમા નહિ સમજવાથી ઘણી ગેરસમજો ઉત્પન્ન થઈ છે, થાય છે અને ફેલાય છે.

વ્હાલા આપણને શી પરવા છે ' બીજાથી ડરીને તમારી સેવાથી વંચિત થવાનું હું હરગીજ પસંદ ન કરૂં. ભલે બે ચાર સગા વ્હાલા યા જ્ઞાતિ બધુઓ આપણે વિષે બે વાતો કરે, પરંતુ એ બધાયે છેવટે તો થાકવાનાજ. વળી આવા વિચારો લાવી આપણી ફર્જમાંથી આપણે પાછા પડવુ ન ઘટે. તમને શું એમ નથી લાગતું ? તમે બાપુ તથા મ્હને મુંબઇ આવવા લખશો તો પછી હુ બધાને સમજાવી આપણુ કાર્ય જરૂર સાધી લઇશ.

બાપુ તથા બાને તો હુ જરૂર સંતોષ આપીશ હવે આ બાબત વિચાર કરવા જેવુ મ્હને તો નથી લાગતુ પત્ર તુરત લખજો હવે વિલંબ કરવો ન ઘટે

લી. તમારી,

સુશીલા.

પત્ર (૯)

સુરત,
તા ૨૦-૭-૧૯૧૭

વ્હાલા,

૨૩ મીએ મુબઇ છોડી તમે આવવાના આપણે જરૂર મળવાના. તલસતું મન હવે નિરાત મેળવશે અહા ! શી એ તૃષ્ણા ! મ્હારી મનોવૃત્તિજ હંમેશ તલપતી જ વિધાતાએ ઘડી છે પ્રિય રસિક ! હુ ચાતક ને તમ મેઘ છો. વધારે શુ કહુ ?

મ્હારા રસિક હૃદય ! હવે આપણે મળવાના મહીઓની વાતો એકાદ કલાકમા જ કહી નાખવાની શક્તિ મ્હારામા આવે તો કેવુ સારૂ ? મ્હારી સ્વપ્ન-સૃષ્ટિ તમે જ સમજી શકો

રસિક યુગલોના આવા સ્વપ્નોજ ખોરાક કહી શકાય એવા સ્વપ્નોનો ચિતાર ન બતાવાય, ન બતાવી શકાય, માત્ર સાનમા સમજાવી શકાય

વારૂ, હવે તો મળવાના એટલે પત્ર ટુકમાજ પતાવીશ .

.. .

.. ... લલિતા બ્હેનને મ્હારા પ્રણામ કાન્તિભાઇને સવિશેષ ખરાજ વિશેષ રૂબરૂમા.

લી સ્નેહાધીના,
સુશીલા.

પત્ર (૧૦)

સુરત,
તા. ૧૩-૮-૧૯૧૭.

વ્હાલા,

જુદા પડ્યે ફક્ત બેજ દિવસ થયા છે, એટલે લખવા જેવુ તો શુ હોય શકે ? પરંતુ મ્હારૂ હૈયુ હાથ નથી. જો કે વાસ્તવિક રીતે વસ્તુ કંઇ નથી, પણ વ્હાલા ! રસિક હૃદયો હમેશા પોતાની રસિકતા વ્હેવાડે એજ ઠીક પ્રેમનો પ્રવાહ વ્હેવાતો જોઇએ વહે નહિ તો સુકાય જાય, પરંતુ એનુ વ્હેણુ ઝરણા જેવુ હોવુ જોઇએ, નહિ કે નદીના પૂર જેવુ તેથી ઉભરાતા, ખળખળ વ્હેતા ઝરણા જેવો પ્રેમ-પ્રવાહ વ્હેવો તો જરૂર જોઇએજ.

મ્હારે મન હુ ગમે તેવી હોઉં, પરંતુ મ્હારા રસિક જીવનની પરાકાષ્ઠા મ્હારે મન તો તમે જ છો શુ તમારે મન હુ કંઇ નથી ? મ્હારો રસ, મ્હારૂ સાહિત્ય, તથા મ્હારૂ વ્યક્તિત્વ તમને અપૂર્વ લાગે તેમા નવાઇ જેવુ શુ ?

મ્હારે મન તમે અપૂર્વ, તમારે મન હુ અપૂર્વ આતો દામ્પત્ય ધર્મનુ મૂળ છે. એ વિના બધુ ખોટુંજ સમજવુ સ્ત્રી પુરૂષ એ ઉપર નભી શકે, અને એક મેક તરફનો પ્રેમ એ વૃત્તિને લીધે દિવસે દિવસે જેમ જેમ કેળવાય તેમ તેમ ધરુની

કબુકની માફક વધારે રસપ્રદ અને ઓતપ્રોત પરોવીએ તો થાય. એ વૃત્તિ મૂળમા ન હોય તો આખુ જીવન ને પ્રેમના બાહ્ય પ્રકારો સુકા ફોતરા જેવા લાગે.

બે દિવસે તમારા દર્શન વગર મે કેમ કહાડ્યા હશે? એવો જ સામો સવાલ પુછીને પણ મારા સવાલનો જવાબ તમે આપી શકો, તો પણ મ્હારે કહેવુ પડશે કે એનો ખ્યાલ તમને પણ પુરો ન આવે સ્નેહની સ્વતત્ર માલીકી તો વિધાતાએ સ્ત્રીના ભાગમાજ આપી છે, તેથી પુરૂષો પુરતો ખ્યાલ ન બ્રગવી શકે એમ કહેવામા હુ પુરૂષ જાતિનુ અપમાન કરતી હોઉ એમ મને નથી લાગતુ

વ્હાલા, માફ કરજો, પરતુ કહીશ કે અમે સ્ત્રીઓ તમને સમજી શકીએ એટલુ જ નહિ, પરતુ પુરૂષની પ્રકૃતિ પ્રમાણે વર્તવુ એ પણ અમારો [1]ધર્મ માનીએ છીએ

નોંધ—૧ આ ધર્મ પ્રેમમાથી નથી જન્મતો, પરંતુ માનવ પ્રાણીના બે અગો સ્ત્રી અને પુરૂષ બન્નેના કામની વ્હેચણીમા પુરૂષને ભાગ બહારનુ સ્થૂલ કાર્ય આવ્યુ છે, અને સ્ત્રીને ભાગ અદરનુ સુક્ષ્મ નાજુક, ઝીણવટવાળુ કામ આવ્યુ છે એ જાતની જવાબદારી કુદરતથી પ્રાપ્ત થાય છે, નહિ કે કોઈએ ઠોકી બેસાડી છે જવાબદારી ઉપાડવી એ કપરૂ કામ છે. કટાળા ભરેલુ, શુષ્ક કામ છે તેથી પ્રેમ તેમા રસ રેડે છે, આનદ પ્રેરે છે. આટલુ જ સ્થાન અહી પ્રેમનુ છે તેથી જ તેને ધર્મ કહ્યો છે ધર્મ એટલે સ્ત્રીધર્મ.

જો કુદરતી ઘટના આમ ન હોય તો આ સસાર ખારોજ લાગવાનો. જ્યા સ્ત્રી પુરૂષ એકમેકની રીતભાત સમજે નહિ યા સમજતા છતા તે પ્રમાણે વર્તવાની કોશીશ ન કરે તો બીજુ શુ પરીણામ આવી શકે ?

વ્હાલા, આપણા સમાજમા અત્યારે કેટલુંક આવું જ ચાલી રહ્યુ છે સામાજીક બધારણો તથા દેશના રીતરીવાજ, અને ભવ્ય ભાવનાના વારસાને અંગે આપણા સ્ત્રી પુરૂષો જો કે છુટા છેડા કરવા કોર્ટે નથી જતા, પરતુ નાનીશી બાબતોમા સ્ત્રી પુરૂષોના મન ઉચા થાય યા ઘરમા હમેશનો ઝઘડો દાખલ થાય એ શુ ઓછુ દયાજનક છે ? અત્યારે આપણા ગુજરાતમા ભાગ્યેજ એવા કુટુબો મળી આવે કે જ્યા 'હા' 'ના' નુ તોફાન નહિ ચાલતુ હોય

આ પરથી તમો એમ ન સમજતા કે મ્હારા મત મુજબ બધા ગુજરાતી સ્ત્રી પુરૂષો નીરસ જીવન ગાળી રહ્યા છે એવું તો કઈ છેક નથીજ

આપણા લોકોનુ જીવન તદ્દન નીરસતો નજ કહી શકાય, પરતુ કેટલાક કુટુબોમા નીરસતા નહોવા છતા એક હૃદયતા પણ માલૂમ નથી પડતી. વળી અજ્ઞાન કુટુબોમા તો સ્ત્રી ઉપર જુલમ પણ એટલોજ ચાલે છે કેળવાયેલા યુવકો પણ સ્ત્રી જરા અભણ હોય યા રીતભાત તથા એટીકેટમા પછાત હોય તો જુલમ ગુજારવામા બાકી નથી રાખતા. આનુ કારણ સમજાય તેવું છે. મુળ કારણ આ યુગલોની અસમાનતાજ કહી સકાય.

બિચારી સ્ત્રી શુ કરી શકે ? પોતે કેળવાયેલી હોય અને પુરૂષ બીન કેળવાયેલો હોય તો પણ હીન્દુ સમાજ તો કહેશે કે, "સ્વામીએ તો સ્ત્રીને ઇશ્વર સમાનજ હોવો જોઇએ " ગમે તેવી સ્થિતિમા તથા ગમે તેવા સાથે એક સ્ત્રી પોતાનો જન્મારો સારી રીતે વ્યતીત કરે તોજ એ સ્ત્રી ખરી કેળવાયેલી કહી શકાય. શુ પુરૂષોને માટે કઇજ નહિ ? એમને તો સ્ત્રી જરા અભણ હોય તો પણ ન ચાલે તો પછી બીજુ તો પુછવુ જ શુ ? વળી એ બિચારી સ્ત્રી પર જુલમ ગુજારવો એ પણ કઇ ઓછુ છે ? એ બાપડીનો શુ વાક ? એના માબાપે કેળવણી ન આપી એમા એ શુ કરે ? હવે તમે કેળવો તો તે થોડી જ ના કહે છે ?

આમા ખોટું શુ છે ? તમારા પુરૂષોનો તમને દોષ દેખાતો નથી ? વળી સ્ત્રીનો તો દોષ એક વાર, સ્ત્રી હોઇ માફ પણ કરી શકાય, પરંતુ પુરૂષોનું શુ ? શુ એમને જો હુકમીનો પટો તો નથી મળ્યો ?

વ્હાલા ! આ વાતો વળી ફરીથી કોઇ વાર તમને જરૂર કહીશ અત્યારે તો વખત થઇ ગયો એટલે આટલેથી વિરમીશ.

પત્ર તુરત લખશો કાન્તિભાઇને મ્હારા સ્નેહાભિનંદન જરૂર કહેશો.

લી. આપનીજ,

સુશીલા.

પત્ર (૧૧)

સુરત,
તા. ૧૯-૮-૧૯૧૭.

વ્હાલા,

તમારો પત્ર મળ્યો. મ્હારા છેલ્લા પત્રનો તમે બચાવ ઠીક કર્યો. પુરૂષોના પ્રતિનિધિ તરીકે તમો તમારી ફર્જમા તો પછાત નથી પડયા, પરંતુ હું કહીશ કે તમારા વિચારોનુ સારી રીતે સ્પષ્ટીકરણ તો નથી જ થયુ.

જાણુ છુ એમ કરવા જતા તમારૂ ધ્યેય પાર ન પડી શકે. તમારે પુરૂષો માટે મોટો ખ્યાલ આપવો રહ્યો, અને સાથે સાથે મ્હારૂ દીલ પણ સભાળવાનુ એટલે બધુ એક સાથે કેમ બની શકે ? મ્હારા વિચારો પરિપક્વ નથી એટલુ જ કહી તમે શાન્ત થઇ જાવ એ ઇચ્છવા જોગ ખરૂં, કારણ એમ કરવામા તમારી દ્રષ્ટિ મ્હારા પરજ હોય છે, પરંતુ સાથે સાથે કહી લઇશ કે મ્હારૂ સાહિત્ય તો આવી અચોક્કસ વાતોથી અધુરૂ જ રહેવાનું.

અમુક બાબતના તમારા વિચારો ગમે તેવા હોય તો પણ તેથી મ્હારા દિલમા કોઇ પણ જાતનો ખળભળાટ ન

થાય. વળી હુ તો એમ પણુ માનુ છુ કે આપણા વિચારો સમાનજ હોવા જોઇએ. તમે સતોષ પૂર્વક સમજાવી મ્હારા વિચારોનું પરિવર્તન જરૂર કરી શકો છો આશા છે કે આ બાબત વળી ફરીથી આપણે ચર્ચીશુ

બીજુ પ્રિય ' તમને એટલુ જ કહેવાનુ કે. .

. .. .

... .

... .. . વિશેષ કંઇ જ નહિ બા તથા બાપુ આનદમા છે કાન્તિભાઇ પણ મજામા હશે.

લી તમારી,

સુશીલા.

પત્ર (૧૨)

સુરત,

તા. ૨૫-૮-૧૯૧૭.

પ્રાણેશ,

તમને કંઇ અવનવું જણાવવા કેટલાય વખતથી દીલ થયા કરે છે. મ્હારી વાતો વિચિત્ર વા અઘટિત ન ભાસે તેટલાજ પુરતી હું આટલો વખત સંયમ સાચવી રહી, પરંતુ હવે તેમ નહિ રહેવાય

વ્હાલા ! કહો કે ખરેખર તમે મ્હને ચાહો છો !

.. . .

.. ..

વળી સાથે સાથે એ પણ કહી દો કે તમે મ્હારામાં જે કંઇ છે તે ઉપરાત વિશેષ શું હોય તો મ્હને તમારી પત્ની વિષયક આદર્શ કલ્પના પ્રમાણે ગણી શકો ? હું જાણું છું કે આના સવાલો વિચિત્ર તો લાગે ખરા, પરંતુ હવે મ્હારાથી આ વાતો છુપી નથી રાખી શકાતી, આકુળિત પણ મ્હારૂં એટલે તમારે વાચ્યે જ છુટકો. વળી એમાં તમને ખોટું પણ ન લાગવું જોઇએ.

તદુપરાંત આ પ્રશ્નો જનસમાજની હિતની દ્રષ્ટિએ પણુ ઘણા ઉપયોગી થઇ પડે એમ મને લાગે છે. પુરૂષોની દ્રષ્ટિ ક્યા સુધી જઇ શકે તથા કેવા પ્રકારની હોઇ શકે તેનો પણ આમાથી ખ્યાલ મળે, તો પણ જનસમાજની હિતની દ્રષ્ટિને આમા તો ગૌણુજ સ્થાન છે મ્હારે પુછવાનુ ખાસ કારણુ તો ફક્ત તમને હુ કેમ વિશેષ પ્રિય થઇ પડુ તેટલાજ ખાતર આથી વિશેષ શુ ઇષ્ટ હોવુ જોઇએ ?

આવા શાબ્દિક પ્રશ્નો કે ઉત્તર ન હોવા જોઇએ એ જો કે વ્યાજબી છે, તો પણુ વ્હાલા, માનુ છુ કે તમે તો હાલ મ્હારી આ ચેષ્ટાને વધાવી લેશો, તમે એટલે જવાબ આપશો, એટલુ જ નહિ, પરંતુ સ્વપ્ન સૃષ્ટિનુ મનોરમ્ય ઝાખુ ચિત્ર પણુ સાક્ષાત અનુભવશો

આવા ગૂઢ પ્રશ્નો સ્રીજનોને માટે સ્વાભાવિક ખરા કે કેમ એ પણુ એક સવાલ તો ખરો તમે આ બાબત શુ ધારો તે મ્હારાથી ન કહી શકાય, પરંતુ એટલુ તો ખરૂ કે સ્રી હૃદય આવા પ્રશ્નોથી ઘણુ ખરૂ ગુથાએલુ હોય છે આને વિચિત્રતા કહેવી યા ગાડાઇ કહેવી એ તમો પુરૂષોનેજ સોપ્યુ, પરંતુ અમે તો એમાજ રાચવાના આવા પ્રશ્નો અમારૂ જીવન, છતા સ્રીઓમા સ્વતંત્ર અને વ્યક્તિ-

ત્વ જાળવાનું બળ કુદરતે અદ્દભૂત મૂક્યુ છે. આ તમને નવાઇ નથી લાગતી ?

ગમે તે દશામા આર્ય હિન્દુ બાળાઓ શુ પોતાનુ શિયળ નથી જાળવવાની ? પતિ બિમાર હોય, નાલાયક હોય, યા ગમે તેવા રોગથી પીડાતો હોય તો પણ આર્યા-વર્તની સ્ત્રીઓ પોતાના ધર્મથી વચિત નહિ થવાની. આથી વિશેષ આપભોગ શો હોઇ શકે ?

I can tell you that this is the real philosophy of love, but the mere defect is that there is ignorance (હુ તમને કહી શકુ કે પ્રેમનુ ખરૂ તત્વજ આ છે, પરતુ ખામી એટલી જ છે કે આમા અજ્ઞાનતા છે)

વ્હાલા ! ગમે તેમ હોય તો પણુ એટલુ તો કહી શકુ કે એમા જ મોટાઇ છે આજખરો સબધ કહી શકાય થોડા ઘણુ સામાજીક સુધારા કરી આપશે જો જરા સ્ત્રી વર્ગને છુટ આપીએ તો ખરેખર પુરૂષોને આ દુનિયા ગમે તે સ્થિતિમા ખારી તો ન લાગે. સાથે સાથે સ્ત્રી કેળવણી નજ ભૂલાવી જોઇએ એતો દરેક બાબતની ચાવી

સમજાવી. સામાજીક સુધારા પણ સ્ત્રી કેળવણી વિના ન સંભવે

વ્હાલા, સ્ત્રી કેળવણીનો પ્રશ્ન પણ ઘણો ગૂઢ તેમ જ ઘણો કઠીન રહ્યો એટલે સહેજમા આ બાબત ન ચર્ચી શકાય. તમે તમારા વિચારો જણાવજો, એટલે હું મ્હારો પણ ખ્યાલ તમને જરૂર આપીશ.

વારૂ સાહેબજી, પત્ર તુરત લખશો

લી સુશીલાના,

સપ્રેમ પ્રણામ

પત્ર (૧૩)

સુરત,

તા ૩-૯-૧૯૧૭.

પ્રિય!

ગઇ કાલનુ મ્હને તો ચેન પડતુ નથી તમે ગયા પછી એક દિવસ પણ પુરતા આનદમા તો નથી ગાળ્યો, વળી વધારામા મ્હારી સખી કુસુમ પણ સાસરે ગઇ પછી પુછવુ જ શું?

વ્હાલા! જેમ તમારા કાન્તિભાઇ તેમ મ્હારી કુસુમ, એને જોયા વગર એક દિવસ પણ કેમ જાય! એનું હસતુ મુખડુ, અથવા મ્હોપરનું એનુ કુસુમ સ્મિત એ બધુ હું તો ન વિસરી શકુ મ્હારા જીવનમા કુસુમે કંઇ ઓછુ નથી કર્યું અને હજુએ, એ ભોળી બાળા શુ કરશે તે કલ્પી શકાતું નથી

કુસુમ કેવી બાળા છે તે તો હુ નથી કહી શકતી. છે નવા જમાનાની, પરતુ ઉચ્છૃખલતા યા સ્વચ્છદતા

એનામા જોવાની નહીં મળે પાશ્ચાત્ય કેળવણી લેવા છતાં એનામા મિથ્યાભિમાન કે ડોળ યા દેખાવ કઇ પણ નહીં લાગે સાદાઇ તથા સરલતા એ તો એના બાપના જ એમ કહું તો પણ ચાલે. વિવેકનો તો જાણે ભડાર એનાથી કોઇનું દિલ ભાગ્યે દુખાતું હશે

વ્હાલા ' જતી વખતે મને મળવા આવી ત્યારે મે પુછ્યુ, " કુસુમ, હવે તો તુ સાસરે જવાની બ્હેન ' કહે જોઇએ તને ત્યા ગમશે ખરૂ ? રસિકલાલ૧ વિષે તો ત્હે ઘણુયે સાભળ્યુ હશે. તેમ જ પહેલા પણ એક મહીનો સાથે રહેલા, એટલે એમના વિષે તારા વિચારોએ કઇ ચોક્કસ સ્વરૂપ પણ લીધુ હશે બ્હેન ' જે હોય તે મ્હને તુ વિના સકોચે કહે "

વ્હાલા, આ પ્રશ્ન મ્હારે પુછવો કદાચ યુક્ત ન ગણાય, પરતુ કુસુમ જેવી સુશીલ તથા ડાહી બાળા રસિક જેવા ગર્વશ્રીમત પરતુ અરસિક યુવક સાથે ઘસડાય તે કોને ગમે ? આપણા સમાજની આ પણ વિચિત્રતા કે નહી ? પરતુ સમાજેય આમા શુ કરે ? જ્યા માતાપિતા પૈસા આગળ અજાઇને પોતાની પુત્રીઓના હિતાહિતનો વિચાર ન કરે તેમા બીજાનો શો વાક ? બાપડી કુસુમ પણ

શુ કરે ? માતાપિતાથી બગાડી કોનો હાથ પકડે ? આપણે શુ કરી શકીએ ? માત્ર ક્હાચ અમુક વખત માટે ગોઠવણુ કરી શકીએ, પરતુ આખો જન્મ તો ત્યાજ કાઢવો ને ? આ બધુ મ્હારા તરફનુ સમજજો

કુસુમ થોડો વખત મૌન રહી બોલી, "સુશીલા બ્હેન ! તમે જાણો છો કે શ્રીમતોના કેટલાક પુત્રો કેવા હોય છે ? જડતા તો તમને ઘડીયે ઘડીયે નજરે પડવાની જ, એબદખીનો પણ પાર નહીં. કેળવણી તો એમને લેવાની શાની હોય ? મ્હારા પતિ આવા છે એમ તો હુ ન કહુ, પરંતુ બ્હેન, એમનો પક્ષપાત બીલકુલ કર્યા વગર હુ કહી શકુ કે નિશાળની કેળવણી જો કે એમણે તો જુજજ લીધી છે, પરતુ એમનું દીલ ખરેખર એક મહાપુરૂષનુ કહુ તો પણ ચાલે. વળી એમનામા થોડી ખામી હોય તો પણ હુ તો એમના તરફ પુરતો ભાવ રાખવાની. આપણે સ્ત્રીઓ જો ચેતીને ચાલીએ, ને આપણી ફર્જ પુરતી અદા કરીએ તો હુ નથી ધારતી કે પુરૂષો આપણી પ્રકૃતિ વિરૂદ્ધ જ જવા આગ્રહ રાખે બીજુ વધુ, રે ! શુ કહુ ? માતાપિતાએ જે કર્યું તે સોના જેવું, નાની ઉંમરમા જ્યારે આપણી પુરતી જવાબદારી સભાળે તો પછી પુત્રીના લગ્ન બાબતની જવાબદારી પણ શા માટે એમના શિર જ ન રહેવા દેવી ?

"રૂપ, ગુણ, કળા, શીળ, કુટુંબ, બુદ્ધિ, શરીર, સંપત્તિ, પ્રતિષ્ઠા, આ બધુ તપાસીને જ પોતાની પુત્રી આપવી એમ સામાન્ય નિયમ સમાજે કરી આપ્યો છે તે દરેક ગુણ એકત્ર તો મળી ન શકે. ત્યારે અમુક અમુક ન્યૂનતા ચલાવી લેવી પડે, પણ તે ચલાવી લેવાનુ અનિવાર્ય પ્રસગે હોય તો તે ક્ષન્તવ્ય છે, પરતુ વિવેકહીનપણે ચલાવી લેવુ તે અક્ષમ્ય છે બાકી સમાજ નિયમોને કડકપણે વળગી રહેવામા પ્રજામા જવાબદારીનુ ભાન તાજુ રહે છે

"એ બિચારા જે કંઈ કરે તે એમની સમજ પ્રમાણે તો આપણા સુખ માટે કરે છે તેમા કોઈની ભૂલ થાય, અવિવેક થાય તે બધુ બનવાજોગ છે, પરતુ તેમનો ઉદ્દેશ તેવો છે કે નહીં તે જ તપાસવાનુ હોય છે કેટલીક વખત આજુબાજુના સજોગો પણ તેને ઘેરી લે છે, તેથી પણ ભૂલ કરી બેસે છે વળી પાશ્ચાત્ય રીતરીવાજ પ્રમાણે જેને ચાહતા હોઈએ એના ઉપર પ્રેમ કરવો એમા મોટાઈ શી? જેને ચહેરા પુરતા જ ઓળખતા હોઈએ એવી વ્યક્તિ સાથે પ્રેમ બાધી જીદગી સતોષ પૂર્વક કાઢવી એમા જ મહત્વતા છે. એમા બળ સમાયલુ છે આ બધુ સમજતા આપણને જરા અઘરૂ લાગે ખરૂ, પરતુ સુશીના બ્હેન, તમે એટલું તો સાભળ્યુ હશે કે વિલાયતમા દર વર્ષે સેકડો છુટાછેડાના

દાખલાઓ બને છે. એ તે પ્રેમ કે પ્રેમનું નાટક? ઘડીક પ્યાર થવો ને ઘડીકમા કજીયા થાય, અને તેથી બન્નેએ છુટા થઈ જવું એ તે જીવન કહી શકાય? તેઓની મનોવૃત્તિ કેટલી ક્ષુબ્ધ બની ગયેલી હશે—કેટલી ક્ષણભંગુર હશે? એ સ્ત્રી–પુરૂષોનું શું પુછવું? વળી શિયળબિયળ ત્યા ક્યા સચવાય? થોડા સારા જોડાઓપરથી આપણા કેટલાક લોકો એ રીતરીવાજને આદર્શ સમજી લે છે, પરંતુ થોડા સારા જોડાઓ ત્યા અપવાદરૂપ છે. જ્યારે થોડા દુખી જોડાઓ અહીં અપવાદરૂપ છે. ત્યાની પ્રજા બીજી બાબતમા ચઢતી જાય છે, એટલે આ બાબતમા પણ ચઢે એ સ્વાભાવિક છે અહીંની પ્રજા બીજી બાબતમા પડતી જાય છે, એટલે આ બાબતમા પણ પડતી જાય છે તેટલા ઉપરથી આપણુ ધોરણ અવાસ્તવિક છે એમ ન ઠરે.

"આપણી પ્રણાલિકાઓ મૂળમા તો બહુ જ હિતકર અને માનસશાસ્ત્ર, સંયમ, અધ્યાત્મ આરોગ્ય વગેરે સામાજીક ઉંચ આદર્શો પર રચાયેલી લાગે છે. આજે પ્રજામા અનેક જાતની નબળાઇઓ આવવાથી નબળા માણસને દાગીના બેડોળ લાગે તેમ આપણા રીત રીવાજો આપણને કઢંગા લાગે છે. વાસ્તવિક રીતે રીવાજોની પદ્ધતિમા બહુ દોષ નથી, તેથી ત્યાનો ઉપર કહ્યો તે રીવાજ તો મને ઉચ્ચ આદર્શ સૂચકતો હોય એમ નથી લાગતો તેથીજ

તેવી રીતે જોડાવુ અને છુટી જવુ એતો મ્હને એક નાટકીયા પ્રેમ પાઠ જેવુ લાગે છે

"તમને શુ એમ નથી લાગતુ ? ચાર દિવસ આની સાથે ને આઠ દિવસ બીજા સાથે એ બધી મજાક નહી તો બીજુ શુ ? આ બધા દુનિયાના ભવાડાજ સમજવા. આવા સ્ત્રી હકો અમારે ન જોઇએ તેથી પ્રજાનું નૈતીક બળ શિથિલ થાય છે, અને પરિણામે પ્રજા પડે છે સ્ત્રીઓના સયમ અને નૈતિક મક્કમતામા પણ દેશોદ્ધાર સમાયલો છે ભલે કોઇ ખુણે ખાચરે આવા હકો ન હોવાથી રીબાતું હોય, પરતુ આખા સમાજને નીચ્ને ચગડોળે ચઢાવવો ? સુશીલા બ્હેન, ફરી આપણે આ વિચારો કરીશુ. હવે તો હુ જઇશ પત્ર લખતા રહેજો "

આટલું બોલી કુસુમ ચાલી ગઇ હુ તો જાણે સ્વપ્ન અનુભવી રહી થોડીવારે રામો આવ્યો ને મ્હને બોલાવી ત્યારે કંઇક ભાન આવ્યુ

વ્હાલા, પત્ર લખશો ત્યા બધાને મ્હારા પ્રણામ કહેજો વિશેષ કઇંજ નહિ

લી તમારી,

સુશીલા.

નોધ ૧–રસિકઃ–મુબઇના શ્રીમન્ત શેઠ શાન્તિલાલનો લાડકવાયો પુત્ર, અને કુસુમનો પતિ

પત્ર (૧૪)

સુરત,

તા. ૧૦-૫-૧૯૧૭

જીવન પ્રાણ !

ગઇ કાલે સવારે નવેકના સુમારે પત્ર મળ્યો. તમારો પત્ર એટલે હર્ષ, જો કે આ પત્રમા ગાભીર્યતા વિશેષ લાગી ખરી, તો પણ પત્ર રચનાતો રોજના જેવી સ્વાભાવિક તેમજ સરલ હતી ભાષા સિવાય વિચારોનું સ્પષ્ટિકરણ પણ ઠીક લાગ્યુ. તમે ધારો તો શુ નથી કરી શકતા ? આવી રીતે જ પત્ર લખતા રહો તો મ્હને કેટલો લાભ મળે ? વળી તમારા વિચારો મારા વિચારો સાથે આજથી વણાવા લાગે એટલે આપણું ભાવી જીવન પણ કેટલુ સુદર તથા એકતાર થઇ શકે ? જાણું છુ કે રોજ આમ પત્ર લખવાનો આપને સમય ન મળે, અને આવા સંજોગોમા આવા બીજા કાર્યો માથે લેવા તે વ્યાજબી ન ગણાય, છતા એકાદ મહીને કંઇક આવુ તમે મ્હને પીરસો તો પણ મ્હારે ઓછુ ન ગણવુ જોઇએ એટલેથી સતોષ પામીશ, અને આપણું કાર્ય પણ એટલેથી સારી રીતે સાધી શકાય એટલે બસ.

કુસુમ મ્હને છોડી સાસરે ગઇ એ મે આપને આગળ જણાવેલુ છે હજુ એનો વિયોગ તો ભૂલાયો નથી, ત્યા તો વિમળાને પણ એકાદ પખવાડીયુ મગનકાકા સાથે બહાર ગામ જવાનુ નક્કી થયુ છે. ક્યા જશે તે તો મે હજુ જાણ્યુ નથી, પરતુ કાલેક વિમળા મળવા આવશે એટલે બધુ જણાશે

વ્હાલા, હવે તો હુ એકલી પડવાની, હવે દિવસો જરા ભારે લાગશે. મ્હારે માટે વાતો કરવા યા દિલાસો લેવા દેવા ફકત આપણા ઝવેરકાકાની શાતાજ રહી એ બિચારી પણ મુઝવણમા રહી એટલે એની સાથે પણ શુ આનદ થઇ શકે ?

તમે જાણો છો કે શાન્તાની સગાઇ બાળપણમા થયેલી છે શ્રીમતનો પુત્ર એટલે એની સગાઈ તો પારણ-માજ થવી જોઇએ. વળી ભલા બિચારા ઝવેરકાકા જુના જમાનાના રહ્યા એટલે પુછવુ જ શુ ? છોકરી માટે વર શોધ્યો એટલે છુટયા. મોટી મોટી છોકરીઓ ફરી સમા-જમા ભડાવુ યા વર માટે તપાસ કરવા નીકળવુ એ એમને કેમ ગમે ? પહેલેથી નક્કી કર્યું એટલે પત્યુ. પછી તો છોકરીને નસીબે જે લખ્યુ હોય તે થાય એજ એમનો સિદ્ધાત ત્યા આપણુ શુ ચાલે ?

વ્હાલા, શાન્તાનું પણ એમજ થયુ બિચારી છોક-રીની ત્રણ વર્ષે સગાઇ થઇ, અને છોકરાની ઉંમર સાડા ત્રણ વર્ષની, આમા તો ઉમરની મર્યાદા પણ ક્યા રહી ? જાણી જોઇ કજોડુ કર્યું એમ કહું તો ખોટુ ? પૈસા તથા નામને ખાતર પોતાની પ્રિય પુત્રીઓને આપણા માત-પિતાઓ શાને વરાવતા હશે ? શુ લગ્ન પૈસા સાથે હોઇ શકે ખરા ?

વ્હાલા ! આવુ તો તમને ઠેર ઠેર જોવા મળશે પૈસાદારના ગાંડાઘેલા હશે તેવા છોકરાને પણ એક નહી પરંતુ અનેક મળશે, ત્યારે સાધારણ વર્ગના સુશીલ તથા ઠીક ઠીક કેળવાયેલા યુવકને તો ફાફાજ સમજવા. વળી વળી કન્યા મળે તે પણ સાધારણજ સારી કેળવાયેલી કન્યાઓ તો લક્ષ્મીપુત્રોને ત્યાજ બિરાજવાની, શો ઇશ્વરનો ન્યાય ! સરસ્વતી આ કેમ સાખી શકતી હશે વારૂ ! લક્ષ્મીની ધૃષ્ટતા નથી ભાસતી ?

શાન્તા ! વ્હાલી શાન્તા ! ત્હારે માટે હું શુ કરૂં ? ત્હારૂં શુ થશે એનો જ મ્હને તો આખો દિવસ ખ્યાલ આવ્યા કરે છે. ઘણી ક્ષયથી પીડાતો અને શીતળાથી કુરૂપ થયેલો હોય એટલે ત્હારી મનમોહન મૂર્તિને એ કેમ લાયક

કહી શકાય ' તારા જેવી સારી કેળવાયેલી તથા સુશીલ બાળા આવા નિરસ લોકો સાથે જીવન કેમ વ્યતીત કરી શકે ? હું નહોતી ધારતી કે તારા પિતા આટલી બધી ઉતાવળ કરી તારા વિવાહ કરવા તૈયાર થઇ જશે જાણુ છુ કે તું તથા તારા પતિ ઉમરગ લાયક થયા છો, પરતુ જ્યા સુધી શારીરિક સ્થિતિ સુધરે નહી ત્યા સુધી લગ્ન કરીજ કેમ શકાય ? પ્રભો ! મ્હારી શાન્તાને કંઇ રસ્તો સુચવો અને એ બલી બાળાને આ સંકટમાથી ઉગારી લ્યો '

વ્હાલા ' આ બધુ મે શુ લખ્યુ ? કોને લખુ છુ તેનું પણ મ્હને તો ભાન નથી હુ તો શાન્તાના વિચારોમા ચગડોળે ચઢી, અને મ્હારૂ અસ્તિત્વ પણ વિસરી ગઈ શાન્તા માટે તમે શો રસ્તો બતાવો ? શુ લગ્નજ ન કરવા ? યા કરવા તો, થોડો વખત થોભીને ? આ બાબ-તમા તમે પણ માર્ગદર્શી થઇ શકો તો ઘણુ સારૂ, કે જેથી આવા નાજુક સવાલમા ગોટાળો થવા ન પામે

શાન્તા તો આખો દિવસ રડયાજ કરે છે ઝવેરકાકા પણ પુત્રીનુ દુખ કંઇ સમજ્યા હોય એમ લાગે છે. એટલુ દિલ પણ ખાટુ તો થયુ જ છે શાન્તા મળશે એટલે બધા સમાચાર મળવાના

હુ તો એને હાલ ન પરણવાની સલાહ આપુ. વ્હાલા ! આવી સલાહ જરા અઘટિત તમને યા બીજાને

કદાચ લાગે ખરી, પણ મ્હારાથી તે સિવાય બીજુ કઇ નહી કહી શકાય પરણવુ તે પણ શાને ખાતર ? જે જીવનમા દુન્યવી કોડ પરણવે છે તે અધુરાજ રહે તો એ જોખમદારી શાને વહોરવી ? ડાકટર કહે છે કે, "રમણનું શુ થશે તે હુ નથી કહી શકતો. એના જે દિવસો જાય છે તે પ્રભુની મહેરજ સમજવી, શરીરમા લોહી તો એકદર ઉડી ગયુ છે એ દિવસ સારા ને બે નરસા એમ જવાના " જ્યા આ સ્થિતિ હોય ત્યા લગ્ન કર્યા તો એ શુ ? અને ન કર્યા તો એ શુ ? વળી તમેજ કહોને કે શાન્તા પરણીને સાસરે જાય તો તે થોડીજ રમ પુર્વક પોતાનો સ્ત્રી ધર્મ બજાવવાની હતી ? એનુ દીલ પતિ તરફ ક્યાથી હોય ? જેને જોયો નથી યા જેની સાથે વાત પણ કરી નથી એવો એક રોગી તથા રક્તવિહોણો પુરૂષ જોઇને સ્ત્રીનું દિલ કેટલુ સતાપ વાળુ રહે ? રમણની પરણ્યા પછી આવી સ્થિતિ થઇ હોય તો તો શાન્તાનુ દિલ પણ એના પર પુરતુ રહે, અને પોતાના પતિના દુખદ સમયે પોતે જરૂર દુખમા ભાગીદાર બને આજે આટલા પ્રેમના તત્ત્વજ્ઞાનથી સતોષ માનવો, અહી તો એવુ પણ ક્યા છે ?

વ્હાલા ! મ્હને કહો કે શાન્તાને પરણવા હુ ના કહુ તો તેમા ખોટુ શુ ? એકવાર ન્યાતમા ખરાબ લાગે યા

ઝવેરકાકાનુ દીલ દુખાય તો તેથી એ શુ ? જીવનને ધકેલી આટલો બધો આપભોગ આપવા છતા પરિણામે ધર્મથી વચિત થવું પડે એવા જીવનમા શું લ્હાવો હોઇ શકે ? વળી આપભોગ તથા પિતૃપ્રેમને અગે ઉપસ્થિત થતી આજ્ઞાકિતતા મર્યાદા રહિત નજ શોભે. એને પણ કઇ સીમા હોવી જોઇએ

વળી આપ પુછશો કે શાતાએ ન પરણી બીજુ શું કરવુ ? તો તેના જવાબમા એટલુ જ કે ભવિષ્યમા શું કરવું એનો વિચાર લાવી વર્તમાનમા ઝપલાવવુ, તે તો વ્યાજબી ન કહી શકાય વળી રમણુ તથા એના કુટુબિઓ રાજી ખુશીથી શાન્તાને છોડે તો તો સૌથી સુદર શાતા ધારે તો તો પાચ વર્ષ અભ્યાસ તથા અધ્યયનમા ગાળી પછી વિચાર હોય તો કોઇ લાયક પુરૂષ સાથે વિવાહ કરી પોતાનું જીવન વ્યતીત કરી શકે છે તદુપરાત મન એમ ન માને તો સ્વેચ્છા પુર્વક બીજા ભલાઇના કાર્યો પણ કરી શકે છે.

અત્યારે આ સ્થિતિમા રમણુ સાથે પરણી એક કુટુબની નવવધુ કહેવરાવવુ, તથા તેટલા ખાતર જોખમદારી વહોરવી એ મૂર્ખાઇ નહી તો બીજુ શુ ? આના કરતા શાન્તા આખી જીદગી કુવારી રહી કઇ સારા કાર્યમા

પોતાનો ફાળો આપે એ શુ ઓછુ છે ? બીજા પણ ક્યાં રસ્તા નથી કે આવી રીતે જીવન એકદમ સંકોચિત કરી નાખવુ ?

વ્હાલા ! એ બાબત પર તમે શુ કહો છો તે પર જ હું તો વિચાર કરીશ મ્હારી વાતો કેટલીક તો વ્યવહારમા નકામી જેવી હોય તેમા નવાઇ જેવુ કઇજ નહીં આ બાબત ખુબ વિચાર કરી જરૂર કઇ સૂચના મોકલી આપશો. હુ શાન્તાના વિચારોને તે દર્મિયાન જાણી લઇશ પત્ર તુરત લખશો વારૂ. સાહેબજી

લી. તમારી,

સુશીલા

પત્ર (૨૫)

સુરત,

તા ૧૭-૮-૧૯૧૭

પ્રિયપતિ,

તમારો પત્ર મળ્યો શાન્તા બાબત તમારો અભિપ્રાય જાણ્યો તમે પણ એ ન પરણે એવુ ઇચ્છો એ જાણી ખરેખર મ્હનેતો ઘણો આનંદ થયો છે. તમે લખ્યુ કે, “જે કંઇ શાન્તાના વિચારો હોય તે વડીલોને પ્રથમ જણાવવા,” એ પણ એટલુજ ઇચ્છવા યોગ્ય છે ઝવેરકાકાને બધુ વિનય પૂર્વક સમજાવીએ તો એ થોડાજ આડે આવવાના હતા ? એમને દુખ તો થાય પરંતુ બીજુ શુ થઇ શકે ?

શાન્તા ગઇ કાલે મ્હને મળવા આવી હતી હવે તો એ એકાદ દિવસે આવ્યા કરવાની, એના વિના મ્હારે અહીંયા બીજુ કોણ છે ? એ લગભગ બે એક કલાક બેઠી હશે, પરંતુ ખીન્ન હ્રદયે, એટલે વાતચીતમા રસ ક્યાથી મળવે ?

મ્હે પુછ્યુ. "બ્હેન શાન્તા, તારા લગ્નનું શુ થયુ ? મ્હેં તો સાભળ્યુ હતું કે ઝવેરકાકા તારી ઉમ્મરને અંગે હવે લાંબો વખત રાહ નહી જુએ એમને તો તુ પરણે એટલે આટલી ઉમરે છુટયા. તારા મોસાળ પક્ષના પણ તુ પરણે તેમાજ રાજી કરાજી હોય તો ફક્ત તારી સહિ-મરોજ, બોલ બ્હેન ! હવે તારી શી ઇચ્છા છે ? જે કહેવુ હોય તે નિ સકોચપણે મને કહી દે "

વ્હાલા, થોડો વખત તો શાતા ચૂપજ બેસી રહી, એની માજરીશી આખમાથી અશ્રુના મોટા મોટા બિન્દુઓ ટપકયાજ કરતા હતા મ્હારાથી આ સહન નજ થયુ. મ્હારૂ હૈયુ ભરાઈ આવ્યુ એને શુ કહેવુ તે પણ મ્હને તો સુઝયુ નહી કયાથી સુઝે ? જ્યા આવી ભલી બાળાઓ સમાજની મોગલાઇમા કચરડાઇ મરતી નજર સામે હોય, તેને શુ કહેવાની હિમ્મત ચાલે ? મે કીધુ, "બ્હેન શાન્તા ! તુ શાને રડે છે ? તારૂ દુખ હુ સમજું છુ, પરંતુ રડયે શુ દહાડા વળે ? જરા મક્કમ થઇ તારે જે કહેવાનુ હોય તે તુ સુખેથી કહી દે આપણે તે પર વિચાર કરીશુ, અને તારે માટે શુ થઇ શકે તેનો કોઇ યોગ્ય માર્ગ ખોળી કાઢીશુ "

વ્હાલા ! આટલું કહેતા છતા શાન્તાનું દિલ સ્થિર

ન થયું બોલવા પ્રયત્ન તો ઘણોએ કર્યો, પરંતુ બિચારી બોલીજ ન શકે ત્યાં શો ઉપાય ?

વળી કેટલોક વખત અમે બન્ને શાંત ગયાં, અને પછી તો મ્હારાથી ન રહેવાયું એટલે મ્હેં તો ફરીથી પ્રેમગુણ કરી—"શાંતા ! આમ ગાંડાઇ શાને કરતી હશે ? શું મ્હારી પાસ તું તારું હૃદય નથી ખોલી શકતી ? બોલ બ્હેન ! બોલ, તારે જે કંઇ કહેવું હોય તે તું જલ્દી કહી દે, કહી દે

પ્રિયતમ ! વળી થોડી વાર આમ સારી એ દુખી બાળા બોલી, "સુશીલા બ્હેન, મ્હને શું બોલાવો છો ? તમે સમજુ છો, તેથી વધુ કહેવાનુંએ શું હોય ? તમે ઘણું વાંચ્યું અને વિચાર્યું છે તથા તમારો અનુભવ પણ કયાં ઓછો છે ?

"બ્હેન ! તમેજ કહોને કે આવી સ્થિતિમાં એક બાળા પરણી જઇ શું કરવાની ? જ્યાં પતિ મરણશી અવસ્થા ભોગવતો હોય ત્યાં પત્નીને શું સુખ હોઇ શકે ?

"મ્હારા વ્હાલા બ્હેન ! આના કરતાં આખી જીંદગી કુમારી રહેવાનું જ વધુ પસંદ કરૂં માત્ર આવી રીતે પર-

જુવાથી શો વધુ આનંદ હોઇ શકે ? વળી બેચાર વર્ષમા અભ્યાસ યા નર્સીંગ વગેરે કાર્યો સાધી લઇ પછી પરણવા વિચાર હોય તો ક્યા તેમ નથી થઈ શકતુ ? બાપુ મ્હારા વિચારોને સમત થઇ જાય તો કેવુ સારૂ ? આટલી ઉમરે બાપુને આઘાત ન પહોંચે તેમા જ સારૂં, અને તેટલાજ પુરતી મ્હારે આટલી કાળજી રાખવી પડે છે.

બ્હેન ! તમે મ્હારે ખાતર શું બાપુને ન સમજાવી શકો ? વસંતભાઈ પણ ધારે તો ઘણું કરી શકે તેમ છે શુ તમો એમને મારે ખાતર નવિનવો ? ”

આટલુ બોલી શાન્તા તો ચૂપજ થઇ ગઇ એનુ હૃદય ભરાઇ આવ્યુ, અને ધ્રુસ્કે ધ્રુસ્કે એણે રડવા માડયુ, થોડીવાર શાન્ત રહી મે દિલાસો આપી એને કહ્યુ, “ શાન્તા તુ રડીશમા જા તારે માટે તારા ભાઇ તથા હુ બનશે તેટલુ જરૂર કરીશુ તુ તારે ચૂપજ બેસી રહેજે; અને હવે આ બાબત બહુ ચિન્તા પણ ના કરતી ઝવેરકાકા પુછે તો એટલુ કહેજે કે, “ બાપુ ! આવી રીતે પરણાવી આપ સદાને માટે એક મોટી હૈયાહોળી ઉભી કરો છો. બે ચાર મૂર્ખાઓ તમારે યા મારે માટે એકાદ દિવસ વાત કરે તેથી શુ ? બીજું કઈ નહી તો એક પિતૃવત્સલ પુત્રીના પુત્રીવત્સલ પિતા હોઇ તમારે મ્હારે માટે આટલી તો હિંમત

બતાવવી જ પડશે. આથી વધુ હું આપને શું કહી શકુ ?" બ્હેન, બાપુને વધારે કઇ ન કહેતી, અને જે કહે તે શાન્તિ પૂર્વક જ કહેજે. કે જેથી એમને આટલી ઉમરે દુઃખ ન થાય "

વ્હાલા ! મેં તો મ્હારે કરવાનું કરી લીધુ, પરતુ હવે તમે આ બાબતમા શુ કરો છો તે જેવાનુ છે, અને કર્યા વિના કાંઈ ચાલવાનું પે છે ? અમો સ્ત્રીઓ તો આવી બાબતોમા વધારે લાબો પહોળા નજ થઇ શકીએ વળી ઝવેરકાકા જેવા જુના જમાનાના લોકો તો અમને સાભળે પણ શાના ?

ત્યાર પછી બીજી કેટલીક વાતચીત થયા પછી શાન્તા એ રજા લીધી, અને અમે છુટા પડયા હવે હું અહીજ વિરમીશ. તમારે પણ આ બાબત ગમે તેમ કરી વખત મેળવ્યે જ છુટકો. બીન કાળજી નહી રહી શકાય, ન રાખવી જોઇએ.

વારૂ, મ્હારા પ્રિયપતિ ! હવે વિશેષ નહી લખુ લલિતાબ્હેન વગેરેને મ્હારા સવિશેષ પ્રણામ કહેશો.

લી. આપની,

સુશીલા.

પત્ર (૧૬)

સુરત,

તા, ૨૪-૯-૧૯૧૭

પ્રિયપતિ,

આજ વળી કંઇ ગાડું ઘેલું લખવા ધારૂં છું તમે મ્હારી વાત માનશો કે નહી એ પણ એક સવાલ છે, પરંતુ હું તો કહીશ કે મ્હને કેટલાક દિવસથી એમજ થઇ રહ્યું છે કે હું પુરૂષ હોઉં તો શું કરૂં ? આ પ્રશ્ન જો કે વિચિત્ર છે, પરંતુ તમને તો સાધારણ સાધારણ વિચિત્ર વાતો કરવાની રહી એટલે લાચાર. તમારાથી છુપું શું હોઈ શકે ?

હું સ્ત્રી હોઉં તો શું કરૂં એમ તમે મને પુછો ખરા, અને એ સવાલ યોગ્ય પણ ખરો. હું છું પણ એક સ્ત્રી એટલે તમને જે કંઇ કહીશ એમા અનુમાન યા કલ્પના તરંગને તો સ્થાન નહીં જ હોય જે અનુભવી રહી છું તેજ કહેવાનું એટલે એમા સંશયનું પણ શું કામ ?

હું તો તમને સંકોચ વિના જરૂર કહીશ કે હું તમને

જ ચાહુ, અને તમારે પણ મ્હારા નયન રૂપી પ્રેમામૃત સાગરમા ઝપલાવે જ છુટકે શુ આ ખોટું છે ? તમને સુશીલા વગર આ દુનિયામા કોણ હસાવે એવું છે ? તમારી સુશીલા તમારી પાસે ન હોય તો આ સંસારમા બીજાઓમા પણ તમને શી વિશેષતા લાગે ? વ્હાલા, આ સુશીલાજ તમારૂ સર્વસ્વ છે તમારે બીજુ શુ જોઇએ ? હુ તમને જરૂર કહી શકુ કે I love you (હુ તમને જ ચાહુ છુ), વળી એ પણ જરૂર કહી શકુ કે Why I love you I do not know (હુ તમને શાથી ચાહુ છુ તે હુ જાણુતી નથી) બસ, હુ તમને ચાહી શકુ છુ એજ મ્હારૂ અહોભાગ્ય સમજુ છુ

વ્હાલા ! "તમે મ્હારા," એ શુ મ્હારે મન ઓછુ છે ? તમારા સિવાય દુનિયામા અધિક પ્રિય મ્હારે બીજુ શુ છે ! મ્હારે મન તો "હુ તમારી" એમાજ દુનિયા સમાઇ ગઇ હોય એમ ભાસે છે

મ્હારા રસિક હૃદય ! હુ મ્હારી નહી પણ તમારી, અને તમે તમારા ન થતા મ્હારા થાવ, એથી અધિક રમ્ય બીજુ કઇજ નથી.

દિલ્હિની મોગલાઇ યા પૂનાનિ પેશ્વાઈ પણ તમારા

નિઃસીમ પ્રેમ પાસે તુચ્છ ગણુ તો પણ અતિશયોક્તિ જેવુ કંઇ નજ સમજતા મ્હને તો મ્હારા રસિક હૃદયના એક અધર સ્પર્શ માત્રનીજ તૃષ્ણા છે તે નહોય તો દુનિયામા બધુએ લાજ્ય સમજવું

વળી તમને પણ સુશીલાના ખોળામા પડયા પડયા વીણાનો મધુર સ્વર સાભળવા મળે તો પછી દુનીયાની જહાગીરીની પણ લાલસા શીદને હોય ? એવી ફકીરી પણ અમીરી નહી ? અરે વ્હાલા ! વધુ તો શુ કહુ–મ્હારે મન તો એ ફકીરીમાજ દુનીયાનુ તેમજ મનુષ્ય જીવનનુ રહસ્ય સમાયેલુ છે

તદુપરાત આપ પુછશો કે સુશીલા તું મ્હારા પર આટલા બધા પ્રેમથી શાને જોતી હોઇશ ? વ્હાલા ! આનો જવાબ એટલો જ કે,

" I love you , and that there can not be any life w thout you " (હુ તમને ચાહુ છુ, અને તમારા સિવાય મ્હારા જીવનનો સભવજ નથી) તમે વિદ્વાન છો યા ગર્ભ શ્રીમત છો તેટલુ મ્હારે માટે પુરતુ નજ સમજશો. તમે સુદર હો યા એક અપૂર્વ કળા કારહો તો પણ હુ તમને ન ચાહુ. " તમે, તમેજ, " રહો

એટલે મ્હારે બસ. હુ તમને ચાહું છુ અને નહી કે તમા-રામા રહેલા બીજા ચળકાટને તમારી ટાપટીપથી યા તમારા કલાકૌશલ્યથી મ્હને શુ પ્રયોજન ? મ્હારે તો મ્હારો સુશીલા ઘેલો કૃષ્ણુ[1] મળ્યો એટલે અહોભાગ્ય સમજુ છુ.

વ્હાલા ! તમે કૃષ્ણુને હું રાધા, પછી જોઇએ તો તમે વિદ્વાન હો યા ન હો તમે સુદર હો યા ન હો, તેથી આપણો દામ્પત્ય સ્નેહ તો અચળજ રહેવાનો

હવે તો આ બધુ આટલેથીજ પતાવીશ હુ સ્ત્રી હોઉં અને છુ એટલે તમે જ મ્હારા વ્હાલસોયા પતિ થવાના આમા વિનોદ થાય તે પણ ઇચ્છવા જેવો છે, પરતુ આ બધુ કેવળ મે વિનોદાર્થે જ કહ્યુ છે એમ મ્હારા તરફથી તો ના સમજતા હૃદય ખોલી જે કાઇ કહ્યુ તેમા એવી સભાવના આપ સ્વપ્નેય પણ ન ધારતા.

હું સ્ત્રી હોઉ તો લગ્ન પહેલાની વિવ્હલ દશામાથી

નોંધ –કૃષ્ણુ૧ —સુશીલા વસતને કૃષ્ણુ કહીને બોલાવતી હતી આમા હિંદુસ્થાનમા પતિને નામથી ન સબોધવાની આર્યસભ્યતાને વળગી રહીને માર્ગ કાઢયો હોય એવુ કઈક જણાય છે

મુક્ત થઇ આપનેજ વરમાળ આરોપુ પછી આ તરીકે મ્હારો કાર્યક્રમ શું રહે તેનો આપને હવે પછીજ જણાવીશ.

વારૂ, મ્હારા પ્રિયપતિ ! આપને મ્હારા અભિનંદન હજો, કાન્તિભાઇને પણ પ્રણામ કહેશો.

લી. તમારી,

સુશીલા.

પત્ર (૧૭)

સુરત,

તા. ૩–૧૦–૧૯૧૭

પ્રાણ કરતાંયે અધિક પ્રિયપતિ,

સાંભળ્યુ છે કે વિમળા તથા મગનકાકા ગઇ કાલે બ્હાર ગામથી આવી ગયા છે. વિમળા મળી નથી, પણ ધારૂં છુ કે એકાદ દિવસમા આપણે ઘેર જરૂર આવશે

તમારા તરફથી પત્ર પણ છેલ્લા અઠવાડીયામા નથી મળ્યો. સહેજ પત્ર ન લખી શક્યા હો તે સમજાય તેવુ છે તો પણ મન કબુલ કેમ કરે ? વખતે મ્હારા છેલ્લા પત્રથી પણ તમને કંઈ ગુચવાડો થયો હોય તો તે પણ બનવા જોગ છે

મ્હારા કૃષ્ણ ! તમારી સુશીલા તો તમારીજ, એટલે જે કંઇ કરે યા વિચારે તે બધુ તમારા વિનોદાર્થેજ સમજવુ, તમારૂ દીલ કેમ ખુશ રહે, તમને આનંદ કેમ થાય, તથા તમારો પ્રેમ મ્હારામાજ એક ચિત્ત થઇ પ્રેમની પરાકાષ્ઠાએ કેમ પહોંચે, એજ મારૂં કાર્ય તથા એજ મારૂ મિશન સમજવુ

શાન્તા બાબત હજુ કંઇ ઠેકાણું નથી પડ્યુ શું થશે

એ કહી ન શકાય ઝવેરકાકા પણ દિવસે દિવસે મક્કમ થતા જાય છે. ન્યાતના બન્ધુઓ તથા શાન્તાના મોસાળ પક્ષના લોકો તેટલાજ મક્કમ છે

"થયેલી સગાઇ તે શુ તોડાતી હશે ? એમ શુ જરા દર્દ હોય એટલે છુટા છેડા કરવાના ? વળી શાન્તા પણ કોણ ? ભલેને મોટા શ્રીમંતની છોકરી હોય, પણ છેવટે તો એક સ્ત્રીજ" આવુ બધુજ તમને અહીયા સાભળવા મળશે મોસાળ પક્ષવાળા તો શાન્તા જો લગ્ન ન કરે તો ઝવેરકાકાના ઘરનું પાણી પણ ન પીવુ એવો નિશ્ચય કરી બેસી ગયા છે.

વ્હાલા ! આ બધુ મને તો નથી સમજાતુ. બાપડી શાન્તા તો આખો દિવસ રડવામા જ ગાળે છે બાપુનું દર્દ જોઇ એનુ દીલ ઘડી ઘડી ભરાઇ આવે છે. હુ એક-વાર એને મળવા ગઇ હતી. વળી એ પણ આજકાલમા આપણે ત્યા જરૂર આવશે

વારુ, મ્હારા પ્રિયપતિ, હવે વધુ નહી લખુ તમે પત્ર લખજો કાન્તિભાઇ તથા લલિતાબ્હેનને મ્હારા સવિ-શેષ પ્રણામ કહેશો.

લી. તમારી,

સુશીલા.

પત્ર (૧૮)

તા ૧૩-૧૦-૧૯૧૭

પ્રિયવલ્લભ !

આપનો પત્ર મળ્યો. આપે જે કંઇ લખ્યું છે તે બધુ પક્ષપાત રહિતને પ્રમાણીકપણે લખાયેલુ હોય તો કેવુ સારૂં ?

" સુશીલા ! આ બધુ તું ક્યાથી શીખી ! રોજ આવુ લખતી હોય તો કેવું સારૂ ? "

Really I am pleased with your philosophy of love. (ખરેખર તારા સ્નેહના યા પ્રેમના તત્વજ્ઞાન થી મ્હને તો સંતોષ થયો છે.) "

વ્હાલા ! આ બધું મ્હારૂ અહોભાગ્યજ ન સમજુ ? એક સાધારણ પત્ર માત્રથી જ જ્યારે તમને આટલો સંતોષ થયો તો ખરેખર હું તમને મ્હારાજ કરવાની, અને તમારે પણ આ સુશીલામા સમાઇ ગયે છુટકો ચાલો, વળી આજે એવુજ કંઇ તમને પિરસીશ

હુ સ્ત્રી હોઉં તો પહેલા તમને જ મ્હારા સ્નેહ તથા મ્હારી રસિકતાનો સ્વાદ ચખાડું ત્યાર પછી શુ કરૂ યા

મ્હારે માટે કેવો કાર્યક્રમ હોઇ શકે તે તમે સમજી શકો તેમ છો

તમને હાથ આપ્યો ત્યાર પછી તો ફક્ત તમારૂં દીલ રંજન કરવાનું તેમજ તમારા પ્રેમના પાત્ર થવાનું મ્હારૂં લક્ષ્ય રહેવાનું, અને રહેવું પણ જોઇએ

આજકાલની આપણી ગુજરાતી બાળાઓ તો કંઇ જુદીજ દિશામાં વિચરી રહી છે પતિને ઘેર રહે તો પણ સુખી નહિ, અને બહાર જાય તો તો થઇજ રહ્યું. સ્હવા-રથી સાંજ સુધીમાં એકાદ વાર તો સ્ત્રી પુરૂષના દીલ ઉંચા થાય, યા છેવટે "હા" ને "ના" માં બન્ને એકમેકથી છુટા રહેવાનું જરૂર પસંદ કરો છુટા એટલે એક બીજાથી દૂર રહેવુંજ વ્યાજબી ધારે. પતિના સંજોગો તથા સ્થિતિ ન વિચારતા ગમે તેવી માગણી પણ આપણી ગુજરાતી સ્ત્રીઓને કરતા આંચકો ન આવે આમાં કેટલુંક અજ્ઞાન-તાને લીધે પણ હોય છે, તો પણ વ્હાલા ! આવું તો કેમ સહી શકાય ! ગુજરાતી સ્ત્રીઓ કેળવણી લઇ જે પ્રમાણે અત્યારે ઘર ચલાવે છે, તેજ રીવાજ મુજબ સમા-જપૂર્વક સ્વાશ્રયી રહે તો કેવું સારૂં ! તદુપરાંત કુટુંબમાં આપણી સ્ત્રીઓ ક્લેશ કરવાની સાધારણ પ્રકૃતિ વાળી જણાય છે. આ બધાનું પરિણામ પુરૂષને ભોગવેજ છુટકો.

વળી પુરૂષો પણ કેટલીક વખત એવા હોય છે કે પુછ-વુજ નહી.

મ્હારા રસિક હૃદય ! તમને હવે શુ કહુ ! જો કઇ કહીશ તેમા આદર્શતા તો હશે જ, પણ વ્યવહારિક સ્વરૂપનો જરૂર વિસર્જન જવાનુ

મ્હને તો મ્હારા જીવનની ભાવના, તમને મ્હારા કરવામા જ પૂર્ણ થતી હોય એમ ભાસે છે ભાઇ ભાડુ તથા માતપિતાનો સ્નેહ જોયા, અનુભવ્યો, તથા હજુ આખુ જીવન એજ સ્નેહ સાગરમા ડુબકી મારવાનુ મ્હને જરૂર ગમે, પરન્તુ મરૂ તો પણ વ્હાલા ! તમારા સ્નેહરૂપી ટપકતી નિર્મળ ધારાઓમા વહેવાનુ હુ વધુ પસંદ કરૂ અને એ સ્વર્ગીય સુખને ખાતર અન્ય સર્વનો ત્યાગ કરવો પડે તો તેમા પણ જરાયે આચકો ન ખાઉ

ટુંકામા, હુ સ્ત્રી હોઉ તો તમે મ્હારા કૃષ્ણને હુ તમારી રાધા એમજ ગ્હેવાના, અને ત્યાર પછી એક સ્ત્રીના જીવનમા બીજુ શુ હોઇ શકે ! ત્યારબાદ તો આ સુશીલામા જ મુગ્ધ રહો એટલે બસ એથી અધિક શુ જોઇએ વારૂ ! મ્હારા પ્રાણધારક ! તમને મ્હારા હૈડાના હેત હજો.

લી, સુશીલાના,

સપ્રેમ પ્રણામ.

પત્ર (૧૯)

સુરત,

તા. ૩-૧૧ ૧૯૧૭

પ્રાણેશ !

કેટલીક ઉપાધિઓને લીધે લાંબો વખત થયા પત્ર નથી લખી શકી માટે માફ કરશો તમને વિસરી તો નજ ગઇ હોઉં, પરંતુ કાર્યમાં વ્યગ્ર હોઇ આજકાલ કરતાં આટલા દિવસ નીકળી ગયા. કાગળ લખ્યા પછી પણ ચાર દિવસ તો આળસમાં પડયો રહ્યો.

તમને થશે કે એવું તો શું કાર્ય મે માથે લીધું હશે ! તો તેના જવાબમાં એટલુંજ કે–બ્હેન શાન્તા માટે અમુક ગોઠવણ કરવી એ પહેલું કાર્ય, અને બીજું આપણી સમાજની સ્ત્રીઓ કેટલીક બાબતમાં તદ્દન પછાત હોઇ મ્હારો વિચાર એક સ્ત્રી–સંઘ[1] સ્થાપન કરવા થાય છે એ

નોંધઃ–૧ આ સાધનોથી સ્ત્રીઓની તેમજ સમાજની ઉન્નતિ થઈ શકે તેમ નથી. મારી સમજ પ્રમાણે હાલ આ સાધનો આર્યસમાજ વ્યવસ્થા તથા આર્યબાળાના સંગઠનને તોડનાર છે. આ ઉપાયો જુના થઈ ગયા છે તેથી કંઇ પ્રમાણમાં લાભ નથી થયો એમ કહું તો ચાલે, પરંતુ કેટલીક બાબતમાં નુકસાન

બીજુ કાર્ય જ્યાં સ્ત્રીઓને ફુરસદને વખતે વાચન, ગુંથન તથા સંગીત શીખવવામા આવે, અને અઠવાડીઆમા એ વખત વળી કોઇ ઉપયોગી બાબત પર પણ ઉપદેશ થઇ શકે

વળી સ્ત્રીઓનું મંડળ હોય ને તેમા વ્યવસ્થિત રીતે કામ કરવામા આવે તો સમાજ સુધારાનું કાર્ય પણ સારી રીતે થઇ શકે સ્ત્રી-સ્વાતંત્ર્ય તથા સ્ત્રી-હક એ સવાલોનો પણ નિર્ણય આવાં મંડળોમા ઠીક થઇ શકે આ વિચાર પર ભાર મૂકવાનું કારણ એ છે, કારણ કે સ્ત્રીસમાજમા ફક્ત બેચાર સિવાય સહાનુભૂતિ ન હોય કાર્યને પુરતો ટેકો ન મળે

આવાં [illegible] થાય ન થાય તે તો ઠીક, પણ વિચારો જે દિશામા વહી ગયા હોય તે દિશા પાછા ફરી વળે પકડા જ [illegible] એ વિના સમાજ કંઇ પણ આગળ પગથિયુ ચઢી નહી શકે

થયું છે યોગ્ય ઉપાયો જે તે [illegible] ચાલે તો તેથી આર્યમા ખાના આર્યત્વમા વિનાશ થાય, ને જગતના ઇતિહાસમા તે શોધી કાઢે જ્યારે તેવા સુવાક્યને ખરા ઉપાયો લેવાય ત્યારે ઉપરના ઉપાયો સહકારી કારણ તરીકે માત્ર શોભે અને તેટલા જ પુરતા જરૂરના, મુખ્યપણે નહી

વળી સ્ત્રી અને પુરૂષ વચ્ચે જે ભેદ–અંતર[1] જોવામાં આવે છે તેનો પણ સદંતર નાશ થવો જ જોઇએ જ્યાં સુધી સ્ત્રી પુરૂષો એકમેકથી ડરતાં રહેશે ત્યાં સુધી તો સમાજનો આરો નહીજ આવે આપણે ત્યાં સ્ત્રી પુરૂષો એકમેકથી ભાગતાં ફરે છે કોઇ અજાણી સ્ત્રી સાથે પુરૂષને યા કોઇ અણુઓળખાતા પુરૂષ સાથે સ્ત્રીને જો વાત કરવી હોય તો મહામુશ્કેલીએ એ કાર્ય સાધી શકાય

વ્હાલા ! જુઓ તો ખરા આપણામાં ભાઇબ્હેન પણ છુટથી વાતચીત નથી કરી શકતાં બેઘડી એકાંતમાં બેસી રમત પણ ન કરી શકે આ તે કેવી વિચિત્રતા[2] ? જ્યાં

નોંધ—૧ આભેદ આદર્શમાં છે તેને લીધે મનોવૃત્તિને બંધારણમાં પણ ભેદ પડે છે પુરૂષને બાહ્ય વાતાવરણની અસરથી તેનો આદર્શ અને ધ્યેય જુદું-જ ઘડાયાં છે હાલનું બાહ્ય વાતાવરણ દોઢસો વર્ષ થયાં ધીમે ધીમે હિંદના આત્મા કરતાં જુદુંજ ઘડાયું છે સ્ત્રીઓમાં તો પૂર્વાપરથી ચાલ્યા આવતા હિંદના વાતાવરણની અસર છે છેલ્લાં પચાસ વર્ષ થયાં ચાલુ વાતાવરણની અસર પણ ધીમે ધીમે થવા લાગી છે, એટલે એ ભેદ ભાગનો જાય છે તેને લીધે સ્ત્રીઓમાં કેટલાક તત્વોનો ઉમેરો થયો છે, પરંતુ કેટલાક સ્થાયિ તત્વોનો નાશ પણ થયો છે.

નોંધ—૨ આનું કારણ માનસિક નિર્બળતાને લીધે સ્ત્રીજાતિ તથા પુરૂષ જાતિની પ્રતિષ્ઠાની ખામી છે. યોગ્ય સંયમી તરીકેની પ્રજાની સ્ત્રીજાતિ તથા પુરૂષ જાતિની પ્રતિષ્ઠાની ખામી તેટલી

દશા આવી ચાલતી હોય ત્યા પોતાના પતિના મિત્ર સાથે તો શાનીજ છુટ લઇ શકાય ? જો કોઇ જોઇ જાય તો આખી સમાજમા ખોટી ખોટી વાતો ચાલવાનીજ આતે કેમ સહ્યુ જાય ? શુ આપણે એટલા બધા નગુણા છીએ કે આટલી પણ છુટ ન લઇ શકીએ ? ખરેખર આ ઘણુ શરમાવા જેવુ છે અરે ! આને એક પ્રકારની નીચ વૃત્તિ કહું તો પણ ચાલે

ટાન્તિમાત્ર સાથે ફરવા જવુ યા ઘડી બે ઘડી બેસવુ, યા એકાદ કલાક વાચવુ એને જો સમાજ પાપ યા દુર્બુદ્ધિ માને તો એવી સમાજને ભાગ તો નવ ગજના નમસ્કાર જ હોજો

પ્રજા પેહેલી સુધરી શકાય અને પ્રતિષ્ઠા પુન પ્રાપ્ત કરી ત્યારેજ જણાય કે જ્યાર એક પણ સ્ત્રીપુરૂષ અપવાદ તરીકે ન નીકળે બસ આવી સ્થિતિ એ હિંદની ખરી ઉન્નતિ, ત્યા સુધી અવનતિ જણાય

નોંધ—૧ બધા દાખલામા આમ નથી બનતુ સમાજનુ કઇ નવુ બધારણ નથી. પરન્તુ કેટલાકે પ્રતિષ્ઠા ગુમાવી હોય છે તેના છાટા બધે લાગે છે સમાજમા નિંદા એ ફોજદારી કાયદો છે જ્યારે કોર્ટમા જવાનુ નહોતુ ત્યારે આ રીતે જ ન્યાય ચુકવાતો હતો

વ્હાલા ! તમને શું એમ નથી લાગતું ! આપજ કહો ને કે સ્ત્રીઓને સાથે રાખ્યા વગર તમે પુરૂષો શું કરી શકવાના ! રાજ્યદ્વારી બાબતોમા પણ અમારા વિના તમારો રસ્તો નથીજ, બલ્કે અમારી વિના તમારા બધા શસ્ત્રો રામબાણ નહીજ બનવાના, એ સત્ય સિદ્ધાંત છે. વિશેષ કંઇજ નહી પત્ર તુરત લખશો. કાન્તિભાઇને પણ પત્ર લખવા કહેશો

લી તમારી,

સુશીલા.

પત્ર (૨૦)

સુરત,

તા. ૧૩-૧૧-૧૯૧૭

પ્રાણ કરતાં અધિક પ્રિયપતિ,

વળી આજે પણ કાંઇ ગાંડુઘેલું લખવા ધારૂં છું તમને આનંદ થાય અને મ્હારા દીલને પણ શાંતી મળે, એથી બીજું જોઇએ પણ શું '

"હું સ્ત્રી હોઉં તો શું કરૂં ' તે તમે અનુભવે તેમજ મ્હારા તરફથી જાણ્યું પરંતુ હું પુરૂષ હોઉં તો શું કરૂં એ જાણવું તે તમારે માટે મુશ્કેલ તો ખરૂંજ તમે પુરૂષ છો ને જેમ વર્તો છો તેમ હું વર્તું કે નહી એ પણ એક મુખ્ય સવાલ છે, એટલે એટલા પરથીજ પણ કંઇ અનુમાન નહી થઇ શકે

વ્હાલા ' જે કંઇ લખું, તે પરથી આપ એમ ના સમજતા કે, હું આપને એ પ્રમાણે વર્તવા સુચવી રહી છું હું લખીશ તે તો મ્હારે માટે સમજવું, અને હું પુરૂષ

તો નથી એટલે લખ્યું ફક્ત કહી શકાય, કંઈ ખાસ અર્થ સાધક ન ગણાય, તો પણ એટલું તો ખરૂં જ કે તેમાંથી થોડું ઘણું જાણવાનું તો જરૂર મળશેજ વળી હું સ્ત્રી છું એટલે જે કંઈ લખીશ તેમાં યુક્તત્વ યા પ્રમાણ સિદ્ધત્વ આપને ખાસ જણાશે

ચાલો, હવે તો થોડું ઘણું જે કંઈ જણાવવું છે તે જણાવીશ.

હું પુરૂષ હોઉં તો શું કરૂં એ પ્રશ્ન મ્હને કેટલીક વખત થયા થયા કરે છે, અને આખો વખત વિચારો પણ એવાજ આવ્યા કરે છે

મૂળ બાબત જોકે છેતો વિચિત્ર પરંતુ તમારૂં લક્ષ્ય એની વિચિત્રતા યા નવીનતા તરફ ન ગયતાં એ બાબત એક સાધારણ સવાલ તરીકે ગણજો કારણ કે એમ કરશો તોજ તમે મ્હને સમજી શકશો

વ્હાલા ! શરૂઆત યુવાવસ્થાથીજ કરીશું પુરૂષની યુવાવસ્થા એટલે પુછવું જ શું ! સ્ત્રીની યુવાવસ્થા, મોહકતા, રસ તથા શૃંગારથી ફુલી ફાલી ખરેખર પુરૂષને ઘાતક થઈ પડે છે એમ કહું તો પણ ચાલે લાલિત્ય તથા રમ્યતા એ સ્ત્રી વિના પુરૂષને નજ મળે. તેમજ પુરૂષની જુવાની

સ્રીને ખાતર હોય એમ ભાસે છે. તો પણ કુદરતનો ક્રમતો તેથી વિરુદ્ધ છે. સ્રીજ પુરૂષ ખાતર ઘડાઈ હોય એમ દુનીયા કહે છે, અને આપણો સમાજ પણ તેમ જ કહે છે પરંતુ શું તમને એમ નથી લાગતું ?

મ્હારા પ્રિયપતિ ! આવી એક અવસ્થા જ્યારે હું ભોગવી રહી હોઉં ત્યારે મ્હારૂં પરિબલ તથા મ્હારી માન-સિક વૃત્તિઓ શું રૂપ લે એ એક સવાલ તો છે પુરૂષા વસ્થા અને યુવાની એટલે વાતજ ક્યાં રહી ! સ્રી બાપડી ભલી ભોળી હોય એની ‘ Love Life ’ (મદનાવસ્થા) ઘણી ખરી તો ગ્સમય હોય છે, તો પણ કેટલીક વખતે અતી આર્જવતાને અંગે રંગીલા બદમાસોને હાથ ભરમાઇ પડકાઇ પણ પડે છે

આવે ભારે વખતે હું શું કરૂં એ અન્યલોકોને બહુ ઉપયોગી ભલે ન હોયૂ તો પણ તમારે માટે તો ઘણું જ ઉપયોગી થઇ પડશે

પુરૂષનું જીવન તથા પુરૂષની આ અવસ્થાજ એવી રહી કે એક સુશીલા તો મ્હારે જોઇએજ મ્હારા વિચારો તથા મ્હારી મહત્વાકાંક્ષાઓની શરૂઆતમાં તેવી એક

સુશીલા મળે એટલે બસ જીવન જ જ્યા સ્રી વિના ન સભવે ત્યા સુશીલા શોધ્યે જ છુટકો.

વ્હાલા ' તમને તો તમારી સુશીલા કુદરતેજ મેળવી આપી એટલે તો ઠીક પરતુ મ્હારૂ શુ થાય ? અને આવુ સ્રીરત્ન મળે કે કેમ એ પણ એક સશય ખરો કે નહી '

સુશીલાને સ્રીરત્ન કહેવુ એમા સ્વપ્રશસા જેવુ કઇ ન સમજાય એમ ઇચ્છુ હુ તમારે દીલ એક સ્રી રત્નથી પણ અધિક છુ એ તો નિર્વિવાદ ગણુ મને પણ આવી સુશીલા કેમ મળે એજ મ્હારૂ પ્રથમ લક્ષ્ય ગ્હેવાનુ

હવે માની લો કે એક સુશીલા યા કમળા તો શોધતા શોધતા હાથ આવી ગઇ, પછી શુ '

ત્યાર પછીનો કાર્યક્રમ તથા તેના સમયનુ મુખ્ય ધ્યેય ઘણુ ખરૂ તો સહૃદયીને સતોષવા યા પ્રીતિ બાધવા પુરતુ જ રહેવાનુ. પ્રીતિ બાધવી એટલે નહી કે હાવભાવ યા ટાપટીપથી સ્નેહનુ વર્ધિત થવુ, પરતુ એકમેકને પુરતી રીતે જાણી પ્રકૃતિ પણ સમજી લઇ સહૃદયતા પૂર્વક વિચરવુ, તેનુ નામ તે પ્રીતિ બાધવી એમ કહી શકાય. આ પ્રથમ પ્રયોગ સમજવો. એકમેકનો અભ્યાસ કર્યા વિના

સંસારના વિકટ પથે વિચરવુ યા વિચરવા પ્રયત્ન[1] કરવો તે સમજુ જનને માટે તો ઠીક નજ કહી શકાય સંસારના લ્હાવા કહો યા સમારી લીલા કહો પરંતુ એ બધુ આવા પ્રકારની સમજ પછી સંભવે

વ્હાલા મ્હારી એ લીલાઓ કેવા પ્રકારની તથા એની શુ શુ મર્યાદા હોઇ શકે તે હુ આપને નહી કહું, કારણ તેમ કરતા જતા તમને જુદો જ ખ્યાલ આવે તો તેમા નવાઇ જેવુ કઇજ નહી વખતે તમને એમ પણ થઇ જાય કે મ્હારી[2] ગુણશીલા મને આમ વર્તવા તો નહી પ્રેરતી હોય ! અને આવો ખ્યાલ તમારા મનમા મ્હારે માટે આવે તો તે પ્રાણનાથ જ સમજજો તમે અમુક રીતે વર્તો યા અમુક રીતે વિચારો, તેથી મ્હારૂ દીલ પસંદ કરે યા તેવડે જ હુ તમારી થઇ ગઇ એ બધુ ખરેખર શરમાવા જેવુ છે.

Love has no conditions, I love you beacause I can not help loving you. (સ્નેહને શરતો નજ હોય. હુ તમને ચાહુ તે એટલાજ પુરતું કે તમને ચાહ્યા વગર મ્હારાથી નજ રહી શકાય)

નોંધઃ-૧ વિચરવા પ્રયત્ન નથી કરવો પડતો સંસારજ એવો છે કે આપણને પોતાના માર્ગમા વિચરાવે છે અનિચ્છા એ પણ વિચરાવે છે એની ખુબીજ એવી છે

મ્હારા રસિક હૃદય ! એ બધુ આપને વિચિત્ર લાગશે, પરતુ મ્હને કહેવા દેજો કે આ સસારમા જેને આપણે નિઃસ્વાર્થ પ્રેમ કહીએ છીએ તે આ જ છે, અને આ પ્રેમની પરાકાષ્ઠાએ જે પહોચશે તે દુનિઆમા રહેતા છતા તેથી પરજ રહેવાના

કેવી ડાહી ડાહી વાતો ! હુ પુરૂષ હોઉં તો આટલી હદે પહોચ્યુ એ તમારે નજ માનવું; અને જો આપ એવી આશાઓ મ્હારે માટે રાખો તો ખરેખર મ્હારૂ તો અહોભાગ્યજ સમજવુ ચાલો, એ બધા ગાડાઘેલા જવાદો

વ્હાલા ! આપણેજ એવુ કઇ જરૂર અનુભવીશુ અત્યારે જો કે અનુભવી ગયા છીએ, પરતુ એ બધા અનુભવ શુષ્ક તેમજ નવીનતા રહીત છે વખત આવ્યે જ પુરતી કસોટી થઇ શકે અસ્તુ !

વિશેષ કંઇજ નહી પત્રાભિલાષા તૃપ્ત કરતા રહેશો

લી. તમારી,

સુશીલા.

પત્ર (૨૧)

સુરત,

તા ૨૨-૧૧-૧૯૧૭

પ્રિયપ્રાણેશ્વર,

આપને જાણીને આનદ થશે કે હુ, મ્હારી બ્હેન શાન્તા તથા મ્હારા બનેવી ચુનિભાઇ સાથે આઠેક દિવસ માટે માથેરાન જવા ધારૂ છુ નવેમ્બર માસની ઠડી હવામા મઝા તો જરૂર આવશે, પરતુ સાથે સાથે તમારો વિયોગ તો અત્યત સાલવાનો જ તમે આવો તો કેવુ સારૂ ? ચાર છ દિવસ ધારો તો આવી શકો છો, અને મ્હારૂ તો ચોક્કસ માનવુ છે કે છેવટે બે દિવસ તો સુશીલા ખાતર પણ તમે ત્યા આવશો જ

અહીંથી ૨૯ મીએ નીકળવાના, અને તમારી સાથે એકાદ દિવસ રહી ૧ લી સુધીમા માથેરાનની રમ્ય ટેકરી ઉપર ચઢી જવાના.

માથેરાન આ જીવનમા પહેલી જ વાર જાઉ છુ એટલે

અત્યારથી હું તમને કંઇ ન લખી શકું, પરંતુ આપ તો એકવાર ગએલા એટલે ત્યાંની મઝાહો તો તમે સમજી શકો

કાન્તિભાઇ પણ સાથે આવે તો ઘણું સારૂં એમને મ્હારા તરફથી આપ જરૂર કહેશો, અને હું નથી ધારતી કે કાન્તિભાઇ ત્યાં આવવા આનાકાની કરે પછી તો જેવી તમારી ને એમની ઇચ્છા. વળી તમારા સંજોગોથી પણ હાલ તો અજાણ હોવાથી વધુ કંઈ ન કહી શકું

ચાલુ, પત્ર તુરત લખશો વિશેષ રૂબરૂમાં.

લી આપની,

સુશીલા.

પત્ર (૨૨)

માથેરાન,

તા ૮-૧૨-૧૯૧૭

પ્રિયપતિ,

મ્હારી ખાતર પણ તમે તથા કાન્તિભાઈ માથેરાન ચારેક દિવસ રહી ગયા ખરેખર એથી મ્હને ઘણો જ આનંદ થયો કે મ્હારી લાગણી ન દુખાય, યા મ્હારી સાથે બે ચાર દિવસ એક સુંદર જગ્યાએ ગાળી શકાય, તેટલા જ હેતુસર તમે તથા કાન્તિભાઈ, તમારો અભ્યાસ તથા અન્ય કાર્યો છોડી મ્હારૂં કહ્યું માન્ય કર્યું એ શું ઓછું છે?

વ્હાલા! જો તમને પસંદ ન હોય તો ભલે, પરંતુ કહ્યા વગર નથી રહેવાતું કે તમે મ્હારા પ્રત્યે ખરેખર મોટું દીલ બતાવ્યું છે ચાલો, હવે વિશેષ કંઈ નહી કહું

તમારા ગયા પછી દિવસો ભારે ભારે થઈ પડ્યા છે હવે તો એમ જ થયા કરે છે કે તમે ન આવ્યા હોત તો ઠીક થાત, કારણ કે જે કંઈ એકવાર અનુભવ્યું યા ભોગવ્યું તેનો વિયોગ થયે ખરેખર મનુષ્યને ઘણું અકારૂં લાગે છે.

મ્હારા પ્રિયપતિ ! આ તો વિયોગ તમારો રહ્યો એટલે પુછવુ જ શુ ? મ્હારૂ તમો વિહોણીનુ જીવન શુષ્ક જ સમજવુ, હશે, હવે તો મન મનાવ્યે છુટકો જીવનમા બધાયે દિવસો સરખા ન જ જાય વળી જેવી મ્હારી સ્થિતિ તેવી તમારી પણ હોવી જોઇએ માથેરાનમા પૂર્ણિમાને દિવસે સાભળેલો વીણાનો મધુર સ્વર તમે જરૂર નહીં જ વિસર્યા હો, અને વિસરી પણ ન શકો મુબઇનુ એકતરફી તેમ અરસિક જીવન હું ક્યા નથી જાણુતી ? વળી આજકાલના વિદ્યાર્થીઓનુ તો પુછવુ જ શુ ? વિજળીના દિવા નીચે બાર બાર વાગ્યા સુધી ઉઘે માથે વાચ્યા કરવુ એ શુ ઓછુ આઘાતક છે ? ક્યા અહીંની શાન્ત રમ્ય ટેકરી અને ત્યાના ભભુકતા ઘોઘાટવાળા રસ્તા ! ક્યા મ્હારો રસમય સમાગમ, ને ક્યા એકલા અટુલાપણુ ? આ બધુ તમનેય સાલે તો ખરૂ જ પરતુ એક પુરૂષ તરીકે તમારૂ મન દૃઢ એટલે તમે બધુ ચૂપચાપ સહન કરવાના, જ્યારે અમે સ્ત્રીઓ તેમ ન કરી શકીએ અમારૂ દુ ખ લાબો સમય ગુપ્ત ન રહી શકે, અને રાખ્યુ રહે પણ નહીં

વારૂ, વિશેષ કઇ જ નહીં. બ્હેન કાન્તા વિગેરેના પણ ઘટિત વાચશો. પત્ર તુરત લખશો. હજુ અહીંયા દશેક દિવસ થશે

લી. સ્નેહાધીન,
સુશીલા.

પત્ર (૨૩)

માથેરાન,

તા ૧૮-૧૨-૧૯૧૭

પ્રિય હૃદયેશ્વર,

આપનો પત્ર મળ્યો. માથેરાન વિષે કંઇ પણ લખવાનો આપનો આટલો આગ્રહ ગયો એટલે લાચાર. પરંતુ તમે જ વિચાર કરોને કે હું આપને તે શું લખી શકું ? જેણે માથેરાન એકવાર પણ ન જોયું હોય તેવાને તો લખું પણ ખરી કે, "ભાઇ ! ત્યાં તો નાની નાની ગાડીમાં જવાનું અને જો માણસાઇ જેવી ચીજ ન સમજતા હોઇએ તો ઠેલનગાડી જેવી રીક્ષામાં પણ બેસવા મળે."

વ્હાલા ! તમને શું લખવું તે તો મ્હને કંઇ સુઝતું જ નથી નથી જાણતી માથેરાનની ભૂગોળ યા ત્યાંની સઘળી રમ્ય ટેકરીઓ જે કાંઇ જાણું છું તે લખવા પુરતું તો નથી જ એટલે હવે તો કાંઇ ગાંડાઘેલા કાઢયે જ છુટકો.

મુંબઇની સુધરેલી સમાજને માથેરાન એક સુંદર સ્થળ ભાસે તેમાં નવાઇ જેવું કંઇ જ નહીં. એક તો નજીક

રહ્યું, અને વળી ટેકરી પણ અત્યન્ત રમણીય છે. મુખ્યથી નિવૃત્ત થઇ આઠ-પંદર દિવસ ત્યાં રહે તો ખરેખર તબ્યતમાં સુધારો લાગવો જોઇએ. એક તો નિવૃત્તિ અને એકંદર હરવા-ફરવાનું પણ વધુ રહ્યું એટલે શારીરિક કસરત પણ ઠીક મળે.

વ્હાલા ! આ બધું કાગળ ભરવા પુરતુ જ સમજજો. મૂળ બાબત તો હવે આવશે મ્હારૂં સ્વપ્ન આપને જણા-વવુ તે મ્હારો ધર્મ, અને જાણી તે પર પુખ્ત વિચાર કરી મ્હને મ્હારી ગાંડાઇનો કોઈ ખ્યાલ આપવો એ તમારો પણ ધર્મ

મ્હને તો એમ જ થયા કરે છે કે આપણે પણ ભારતવર્ષના મહાન્ ઋષિ-મુનીઓની માફક સમયાનુસાર કહેણી કરણીમાં કેટલોક ફેરફાર કરી માથેરાન જેવી રમ્ય ટેકરીની કોઇએક સુંદર ગુફામાં જીવન વ્યતીત કરીએ તો કેવુ સારૂ ? ત્યાંનું શાન્ત સાદુ વાતાવરણ ખરેખર આપણને કુદરતની ભવ્યતાનું તો પુરતું ભાન કરાવે જ. વળી આપણે પણ પરસ્પરને પૂર્ણપણે ખરા સ્વરૂપમાં ઓળખી શકીએ.

સવાર સાંજ પ્રભુના ભજન ગાતા ગાતા જંગલોમાં રખડવાનું. દિવસે મ્હારા હાથની લુખી સુકી ભાખરી ખાવાનું, તથા રાત્રીના ઘોર અંધકારમાં મ્હારા ખોળામાં

આખુ ગુણી, ઘડીક મ્હારા મધુર કંઠનુ નિરાલમ્બન ગાન સાંભળવાનુ, યા ઘડીકમા અધરેઅધર અને હૃદયેહૃદયની ભેટ તમને જરૂર ગમે જ તદુપરાંત મ્હને પણ તમારા શિક્ષણનો લાભ મળે તે જુદો. તમને કલાપિના રસમય ગીતો ગાતા સાંભળવાનું મન કોને ન થાય? મ્હારા પ્રિય પતિ! એ બધા મનોરથો પુરી રીતે તો આવા કુદરતી સ્થળોમા જ સિદ્ધ કરી શકાય

આ સ્વપ્ન સ્વપ્ન જ રહેવાનુ, પરંતુ તમે તીન હો યા થઇ શકો તો ભાગ્યબળે તથ્ય સ્વરૂપમા પણ જોવા મળે ખરૂં

વારૂ, મ્હારા રસિક હૃદય! વિશેષ કંટાળો નહી આપુ આપ આવા રચનાઓ તો અનેક બનાવી શકો છો એટલે તમે તો સહેજમા પુરો ખ્યાલ જરૂર લઇ શકશો

હવે પત્ર નહીં લખુ જે કંઇ હશે તે રૂબરૂમા જ કહેવાશે પ્રિય! છતા એટલુ તો કહી લઇ શકુ. તમે પણ નતાલમા સુરત આવવા જેવો વિચાર રાખ્યો હશે એક પખવાડીયુ આપ સુરત જરૂર રહી શકો છો આવી યોજના રાખી આપ સુરત આવો તો કેવુ સારૂ? જરૂર આવજો, મ્હારા રસિલા! આપ જરૂર પધારશો.

લી. તમારી,
સુશીલા.

પત્ર (૨૪)

સુરત,

તા ૧૦-૧-૧૯૧૮.

પ્રિયપતિ,

આજ તો હુ આપને કંઈ હાસ્ય થાય એવુ લખવા ધારૂ છુ ગઇ કાલે વિમળાને ત્યા મગનકાકાને મળવા ગઇ હતી એ મુલાકાતનો હેતુ જુદો જ હતો, છતા જાણવાનુ તો જુદુ જ મળ્યુ ગઇ હતી તો ફક્ત વિમળાને આપણે ત્યા બોલાવવા માટે, પરતુ એ વાત મગનકાકા આગળ રજુ કરૂ તે પહેલા તો કંઇ જુદો જ રગડો જામ્યો.

હુ એમને ત્યા પહોચી ત્યારે કાકાસાહેબ મેડી ઉપર બેઠા બેઠા શાક સમારી રહ્યા હતા. મે પુછ્યુ. "કેમ કાકા! તબ્યત મજામા છે ને?" વ્હાલા! તમે નહીં માનો પરતુ ભલા કાકાએ તો મ્હને જવાબ ન આપતા એકદમ બુમ મારી, "સાભળે છે કે?" હુ તો આ સાભળી નવાઇ પામી. કાકા કોને બોલાવતા હશે તે મ્હારાથી તો ન જ સમજાયુ. એટલામા તો વિમળા ઉપર

આવી પહોચી, અને હું વિચાર કરતી હતી ત્યા તો કાકા ફરીથી ભભુકી ઉઠયા, "તને કોણ બોલાવે છે? તું તારે જા અહીં તારૂ કામ નથી" આટલુ બોલી થોડીકવાર ચૂપચૂપ બેસી રહ્યા, પરતુ કોઇ નજરે ન પડ્યુ એટલે ફરીથી બૂમ પાડી, "અલી છે કે? જરા આમ આવતો"

વ્હાલા! ત્યા તો નીચેથી ગગા કાકીનો અવાજ સભળાયો "આવુ છુ, જરા બેસો હમણા કામમા છુ" આટલો વખત રાહ જોવાથી થાકી ગએલા કાકા એકદમ ઉભા થઇ ગયા, અને દાદર તરફ દોડી બોલી ઉઠયા "હજુ તારે કામ છે? હુ ક્યારનો બોલાવુ છુ તો પણ આવતી જ નથી આ લલ્લુ ડોસાની સુશીના પણ કેટલોક વખત થયા બેસી રહી છે જરા આવીજા પછી બીજુ કામ કર્યા કરજે"

આ બધુ નાટક નહીં તો બીજુ શુ? ઘરમા પત્નીને કારણુસર બોલાવવી પડે ત્યારે, "આવે છે કે?" "સાભળ્યુ કે?", "અલી શુ કહે છે!", એવા તોછડા શબ્દો વાપરવા તેના કરતા નામથી જ બોલાવવી તેમા ખોટુ શુ? બાપડા જુના જમાનાના ગગા કાકી આવુ શાને સમજે? એમને તો આવી વાત પણ ન કરી શકાય.

થોડી વારે ગગા કાકી ઉપર આવ્યા, અને મારી સાથે વિમળાને મોકલવા કાકાએ હા પાડી એટલે બધુ પતી ગયુ. હું તો વિમળા સાથે તરત જ ચાહપાણી પીને આપણે ઘેર આવી પહોચી.

વ્હાલા ! કેવુ હાસ્યાસ્પદ ! હાસ્યને ખાતર જ જે કઇ થાય એમા પુરતો આનદ ન મળે, પરતુ હાસ્ય સ્ફુરે એવું જે સ્વાભાવિક હોય તે જ ડાહ્યા માણસોને આનદપ્રદ હોઇ શકે

બીજુ તમને જાણીને આનદ થશે કે વિમળાએ અગ્રેજી ભાષાનો અભ્યાસ શરૂ કરી દીધો છે. ગુજરાતી તો વિમળા સારી રીતે જાણે છે એટલો તો સતોષ, પરતુ કાન્તિભાઇ જ્યારે તનતોડી અભ્યાસ કરતા હોય ત્યારે વિમળાને નિરાત કેમ વળે ! અસ્તુ !

વિશેષ કઇ જ નહીં પત્ર તુરત લખશો.

લી તમારી,

સુશીલા.

પત્ર (૨૫)

સુરત,

તા ૧૭-૧-૧૯૧૮

પ્રિયપતિ,

આપ આ વખતની રજાઓમા ડારિમગ તરફ જવા ધારો છો એ ખરેખર ઘણું પ્રશંસવા યોગ્ય છે. અભ્યાસથી કંટાળ્યા પછી તમને ત્યાના શાંત વાતાવરણમા જરૂર ઠીક પડશે વળી હુ સાથે રહી એટલે પુછવુ જ શુ ? કાન્તિ-ભાઇ એટલે સુધી દૂર નહી આવે, પરંતુ જો આવે તો ખરેખર બહુ જ આનંદ આવે

વ્હાલા, કાન્તા તથા ચુનિભાઇ આપણી સાથે આવે તો તેમા તમને શુ વાંધો ? સુધરેલા જમાનાનો પુરતો પવન જેણે અનુભવ્યો છે એવા ચુનિભાઇ તથા કાન્તિભાઇ આપણી સાથે હોય તેમા આપણને કંઇ અડચણ ન નડે એમના આવવાથી તો ઉલ્ટો દિવસ પણ સ્હેલાઇથી પસાર થઇ જાય ચાલો હજુ સમય ઘણો છે, એટલે એ બાબત ફરીથી વિચાર કરીશુ

તમે શાન્તા વિષે કંઇ સાભળ્યું નહીં હોય. સામેવાળા શાન્તાને ગજી ખુશીથી છોડે તેવુ લાગતું નથી ઝવેર કાકાએ ગઇ કાલે ન્યાત બોલાવી હતી, પરતુ આપણા લોકોનું કામ એટલે પુછવુ જ શુ ? રાતના આઠનો ટાઇમ નક્કી કર્યો હતો, પરતુ બાર વાગ્યા સુધીયે કોઇ શેઠીઆં આવ્યા જ નહીં, અને છેવટે કંટાળી બધાએ જાજમ ઉપાડી લીધી

આનો શો અર્થ તે મ્હને તો નથી સમજાતુ ન્યાતના શેઠીઆ આટલી બધી દાદાગીરી શાને કરતા હશે તે પણ હું નથી કળી શકતી શેઠીઆ એટલે ન્યાતની બેઠક વખતે ભલે તકીએ બેસે, પરતુ આવી રીતે લોકોને ભેગા કરી, ચાર ચાર કલાક બેસાડી રાખી પોતે ઘેર નીરાતે સાઇ રહે એ બધી પેશવાઈ નહીં તો બીજું શુ ? એમને તો વખતસર આવીને બેસવુ જ જોઇએ જોઇએ હવે આવતી કાલે શુ થાય છે મ્હને તો એમ જ થઇ ગયુ છે છે કે જો એમ એ શેઠીઆઓ ન માને તો એ લોકોની શેઠાઇ પણ વંઢુ મતે ઝુટાવી લેવી યા એમને રાજીનામુ આપવા ફરજ પાડવી. ક્યા ન આવવાનુ ખરૂ કારણ હોય તે જાહેર કરે ?

વ્હાલા ! આપ એમ ન માનતા કે હુ આ બધુ આવેશમા આવી લખી નાખુ છુ તમે પણ વસ્તુસ્થિતિથી

કેમ અજાણ્યા છો ? જે કંઈ અહીં ચાલી ગયું છે તે ખરેખર આવી ઉંચી નાતજાતોને માટે યુક્ત ન જ કહી શકાય.

વળી સામા પક્ષવાળા પણ આટલી જીદ શાને કરતા હશે ! જ્યાં વરરાજાની તબીયત જ સારી ન હોય ત્યાં લગ્ન કરેથી પણ શું ? એ લોકો શા હેતુથી એટલી લેપકડ કરતા હશે તે મ્હારાથી તો નથી સમજાતું ઈશ્વર કરે ને ભલે ગમે સો વરસનો થાય, પરંતુ હદ તો એવું છે કે એક ઘડીનો પણ ભરોસો ન રાખી શકાય શાન્તા વિધવા સ્થિતિમાં જીવન ગાળે એવું તો એ લોકો પણ ન જ ઇચ્છે.

ચાલો, હવે તો કાંઈ ન્યાતવાળાઓ શું કરે છે એ જોઈશું. જોર કાકાનું પણ ન્યાતમાં જોર ઓછું નથી એક તો શ્રીમંત અને જથ્થાના રંગ ગયા એટલે એમનો તો ઓડો પાર. સામેવાળા પણ એ જ' તો નહીં ત્યારે સાંભળવા પ્રમાણે તો બે ચાર હિંમતીના નાગરીઓએ એ લોકોએ આગેવાનો તૈયાર કર્યા છે ને તો જોર કરીને કીધું છે કે ગમે તે ભોગે પણ હવે તો શાન્તાને ન જ પરણાવવી ન્યાતની વિગત હવે પછી જણાવીશ

લલિતા બ્હેનને મારા પ્રણામ

લી સદા તમારી,

સુશીલા.

પત્ર (૨૬)

સુરત,

તા ૨૭-૧-૧૯૧૮.

પ્રિય પ્રાણપતિ,

હવે તો અભ્યાસ કાળ રહ્યો એટલે આ પત્ર છેલ્લો જ સમજજો. વળી તમે તો એમ. એ. નો અભ્યાસ પુરો થયા પહેલા જ એલ એલ બી. ની પણ શરૂઆત કરી દીધી એટલે તમને વિશેષ તકલીફ આપવી એ અમારે માટે તો વ્યાજબી ન જ કહેવાય એમ એ નુ પુછડુ તો તમને આ વખતે જરૂર મળવાનુ એ પણ હું આપને સાથે સાથે કહી દઉ છુ

આ પત્ર છેલ્લો છે, તેમ અતિ ઉપયોગી છે. ન્યાત-જાતના બધારણો તથા ન્યાતની શેઠાઇ કેવી હોઇ શકે એનો તમને આમાથી ખ્યાલ જરૂર મળશે, અને એટલા જ પુરતી એની વિશેષતા

ગઇ કાલે રાત્રે મહોલ્લાના ચોગાનમા ન્યાતના શેઠી-આઓ એક પછી એક એમ નવ વાગતા સુધીમા ભરાઇ

ગયા એમની મંદ મંદ ગતિ જોઇ ખરેખર હું તો હસવું ખાળીજ ન શકી ગજગતિનું અનુકરણ વખતે કરતા હોય તો ઇશ્વર જાણે, પરંતુ જે પ્રત્યક્ષ જોયું તે તો હાસ્યાસ્પદ જરૂર હતું એમનું ઢીંચણ સુધીનું ધોતીયું તથા પગની પાની સુધીનો એમનો ખેસ ખરેખર અવર્ણનીય કહું તો પણ ચાલશે વળી એમની મુછોના મગરનું પુછવુંજ શું ? તદુપરાંત, ધોળા કબુતર જેવા એમના અંગરખા પણ સમયની ગંભીરતા સમજતા હોય તેવી રીતે શાન્ત ચિત્તે ફડફડ્યા વિના શરીરનું ઠીક રક્ષણ કરતા હતા.

આ બધા ન્યાતના શેઠીઆ જ્યાં હારબંધ ગોઠવાઇ ગયા, કે તુરત કામની શરૂઆત થઇ ગઇ

વ્હાલા ! હવે પછીની કેટલીક વ્યક્તિઓના નામ આપને નહી આપું, કારણ કે એથી વખતે મન દુભાય, યા કોઇ તરફ અભાવ થઇ જાય

પહેલા તો પચાસેક વર્ષના ધોળી મુછોવાળા એક વયોવૃદ્ધ ગૃહસ્થ જાજમ પર લાંબા પગા પગા બોલી ઉઠ્યા, “ બસ, જમાનો બદલાઇ ગયો જુઓ તો ખરા ભોળાભાઇ ! આ આજ કાલની કેળવણી, સમજે થોડું ને બડબડાટ ઘણો. બસ, આપણી ન્યાતમાં આવો સુધારો મ્હને ન જોઇએ ”

વ્હાલા! હજુ આ બાઇની તો વાત ચાલતી હતી ત્યા તો પાઘડી તથા શાળઓઢીને આવેલા એક સદ્‌ગૃહસ્થ ભભુકી ઉઠયા, "બસ, બાઇઓ! મ્હારૂં કીધુ માનો તો આ કેળવણી આપણે આપણી ન્યાતમા બધ કરી દેવી જોઇએ નહી જોઇએ અમારે એવો સુધારો તે કુધારો. જરા છોકરાની તબિયત સારી ન રહે એટલે શુ સગપણ સબધ તુટતા હશે? જુઓ તો ખરા આજકાલના કેળવા-એલાઓના નખરા? જોઉંછુ બેટમજી ક્યા અહીંથી છટકે છે!"

મ્હારા રસિક હૃદય! હુ આપને શુ કહુ? એક બાજું ન્યાતની આ દશા જોઇ રડવુ આવે, અને બીજી બાજુ આ નાટકજ એવુ ગયુ કે કેમે કર્યું હસવુ બધ ન રહે

આ બે ગૃહસ્થો તો માંહે માંહે ઝગડા પાડતા હતા, ત્યા તો ઝવેરકાકા તરફથી એક બાઇ બોલી ઉઠયા, "બસ, તમે તમારૂ પાડીય બધ કરો અમે તો મરજી મુજબ કરવાનાજ આવી જાઓ મેદાને કયો એમને ન્યાત બહાર મુકનાર છે?" ત્યા આટલી વાત થઇ ત્યાતો બધા એકદમ ઉભા થઇ ગયા, અને જાણે "રશ્યો ટર્કિશ વોર" ફરીથી-જ દેખાવ દેવાની હોય એમ મ્હને તો થઇ આવ્યું વળી એકાદ ભડાકે બધા ઠેકાણે પડ્યા તમારી જાણ માટે કહીશ

કે એ વખતે બાર વાગ્યા હતા, એટલે બહુ ઉતાવળ જેવુ તો નહતુ'

વળી થોડીક વારે એક કેળવાએલા ભાઈ આ બધુ ફારસ જોઇ જરા લોકોને સમજ પાડવા ઉભા થઇ બે હાથ જોડી જ્યા બોલવા જતા હતા ત્યાતો એક જણે છુપાતે છુપાતે બૂમ પાડી, "જુઓ ડાહીમાના દીકરા, એતો વળી ઉભા થઇને કાયદેસરજ બોલવાના" આની દરકાર ન કરતા પેલા ભાઇએ ચલાવ્યુ, "જ્ઞાતિબંધુઓ' આપણને બેઠા થયાને લગભગ ત્રણેક કલાક થયા, પરંતુ હજુ કંઇ કાર્ય આપણે નથી કરી શક્યા ખરેખર, આ આપણે માટે ઘણુ શરમાવા જેવુ છે ("એમ, છાનો એમ 'ના પોકારો) ચાલો હવે આપ સર્વ બંધુઓ મ્હને એક ચિત્તે સાંભળશો એવી આશા રાખી હુ મ્હારે કહેવાનું આગળ ચલાવીશ. ઝવેરકાકા મ્હેન શાન્તાને રમણભાઇની શારીરિક સ્થિતિ એકદમ નબળી પડી ગઇ છે તેટલા કારણસર નથી પરણાવવા ઇચ્છતા તે આપ સૌને વિદિત છે ભાઇઓ' એવા સાચા હેતુસર શાન્તા ન પરણે ને તેટલા જ કારણસર વિવાહ તોડવો પડે તેમા ખોટુ શુ? વળી આપણી ન્યાતના બંધારણને એમા વાધા જેવુ કંઇ હોય એમ હુ તો નથી માનતો આવા સંજોગોમા લગ્ન કરવા નાત ફરજ પાડે એ

પણ એવુ નીચ કાર્ય આપ ના સમજતા. જરા તીખુ કહેવાઈ જાય તો માફ કરશો. પરતુ ભાઇઓ ! મ્હારૂં તો હૃદય આવા ચાનકી ગ્લાનિના ગ્રહાગ્રહોથી ભરાઇ આવે છે, એટલે હુ તો લાચાર સામા પક્ષવાળા આવો સરળ ઝઘડો ન્યાતમા લાવે એ એમને માટે પણ ઓછુ શરમાવા જેવુ નથી ('તારે એમા શુ ?", એવું એક જણ બોલી ઉઠયો) હવે, વધુ આ ાને નથી કહી શકતો, આપ ડાહ્યા છો તેમ જ માગ કરતા વધુ અનુભવી છો. આશા છે કે નાત શાન્તા બ્હેનને આ ચિંતામાથી જલ્દી વિમુક્ત કરશે " આટલુ બોલી એ ભાઇ પોતાની જગ્યાએ બેસી ગયા થોડીવાર તો બધા ચૂપ જ બેસી રહ્યા ત્યારપછી ઉંટ જેવો ડોકવાળો તથા લબગોળ મોઢાવાળો એક પટેલીઓ બેઠો બેઠો જ બોલી ઉઠયો "ભાઇઓ ! કોને કોને કોઇ છોકરીને પોતાનો પતિ ગમશે નહી તો શુ કરશો ? શુ તમારે તમારી ન્યાતમા દેડવાડો ઉભો કરવો છે ? બસ, એમ તો નહી જ બને "

વ્હાલા ! આ બધી ભાજગડ એક વાગ્યા સુધી ચાલી, અને મ્હને તો ઉંઘમા ત્યારપછી શી વાટાઘાટ ચાલી તેનો કંઇ ખ્યાલ જ ન રહ્યો. હું તો એક ઘરને ઓટલે બેઠી બેઠી સાભળી રહી હતી, પરતુ મ્હારાથી તો એવુ રાત્રિજાગરણ ન થઇ શક્યું.

છેવટે જ્યારે કેટલાક હોળીના નાળીએરો કટાળીને ચાલ્યા ગયા, ત્યારે ઝવેરકાકાના પક્ષે એકદમ તડામાર કામ ચલાવી કાકાસાહેબને બીજે લગ્ન કરવા રજા આપી દીધી

વ્હાલા ! સાથે સાથે યાદ રાખજો કે આ બધુ કાર્ય ન્યાતને નામે જ થયેલુ રાતના નવથી કે ચાર પર્યંત સારી પેઠ તોફાન મચાવી જ્યારે બધા કટાળી રસ્તો માપી ગયા ત્યારે પોતાની જોહુકમી ઝવેરકાકાના પક્ષપાતીયાઓએ ચલાવી એ બધુ ખરેખર શોચનીય નો ખરુ જ ક્યા બેસવુ, કેમ બેસવુ, તથા કેટલો વખત કામ ચલાવ્યે રાખવુ એનો કઇ હીસાબ જ ન મળે, એને તે એક વ્યવસ્થિત ન્યાત યા સમાજ કેમ કહી શકાય ? વળી ગમે તે માણસ ગમે તેમ બોલે યા બેચાર વ્યક્તિઓ એકી સાથે ભડભડી ઉઠે, એ ખરેખર એક વ્યવસ્થિત મડળ યા એવા મડળના કાર્યવાહકો તો જરૂર ન જ સાખી શકે

ચાલો, હવે શાન્તા તો છુટી થઇ, ન્યાતનુ શુ થશે તેનો તો આપણે પછી વિચાર કરીશુ મ્હને તો હજુ એટલો સશય છે કે શાન્તાને લીધે વખતે ન્યાતમા બે તડ પડી જાય ખરા. હશે, જે થવાનું હશે તે થશે જ, પરતુ બાપડી શાન્તા તો હાલ તુરતને માટે છુટી

એને વિષે હવે ફીકર કરવા જેવુ કઇ નથી જ રહ્યું. જે કઇ નડતર હતી તેનો રસ્તો ઝવેર કાકાની લાગવગને અંગે ઠીક જ આવી ગયો

હાલ થોડો સમય તો પત્ર નહીં લખુ. તમારો અભ્યાસ ઠીક ચાલતો હશે. કાન્તિભાઇ પણ પરીક્ષાની ધમાલમા પડ્યા હશે એમને પણ બી એ. ની ડીગ્રી મળે એટલે મતોળ તમારી સફળતા ઇચ્છતી,

લી. તમારી,

સુશીલા.

પત્ર (૨૭)

સુરત,

તા. ૨૫-૨-૧૯૧૮.

પ્રિયપતિ,

આપની પરીક્ષા આવી પહોંચી "પરીક્ષા, પરીક્ષા" ની ઝંખના કરતાં કરતાં હવે તો તમો એ 'ભૂત" ની ઘણી નજીક આવી પહોંચ્યા છો

પરીક્ષામાં શું થવાનું છે તે કંઇ મ્હારાથી થોડું અજાણ્યું છે? મ્હારા રસિક હૃદય' જ્યારે મેં તમને પાસ કર્યાં તો પછી એક યુનિવર્સિટિના પરીક્ષકની શું તાકાત કે તમને unfit (નાપાસ) ઠેરવે? મ્હારી કસોટીએ ચઢેલા તમે હવે પછાત નહીં પડવાના. તમે પછાત પડો તો મ્હારૂં ગુરૂપણું વ્યર્થ જ સમજવું, ને મ્હારી પરીક્ષા કાચી અથવા હું પરીક્ષામાં કાચી મ્હારા સ્નેહના બણુ-ગાઓ બધા વાયુના પરપોટા જ માનજો.

હું તો તમારા વિદ્વાન્ પરીક્ષકને પણ કહી શકું કે "he himself is really unfit to examine you."

(તમારી પરીક્ષા લેવાને માટે તો એ પોતેજ લાયક નથી.) એ બલો બિચારો પ્રોફેસર શું તપાસવાનો હતો ? એકાદો નિબંધ લખાવે યા એકાદો ઐતિહાસીક સવાલ પુછે. એને તમે પરીક્ષા કહો છો ?

વ્હાલા ! એ તો મહાવરાની વાત રહી. અને એવી પરીક્ષા પણ એવી જ કેળવણી લીધેલી કોઇ પણ વ્યક્તિ જરૂર લઇ શકે છે.

હું તો આને પરીક્ષા[1] ન જ કહુ આ તો કેવળ

નોંધ ૧ –પરીક્ષા —કુવારા (કુમાર અવસ્થામા) પરીક્ષા કરીને કન્યાએ વર (પસંદગી કરીને સ્વીકારેલો) પસંદ કરવો જોઇએ ત્યારે સૌથી મુખ્ય પરીક્ષા પુરૂષના પુરૂષાર્થની કરવામા આવતી હતી પુરૂષનુ પુરૂષાર્થજ પરીક્ષવાનું હોય જે બહાદુર અને આંખ ઠરે તેવો હોય તેને કન્યાની મનોવૃત્તિ સ્વયંવરની હતી વાઘ કે હાથી જેવા પશુઓ વશ કરવામા મહાન સંકટમાથી પસાર થવામા, મલ્લકુસ્તિમા, તેમજ મરદાનગીના હરકોઇ પ્રસંગમાથી પસાર થનાર વર સૌથી પહેલે નંબરે પાસ જનરલ વિષયમા ગણાતો હતો વિદ્વતા, ધનોત્પાદન શક્તી વગેરે પુરૂષના પુરૂષાર્થના અલંકાર ભૂત ગણાતા હતા, પરંતુ પુરૂષનો મુખ્ય ગુણ તો પુરૂષાર્થજ, આજે અલંકારની કિંમત મુખ્ય થઇ પડી છે પણ પુરૂષનો આત્મા પુરૂષાર્થ તેની પરીક્ષા કોઇ લેઈ નથી. આજે મેટ્રીક ભણ્યો એટલે કન્યા માટે લાયક થઈ ચૂક્યો. એમ છતા પચીસ વર્ષ થવા પોશ્ય થઈ પડયુ છે. આ હાલની

યાદદાસ્ત મેળવવા ખાતર ઉપસ્થિત કરેલું સાધન છું તો પણ ચાલે.

પ્રિય ! તમે ક્યાં નથી જાણતા કે મે પણ પ્રિવીયસ સુધીનો અભ્યાસ કીધો છે, અને મ્હારા જેટલા જ અનુભવ-

---

પરીક્ષાનો પ્રતાપ કે દુર્જનની છાતી ફાડી નાખે અને કન્યાને નજરે પડતાની સાથે પાણી પાણી કરી નાખે એવી હાલ નોકરી લાગી આખાવાળા કેસરી ખાંડ જેવા કિશોરો ને કુમારો ક્યાં નજરે પડે છે? એક એમ જ બોલવા લખવામાં ગમે તેવો ચાલાક હોય, ટાપટીપ ગપ્પાંને ગમે તેવો દેખાવડો બનતો હોય, પરંતુ પતિ પત્ની એકાન્તમાં હોય અને કોઈ બદો આવી પહોંચે, અથવા કોઈ અસાધારણ આફત આવી પડે તે વખતે આ મહેરબાન તો પત્નિને નિરાધાર છોડે સિપાઈ દાદાની મદદ પહોંચી શકે તેમ હોય ત્યાંસુધી તો મહેરબાન સાહેબ જોર પકડે, પરંતુ તેમની મદદ ન પહોંચી શકે તેવી અવસ્થામાં તો શિયાળામાં ઘી થીજી જાય તેમ થીજી જાય, ને પત્નિ બિચારી નિરાધાર થાય તેથી પુરુષમાં પુરુષાર્થ તો પ્રથમ એકએક જ પછી શોભા રૂપ વિદ્વતા વગેરેની પરીક્ષા ઉપયોગની. પહેલા વખતમાં સીધી રીતે કે આડકતરી રીતે પુરુષાર્થની પરીક્ષા કરી લેવામાં આવતી હતી હાલ એ પરીક્ષાઓ બંધ પડી છે, અને આ પરીક્ષા ગરૂ થઈ છે. પુરુષની આ એક દેશી પરીક્ષા છે તેવી સર્વ દેશી પરીક્ષા જો દેશમાં શરૂ નહીં થાય તો પુરુષ વર્ગનો વારસો બગડશે. માટે એજ ખરી પરીક્ષા છે. આ ખરી પરીક્ષા નથી એ બકવાસ છે

પરથી હું કહી શકું કે આપણી હાલની પરીક્ષાઓ, પરીક્ષાઓ નથી જ.

an examination for a student means nothing else but to record what he has merely cramed. (એક વિદ્યાર્થિને માટે પરીક્ષા ફક્ત ગોખી મારેલું લખી નાખવું એટલા પુરતી સમજવી.)

શું આવું તમને ન આવડે ? જ્યારે મ્હારી બેહુદી તેમજ કઠીન પરીક્ષાઓ તમે સારી રીતે પસાર કરી ગયા તો પછી આવી એક પરીક્ષા માત્ર નો તો સવાલ જ શો હોઈ શકે ?

અરે ! આ તે હું શું કરવા બેઠી ? તમને કંઇ ન લખવું એવી પ્રતીજ્ઞા છતાં આ બધું શું ચિતર્યું ?

વ્હાલા ! માફ કરશો પ્રભુ કરશે તો તમે તથા કાન્તિભાઈ જરૂર પાસ થઇ જશો.

મ્હારા એમ એ તો તમે થયા જ છો અને હવે તો આ જાહેર પુછડું પણ મળી જાય એટલે બસ.

વારુ, વિશેષ કંઈ જ નહી.

લી તમારી,

સુશીલા.

પત્ર (૨૮)

સુરત,

તા. ૧૦-૩-૧૯૧૮

પ્રિય પ્રાણપતિ,

એક બાજુથી તો આપ હવે નિવૃત્ત થયા, પરંતુ દુન્યવી અનેક બૂતોમાં જકડાએલા તમે એમ સહજ સંસારથી દૂર ન થઈ શકો ત્યાંથી છૂટવા એટલે પણ એમ તો ન કહી શકાય હવે એવી પણ અધિક રૂપને હાથ આવી પડશો, જો કે રમા તો બન્નેના ભિન્ન કારણ સૃષ્ટિના નિયમાનુસાર મિજાજ હોવા જોઈએ

એકમાં ગત સૂમાય ફીકું પડે અને છેવટ જો શારીરિક સ્થિતિ તદ્દન નબળી હોય તો મરણ પણ નીપજે. જ્યારે બીજાનો પ્રભાવ એવો રહ્યો કે મરનાને જીવાડે અને જીવનારને ઉન્માદિત બનાવે

સુશીલા હોય તો પછી તમારે બીજું શું જોઈએ ? જ્યારે પરીક્ષા ન લેવાય એવું તો ઘણાએ ઈચ્છે સુશીલા તો તમને ગમે તેવી સ્થિતિમાં વધાવે, પરંતુ પેલું ભૂત તો

એવું રહ્યું કે જરા તબીયત બગડી કે રખડ્યા, અરે ! તમારા સામું પણ ન જુએ. સુંદર તબીયતવાળાનો પણ એનાથી થાકી સુશીલા પાસે આગેજ છુટકો. જ્યારે સુશીલાના હાવભાવ તથા મધુર સ્વરથી કટાળી એની પાસે જરૂર કોઇ નહીં જ જાય. વધુ તો શું કહું પરંતુ જવાનો વિચાર પણ નહીં કરે.

હશે, કયુ સારૂં અને કયુ નરસું તથા કોનો પ્રભાવ પ્રબળ તે હું આપને કહેવા નથી માગતી તમ જેવા અનુભવીને શું કહેવાનું હોય ? ઘણીએ પરીક્ષાઓ આપી અને તેથીએ વધુવાર સુશીલાનો રસ ચાખ્યો એટલે વિશેષ કઇ કહેવું નજ ઘટે

કુંકામા તમે છૂટયા અને તે પણ જે હતું તેથી તો અધિક સારા બંધનને જ માટે. કાન્તિભાઇને હજુ એકાદ પખવાડીઉં નિરાત નહીં વળે. રાતના પુરતી ઉંઘ પણ ન મળે તો નવાઇ જેવુ કંઇ જ નહીં

કાન્તિભાઇને કહેજો કે વિમળાએ કહેવરાવ્યું છે કે પરીક્ષાને ખાતર તબીયત તરફ બીન દરકાર ન થઇ જતા

નવીન કંઇ જ નહીં

લી. સહોદરી તમારી,

સુશીલા.

પત્ર (૨૯)

સુરત,

તા ૧૭–૭–૧૯૧૮.

પ્રિય હૃદયેશ્વર,

હવે તો આપ આવવાના પેલા ભૂતની પ્રચંડ જવા-ળામાંથી તુરતના જ બહાર પડેલા તમે, શાન્તિ તથા તંદુર-સ્તીને ખાતર મ્હારે ત્યાં પધારવાના મુંબઇની ભેજવાળી હવા તથા ત્યાંનું ભારીખારી પાણી પીને આપ મ્હારે આંગણે ન આવો તો ક્યાં જાવ ?

જરૂર પધારો, મ્હારા વ્હાલા કૃષ્ણ આપ અહીંયા જરૂર પધારો આપની સુશીલા તો આપને કેટલાક વખ-તથી તલસી રહી છે આપના અહીં પધારવાથી હું જરૂર કૃતાર્થ થઇશ.

હર્ષભેર વ્હેલા વ્હેલા પધારો, મ્હારા પ્રિયપતિ ! અને એકવાર ફરીથી આ તમારી રાધાના શુષ્ક કપોલ પર અ-ધારપતદાનની દૃષ્ટિ વર્ષાવો તમ વિહોણાં આ બે અધીરાં

ને તરસ્યા નયનોની પણ આપના આવવાથી જ તરસ છી-પશે, ને જરૂર શાંતિ ધરશે

મ્હારા રસીલા ! આવો ત્યારે તમારી આ સુશીલા માટે કઇ ભેટ જરૂર લેતા આવશો. તમે જ જાતે આવ-વાના ત્યાં બીજી ઇચ્છા શું હોઇ શકે ? તમે મળ્યા એટલે સર્વસ્વ. પરંતુ વ્હાલા ! વિયોગ સમયે તમારા તરીકે આપ કઇ આ ફિકરીને અર્પણ કરતા જાવ તો દીલને શાન્તિ તો જરૂર મળે જ તમારૂં રહ્યું એટલે કોઇ વખતે તમારી વાત પણ જાણવા-યાદ લાવવા મળે. વળી મ્હારા જેવી એકલી અટુલી આવી એક ચીજથી પણ સંતોષ માને તે જ મ્હારા જેવીનું વખતે સર્વસ્વ થઇ પડે કગાલને મન રૂપિ-યાની ભેટ કેટલી બધી મહત્વની હોય છે ?

દુન્યવી બીજી કોઇ વસ્તુની મ્હને હાલ તો લાલસા નથી. જે છે તેમાં જ હું તો આનંદ માનું

બસ, મ્હને તો તમારો એક સુંદર ફોટો[1] મળી જાય એટલે નીરાંત આપ અભ્યાસાર્થે મુંબઇ હો ત્યારે અહીં

નોંધ —૧ ખરી કેળવાયેલી હોય તો હાથે ચિતરી લેવા જોઇએ. ડાહ્યું ડાહ્યું બોલવામાં જ કેળવાયેલ લાગે છે. હવે તો કેળવણીનો જુદો જ આદર્શ આ દેશમાં શરૂ કરવો પડશે

મ્હારો કોણ સાથી ? આટલો ફોટો હોય તો પણ મને તો નીરાત વળે શયનગૃહમા બેઠી બેઠી એના દર્શન થાય તો પણ ઘણુ.

વ્હાલા ! કોઇ લોકો ભલે એને જડ કહે, પરંતુ મ્હારે મન તો આપ જ હજુરા હજુર છો એમ જ રહેવાનુ. ચિત્રમા બેઠેલા તમારા ભરેલા મુખડા સામુ જોઇ જોઇ હુ રાચુ યા સ્મિત કરૂ તો તમારો પણ સ્મિત કર્યે જ છુટકો

માટે હવે તો અહીંયા જ વિરમીશ વિશેષ રૂબરૂમા

લી. તમારી,

સુશીલા.

પત્ર (૩૦)

સુરત,

તા. ૧૨-૬-૧૯૧૮.

પ્રાણ કરતાંયે અધિક પ્રિયપતિ !

આ નવા વર્ષનો પહેલો પત્ર છે એટલે કંઈ વિશેષ જાણવાની અપેક્ષા ન રાખતા. આપ એમ એ પાસ થયા એ ખુશ ખબર બધાઓએ વધાવ્યા હશે, પરંતુ મ્હને તો સમય ન હોવાથી કંઈ સુઝ્યું જ નહી ચાલો, હું પણ મ્હારી ફરજ બજાવી દઉં,

My dear Krishna! congratulations for passing your M A examination. (મ્હારા વ્હાલા કૃષ્ણ! તમારા એમ એ પાસ થવા માટે મ્હારા અભિનંદન હજો.) આથી અધિક શું લખું ? તમે એમ. એ. યા એમ ડી. થાવ તેથી મ્હને શું ? મ્હારા એમ. એ. તો ક્યારનાએ થઈ ચુક્યા છો. મ્હને તો તમારા સ્નેહની જ ભૂખ રહી એટલે આવા પુછડાંઓથી રજમાત્ર આનંદ ન જ થાય તમારૂં કાર્ય સફળ નિવડ્યું એટલા

પુસ્તી તો હું જરૂર રાચુ, પરંતુ બી. એ અને એમ એ. એ બધા મ્હારે મન તો ગૌણ સ્થાને જ હોવાના

મ્હારા રસીલા વ્હાલમ ! જરા વિચાર કરશો તો તુરત મ્હારી આ માનસિક વૃત્તિ આપને સમજાશે પહેલા પણ બે ત્રણ વાર મે આપને લખેલું કે લગ્ન એ Contract (કોન્ટ્રેક્ટ) યા Guarantee (ગેરન્ટી) નથી, પરંતુ એ એક જાતનું ધર્મ બંધન છે

What else is love ? It is the very same thing misinterpreted by many and demoralised by almost all. I love you means I love "you" and nothing else, more over the philosophy of love says that you means "you" That "you" does not at all mean your money, position or education. If it is so then let me tell you. my dear that it is no true love Even beauty, health or natural physics do not come under that "you" That "you" means yourself with nothing else either in the form of natural beauty or wordly treasures

(પ્રેમ બીજી શી વસ્તુ છે? એ પણ એજ બાબત છે પરતુ ઘણા એને જુદા જ અર્થમા સમજે છે, અને લગભગ બધા એને હલકા સ્વરૂપમા જ લે છે હુ આપને ચાહું છુ એટલે " આપને જ " અને નહી કે બીજી કોઇ વસ્તુને એમ સમજવુ પ્રેમનુ તત્વજ્ઞાન કહે છે કે "આપને" એટલે " આપને જ " અહી " આપને " એટલે નહી કે આપના પૈસા, માન મરતબો યા આપની કેળવણી જો એમ જ હોય તો મ્હાગ ન્હાવા, મ્હને કહેવા દેજો કે એ ખરો પ્રેમ નથી દેહની સુદરતા, તન્દુરસ્તી તથા શારીરિક કુદરતી પરિસ્થિતિનો પણ એ " આપને " મા સમાવેશ ન થઇ શકે ' આપને ' એટલે ' આપને જ " અને કુદરતી મો-હકતા યા દુન્યવી વિલાસોના સાધનોની ગણત્રી ન જ સભવે)

ગણત્રી ન સભવે એટલુ જ નહી, પરતુ દુકામા, તે મમગ્રનો સરવાળો તે આપ, તેમા કિમત લાયક સખ્યા આપનો મ્હારા પ્રત્યેનો ચાહ એ છે. એ વિના બધા મીડા છે એ હોય તો બધા મીડાની કિમત છે પાચ માડાની કઇ કિમત નથી પણ જો તેની પૂર્વે એકડો હોય તો તેની કિમત લાખ છે તેવી જ રીતે હુ આપને ચાહુ છુ, એમા આપ એ પ્રેમની કિમતમા એકડો છે

ધન, વૈભવ, સૌદર્ય, કળા વિગેરે મીંડા છે જો " આપ " નહી તો મીંડાની કીમત નહી, અને જો " આપ " તો મીંડાની પુરેપુરી કિમત એકથી માડીને નવસુધીના કોઇ પણ આંક કરતા એકડા સહિત મીંડાની વિશેષ કિમત માટે જ હું એકની યા લાખની સખ્યામા પણ માત્ર " આપને જ " (એકડાને જ) ચાહુ છુ પછી તે ગમે તે સ્થિતિમા—હાલતમા હોય ચાહ્‌ું છુ એટલે ચાહતી હતી, ચાહુ છુ અને ચાહીશ કેમ " ચાહુ " ન ચાહુ એમ ત્રિકાળમા પણ કદી ન બને આ પ્રેમનુ કુદરતી તત્વજ્ઞાન અપવાદ વિનાનો સામાન્ય નિયમ પછી તેને આર્યોએ ધાર્મિક સ્વરૂપ આપીને તેની પવિત્રતામા વધારો કર્યો છે, અને વ્યવહારિક સ્વરૂપના અલકારો પહેરાવીને તેના સત્ય સ્વરૂપને ચોક્કસ આકારમા જગતની સન્મુખ મૂર્તિમાન સ્વરૂપે પ્રચલિત કરીને જગતના જનસમાજની ભારે સેવા કરી છે તે પ્રમાણે વર્તે તો અકલ્યાણને બદલે કલ્યાણ જ મેળવે આર્યોની આ દીર્ઘદ્રષ્ટિને માટે તેઓને કેટલા ધન્યવાદ ! તેથી જ લગ્ન એ કેવળ કોન્ટ્રેક્ટ કે ગેરટી નથી, પણ સાથે સાથે ધર્મ બધન છે કુદરતી છે છતા કેવળ તેમ નથી, પણ વ્યવહારિક દ્રષ્ટિથી કોન્ટ્રેક્ટ કે ગેરટી પણ છે આથી એ સિદ્ધ થયુ કે તે કુદરતી છે–ધાર્મિક બધન રૂપ છે કોન્ટ્રેક્ટ પણ છે અને સ્વાર્થ પણ

છે. આ બધાનુ મિશ્રણુ છે તેમાથી પૃથક્કરણુ કરવુ જોઇએ કે કેટલુ કુદરતી છે, કેટલુ ધાર્મિક છે વિગેર વિગેર. મ્હારા નાથ! ભવિષ્યના વિદ્વાન હિંદના સાચા સેવક તરીકે આપ આ કામ બજાવો તો દેશને કેટલો લાભ'

આ નવા વર્ષની વાતો અને નવા વર્ષની શરૂઆત માનજો નવુ વર્ષ તમારે ખાતર જ સમજજો તમારો અભ્યાસ ચાલુ થયો એટલે આને જ નવુ વર્ષ સમજી છુટકો વિશેષ હવે પછીના પત્રમા લખીશ

બધાને મ્હારા પ્રણામ

લી. તમારી,

સુશીલા,

પત્ર (૩૧)

સુરત,

તા. ૨૨-૬-૧૯૧૮

પ્રિયપતિ,

આપના હસ્તાક્ષરો આજ ત્રણ મહીને ફરી જોવા મળ્યા. એ કોનુ અહોભાગ્ય સમજવુ ? મ્હારૂ તો અહો-ભાગ્ય હુ ન માનુ કારણ આપનો વિયોગ એજ એનુ મૂળ રહ્યુ ત્રણ ત્રણ મહીના સાથે રહ્યા પરંતુ કોઇ દિવસ તમે મ્હને કંઇ ન દેખાડ્યુ આ બાબત જો કે સહજ સમજાય તેવી છે, પરંતુ એટલુ તો ખરૂ કે આપ જે ખ્યાલ રાખો છો તે કેટલેક અંશે વ્યાજબી નથી

આપ એમ ના સમજતા કે સુશીલા પૂર્ણ કેળવાએલી છે હજુ તો તમારી પાસે ઘણુ જાણવાનુ બાકી છે જે કંઇ જાણુ છુ તે ઘણુ થોડુ છે તેમ જ ઇશ્વર કહું તો પણ ચાલે વળી એ પણ ખરૂ કે શાંતિને ખાતર તમે આવી તકલીફ ઉઠાવી ન શકો, અને આપ મ્હારે ખાતર આટલુ કરો એમ હુ પણ ન ઇચ્છુ થોડુ જાણવા ન મળે તો ચલાવી શકુ. વળી વધુ જાણવાથી પણ શુ ? આપનું યોગ્ય પ્રેમપાત્ર રહુ એટલે બસ કેળવાએલી કહો યા અભણ કહો, પણ હું તો જે છુ તેજ રહેવાની, અને તમારી સુશીલા તો તમારી જ રહે એમા જ તેની શોભા.

ચાલો, એ બધુ આટલેથી જ પતાવીશુ જાણું છુ કે આ એકની એક વાત મે આપને એકવાર નહી પણ અનેકવાર કીધી હશે, પરંતુ વ્હાલા ! આ સિવાય કહેવાનુ પણ શુ હોય ! હુ તમારી અને તમે મ્હારા એમા જ મ્હને તો દુનિયા સમાઇ ગઇ હોય એમ લાગે છે

આપનો પત્ર મળ્યો એ મૂળ બાબત અને એના પર જ બધુ લાંબુ વિવેચન નમજજો

કાન્તિભાઇએ એલ એલ બીનો અભ્યાસ શરૂ કર્યો એ જાણી ઘણી ખુશ થઇ છુ કાન્તિભાઇ સોલીસિટર અને આપણી વિમળા બેરિસ્ટર એમ કહું તો પણ ચાલે. તમે ક્યા નથી જાણતા ! દરેક પ્રશ્નના જવાબ વિમળા પોતાના હુક અનુભવ પરથી પણ સુદર રીતે આપી શકે છે.

તમે પણ એલ એલ બીનો અભ્યાસ હવે પુરો કરવા ધારો છો એ ઠીક છે, પરંતુ વ્હાલા ! વકીલાત જેવો હલકો ધધો આપને માટે તો મ્હને ઉચિત નથી લાગતો આ ધધો એવો છે કે પ્રમાણિકપણે રહેવુ હોય તો પુરતી મુશ્કેલી સહ્યા વિના નજ બની શકે. અત્યારથી આ વિચારો શાને કરવા ! બનવા કાળે જે બન્યુ તે ખરૂ.

વિશેષ કાંઇ નહી. પત્ર તુરત લખશો.

લી આપની,

સુશીલા.

પત્ર (૩૨)

સુરત,

તા ૧-૭-૧૯૧૮

પ્રિયપતિ !

આપનો પત્ર મળ્યો પત્ર વાચી ખરેખર ઘણો આનદ થયો છે હવે તો આપની સાથે રગીલી મુબાપુરીમ રહેવાનુ થશે આપ ક્યારે નક્કી કરો છો એજ હવે જોવાનું રહ્યું, એટલે મ્હારા દિવસો હવે પછી શાન્તિમા નહી જ જવાના ક્યાથી જાય ! આપનો સુયોગ થવાનો રહ્યો ત્યા નિરાત ક્યાથી વળે ?

વ્હાલા ! આપ નહીં માનો પરતુ હુ તો કહીશ કે હવે રોજ તમને મળવાનાજ સ્વપ્નો આવ્યા કરે છે તમને મળવાનું નહોતુ ત્યાસુધી તો ઠીક હતુ. પરતુ હવે તો આશારૂપી સાગરમા ડુબકીઓ મારવાની રહી એટલે અનેક રમુજી સ્વપ્નો જ મ્હારૂ જીવન થઇ રહ્યુ છે વળી એક દિવસ એક વર્ષ સમાન લાગે છે એમ કહુ તો પણ

ચાલે તમને પણ સુશીલા મળવાની રહી એટલે તમારી દશા પણ આથી જુદી તો નહીં જ હોય.

મ્હારા રસિલા પતિ! વળી એટલું કહીશ કે આવા સ્વપ્નો એકંદર મૂળ વસ્તુ કરતા વધુ સુખરૂપ હોય છે. અંગ્રેજીમા કીધું છે કે—

The things that are chased are chased with more vigour than enjoyed. (વસ્તુ મેળવતા પહેલા જે ઉત્સાહ રહે છે તેટલો મેળવ્યા પછી નથી જ રહેતો.) તદુપરાંત The pleasures of pursuit are greater than the pleasures of enjoyment. (વસ્તુ મેળવવામા જે સુખ મળે છે તેટલો ઉપભોગમા નથી મળતો.)

વળી મ્હારા ઘેલા પતિ! મ્હારે આપને એક વિનંતિ કરવી પડશે. મ્હારા સબંધમા યા આપણા બન્નેના સંબંધમા આ વસ્તુસ્થિતિ ઉલટી જ સમજવી, એટલે કે—

The pleasures of enjoyment are greater than the pleasures of pursuit. (વસ્તુના ઉપભોગમા જેટલો આનંદ રહે છે તેટલો એ મેળવવામા નથી મળતો.)

શુ આપને એમ નથી લાગતુ ? આ તો સ્વાર્થની વાત કરી એટલે જરૂર લાગતુ જ જોઈએ દુન્યવી વાતોથી તથા દુન્યવી સાધારણ ફાયદાથી આપણો પથ જરા ન્યારો નીકળે તેમા આશ્ચર્ય શુ ?

ચાલો, આ બધુ તો અનુભવે જ સમજાશે શાન્તા હાલ તુરત તો નિરાંત થઈ છે અને અભ્યાસ શરૂ કરી દીધો છે વિમળા પણ અંગ્રેજીનો અભ્યાસ દિવસે દિવસે સારી રીતે ધપાવતા જાય છે

વિશેષ કંઈ જ નહી

લી આપની લાડકવાયી,

સુશીલા.

પત્ર (૩૩)

સુરત,

તા ૧૧-૭-૧૯૧૮.

પ્રિય પતિ,

આપના તરફના સમાચાર મળ્યા. લલિતા વ્હેન બાબત આપે જે લખ્યુ તે મ્હારી સમજમા તો નથી ઉતરતુ

આટલા કેળવાયેલા લલિતા વ્હેન એક કોલેજીયન સાથે લવ કરી ઘેરથી વિના રજાએ નસાસી છુટે એ શુ યુક્ત કહેવાય ? આને આપ કેળવણી કહો ખરા ? જરૂર નજ કહો. જો આને સુધારો માનીયે તો એના કરતા તો આપણો જુનો જમાનો આપણે માટે બહેતર છે.

"લલિતા વ્હેન એમની સાથે બી એ મા અભ્યાસ કરતા મિસ્ટર બેનરજી સાથે બે દિવસ થયા કોઇ જગોએ ચાલ્યા ગયા છે," એવા પ્રકારનો આપના તરફથી મળેલો સદેશો મ્હારા માનવામા તો નથી આવતો, પરતુ જ્યારે આપ લખો છો ત્યારે તો માન્યે જ છુટકો.

વ્હાલા ! આપણા મગનકાકા કેળવાયેલાઓને આટલી તુચ્છ દૃષ્ટિએ જુએ છે તે જો કે વ્યાજબી નથી, પરંતુ એમની આ માન્યતામાં ઘણું ખરૂં તો સત્ય લાગે છે. કેળવાયેલાનો પણ દોષ રહેલો છે લલિતા બ્હેન જેવી સુશીલ ગુજરાતી બાળા આ પ્રમાણે પોતાનું જીવન વેડફી નાખે તે મ્હને તો ન ગમે આપણા ગુજરાતમાં કોઈ સારા ગુજરાતી યુવક સાથે એમણે વિવાહ કરવાનો વિચાર રાખ્યો હોત તો કોઈ સમજુ માણસને તો એમાં બહુ ગેરવ્યાજબીપણું ન લાગત. ગુજરાતમાં વખતે ન્યાતજાતમાં તફાવત હોય તો પણ વિના સંકોચે નભાવી લેવાય. શું આપને એમ નથી ભાસતું ?

લલિતા બ્હેન પોતે પણ સમજુ હોઈ અનુભવે આ બધુ સમજશે, આ તો “ન ઘરના યા ઘાટના” એવો હિસાબ થયો. ગુજરાતીઓથી સબંધ તોડયો અને બંગાળીઓથી તો અળગા છે જ

વ્હાલા ! આ બધુ આપને આજકાલની કેળવણીની સ્વચ્છંદતારૂપ શું નથી ભાસતું ? માતાપિતા યા વડીલોની રજા યા સંમતિ વિના ગમે તેની સાથે લગ્નબંધનથી જોડાવું, એ એક ગુજરાતી આર્યબાળાને માટે તો વ્યાજબી ન કહેવાય.

લલિતા બ્હેન લગ્ન કરશે કે નહીં એ પણ હજુ એક સવાલ છે. મ્હારી માન્યતા મુજબ તો પોતે સ્વેચ્છા-એજ એ વિચાર માંડી વાળશે બેનરજી સાથે પોતે ભ્રાતૃભાવથી જરૂર રહી શકે છે લગ્ન કરીએ તો જ દીલ મળ્યા કહેવાય યા મનના મનોરથો પૂર્ણ થાય એવું હું તો નથી માનતી જેમ હુ કાન્તિભાઇ સાથે વર્તુ છુ તેવી રીતે લલિતા બ્હેન પણ મિસ્ટર બેનરજી સાથે વર્તી શકે છે

વળી બેનરજી પણ કેળવાએલો યુવક હોઇ આવો ભ્રાતૃભાવ જરૂર સારી રીતે જાળવી શકે છેવટ કંઇ નહી તો આપ જેવા કોલેજ મિત્રને તો એમણે આ વાતથી વાકેફ કરવા જોઇતા હતા. એમા જ એમની શોભા છે

હશે, હવે તો જે થાય તે ખરૂં. આપને જો કંઇ મોકો મળી જાય તો બને ત્યા સુધી એમને લગ્નબંધનથી બેનરજી સાથે ન જોડાવા દેતા

કાન્તિભાઇને મ્હારા પ્રણામ. આપને મ્હારા સ્નેહા-ભિનંદન.

લી આપની,

સુશીલા.

પત્ર (૩૪)

સુરત,

તા ૨૦-૭-૧૯૧૮

પ્રાણથી યે પ્રિય પતિ,

આપના તરફનો પત્ર મળ્યો એ ચાર દિવસમાં હું આપને મળીશ એ કેવા ભાગ્યની વાત ! ૨૫ મીએ મ્હારે અહીંથી નીકળવાનું છે એટલે હવે મ્હને એક ઘડીભરની પણ ફુરસદ નહીં મળવાની વળી આવવાનું તે પણ આપની પાસે, એટલે તૈયારીઓ પણ કેવા પ્રકારની ને ઝડપી છતાંયે શિથિલ કરી હોય તેનો ખ્યાલ પણ આપને તુરત આવશે

લલિતા બ્હેન વિષે તમારા તરફથી કંઇક જાણવાની અભિલાષા હતી, પરંતુ કંઇ વિશેષ જાણવા ન મળ્યું. તમને પણ કંઇ સવિશેષ ખબર ન મળ્યા હોય, તો એ બનવા જોગ છે.

વિમળા ગઇ કાલે મળવા આવી હતી. આવી હતી

તો સ્હેજ, પરંતુ મ્હારા આપના તરફ આવવાના સમાચાર સાંભળી એનું દિલ દુખિત તો થયું જ. મ્હેં કીધું, "બ્હેન વિમળા ! હું તો બે ચાર દિવસમાં તમો સર્વને છોડી મુબઇ જવાની. મ્હારા ભાઇનો પત્ર આવ્યો એટલે તો જવું પડે." આટલું સાંભળતું તેય વિમળાને ભારે ભારે થઇ પડયું.

તે બોલી ઉઠી, "સુશીલા બ્હેન ! શાને મશ્કરી કરતા હશો ? શું તમને પોતાને જવાનું દિલ નથી થતું ? તમારા કોડ તો હવે જ પુરા થશે. વસંતભાઇ આવા અભ્યાસના સમયે પણ તમને વિસરી ન જાય એ શું તમારા માટે ઓછું છે ? તમારા ભાઇને હું નહી સાંભરતી હોઉં એમ આ ઉપરથી તમે ના સમજતા, પરંતુ કોટુંબિક સંજોગો જ એવા બન્યા કે સુશીલા બ્હેન, આટલો ભોગ તો આપવો જ પડે "

વ્હાલા, વિમળા જેવી ડાહી બાળા કાન્તિભાઇ જેવા સરળ તથા કેળવાયેલા યુવક સાથે પણ કોટુંબિક સંજોગો જેવા એક મામુલી સવાલને વચમાં લાવી સંતોષપૂર્વક ન રહી શકે, યા ન જીવન વ્યાતિત કરી શકે, તો શું એ ઓછું શરમાવા જેવું છે ? જો આખી જીંદગી જ આવી

રીતે ખટપટ અને વ્યવહારિક ઝઘડામા જ કાઢવામા આ સમાજ મોટાઇ માનતો હોય તો એવા સમાજને પણ મ્હારા નવ ગજના નમસ્કાર હોજો

વખતે આપ કહેશો કે સુશીલા ! આપણા સમાજનુ બધારણ જ આપભોગપર ગ્યાયેલુ છે પત્ની પતિ ખાતર, પુત્ર માતાપિતા ખાતર, તથા ભાઇ બ્હેન એકમેકને ખાતર મરીફીટે એમા જ આર્યપ્રજાનું આર્યત્વ સમાયેલુ છે, તો હુ કહીશ કે વિમળાએ પણ આવુ જ કંઇક કહેલુ

તમારી તથા બેન વિમળાની વાતનુ, આપભોગ જેવો પ્રશ્ન ઉપસ્થિત કરી બાળ્બીપણુ ન જ ઠરાવી શકાય આપભોગ માટે બધા તૈયાર ન જ હોય સામાન્ય યોગ્ય તરીકે ન ગણી શકાય આપભોગ એ અનિવાર્ય પ્રસગે ઉપયોગી સાધન છે અને તમારી માન્યતા મુજબ સમાજની દરેક વ્યક્તિએ આપભોગ જેવો ગહન સવાલ થોડે ઘણે અ શે જરૂર ઉકેલ્યો હોવો જોઇએ હુ તો આપને કહીશ કે આપભોગને બદલે સમાજમા કઇ જુદુ જ જોવામા આવે છે પરસ્પરના જીવનમા પુરતો અસંતોષ હોય છતા આપભોગને વચમા લાવી જીવનને મહત્વતા આપીએ એ દભ નહી તો બીજું શું ? "મરીયે તો છુટીએ" એવા પ્રકારના બીજા બખાળા કાઢવા છતા કહેવું કે

'અમારૂં જીવન તો આપભોગ ઉપર સ્થાપેલું છે' એ બધું મુર્ખાઈ ભરેલું તમને શું નથી લાગતું? બે બાઈ ઘરમાં સાથે તો રહે છતાં હરહંમેશ કજીયા કરે, યા તો તેમની સ્ત્રીઓ માંહે માંહે લડી મરતી હોય, આવી સ્થિતિમાં સંતોષની આશા જ શી રાખવી? વળી જ્યાં વહુ ઉપર સાસુ તથા ઘરના બીજા વડીલો મોગલાઈ ચલાવતા હોય યા ચલાવવા ઇચ્છતા હોય ત્યાંયે ય શાંતિની શી આશા? ટુંકામાં, જે સમાજ કૌટુંબીક પ્રેમ રસાસ્વાદ સમજતો નથી તેવો અપાત્ર સમાજ આપભોગ જેવા ઉદાત્ત છતાં દુર્ઘટ સાધનનો તો સહેજે ઉપયોગ ન કરી શકે

આપભોગને નામે ચાલી રહેલો અહીંનો ઢોંગ મ્હને વ્યવહારિક બંધન પુરતો જ લાગે છે આપણું કૌટુંબીક જીવન ફક્ત સામાજીક બંધારણોને અંગે ટકી રહેલું હાડ-પીંજર કહું તો પણ ચાલે. જો એકાદી રૂઢીનો ભંગ કર્યો તો હાડપીંજર વીખરાયું જ પડ્યું સમજો. જ્યાં સ્ત્રી પુરૂષ એકમેકને ઓળખી પુરતો વિકાસ ન કરી શકે ત્યાં આપ-ભોગ અને એવા જ બીજા ગૂઢ પ્રશ્નો શીદને વચમાં લાવતા હશો? લૌકીક વ્યવહાર આપણા સ્ત્રી-પુરૂષોના વ્યવહારની આડે ન આવતો હોય તો સમાજનું શું થાય તે તો તમે જ સમજી શકો. જો સ્વચ્છંદ જેવી ચીજનો અમને સમાજ

છૂટથી ઉપયોગ કરવા દે તો જરૂર કેટલાએ સ્ત્રીપુરુષોના જીવન અસ્ત-વ્યસ્ત થઇ જાય આ બધી ગેરવ્યવસ્થાનું મૂળ કારણ પ્રેમ વિનાની શુષ્કતા છે પ્રેમનું પ્લાસ્ટર આપણા કૌટુંબિક તથા સામાજીક જીવન ઉપર થઇ જાય તો હું ખરેખર એમ કહી શકુ કે આપણે ઉત્તમમા ઉત્તમ પ્રકારનું જીવન વ્યતિત કરી શકીએ

વ્હાલા, આ બધી વાતો લાબી રહી, એટલે હાલ તુરત તો અહી જ વિરમીશ બીજુ .

.. . .

.. ..

.

વ્હાગ સર્વને પ્રણામ.

લી પ્રેમાભીલાષિણી,

સુશીલા.

પત્ર (૩૫)

સુરત,
તા. ૨૩-૭-૧૯૧૮

પ્રિય કૃષ્ણ,

આપે સીનેમા વગેરેની અનેક જાહેર ખબરો વાચી હશે વખતે તમારા આટલા જીવનમા એકાદી વખતે તમે જાહેર ખબર આપી પણ હોય " આવે છે આવે છે " ના મથાળા નીચે અનેક બાબતો તમે વાચી હશે ઘડીકમા રામમુર્તી આવે છે, તો ઘડીકમા કોહીનુર ફીલમ તરફથી સત્યવાદી હરિશ્ચંદ્ર આવે છે આ ' આવે છે ' ના નામ નીચે મુબાઇમા શુ નથી આવતુ ? જટાશંકર હરિશંકર વૈદ્યનો પણ આ ' આવે છે ' મા સમાવેશ થઇ જાય છે

વ્હાલા તમારે પણ કઇક એવુ જ જાહેર કરવાનો સમય આવી લાગ્યો છે " આવે છે, આવે છે, મ્હારી સુશીલા, આવે છે, " એ પણ આજકાલના જમાનાની નવિનતા તમારા તરફથી જાહેર પ્રજાને જાણવા મળે તો તેમા નવાઇ જેવુ શુ ? શુ આટલી હિમ્મત આપ ન કરો ? વખતે આપ કહેશો કે સુશીલા, તુ તો મ્હારી પણ મશ્કરી કરે ખરી ' વ્હાલા, મ્હારે કહેવુ પડશે કે આમા આપ ભૂલોછો. આપે જે કઇ ટુંક સ્વરૂપમા આદર્યુ છે યા આદર્યુ હશે તેનોજ હુ આ મોટા ખ્યાલ આપી રહીછુ શુ ક્રાન્તિ-

બાપુ નથી જાણતા કે સુશીલા આવવાની છે ! વળી લલિતા બ્હેનથી પણ આ ક્યાં અજાણ્યું છે ? આવી રીતે અનેક સમ્બંધીઓ તથા સગાવહાલાઓને આપના તરફથી આ 'આવે છે' ની ખબર મળી ચુકી છે. શું આપને એમ નથી લાગતું ? હવે સુશીલા તરફનો તમારો અગાધ પ્રેમ વખતે તમને આ 'આવે છે' ની વધુ ગાડાઇ તરફ દોરે તો તે શું અશક્ય છે ? હશે, આપને જે રૂચે તે ખરૂ. સુશીલા આવવાની એ નિર્વિવાદ, અને રાધાકૃષ્ણ ફરી એકવાર એ ચાર મહીના સાથે રહી અનેક રીતે રસ અને આનન્દમય જીવન વ્યતિત કરશે એ પણ નિર્વિવાદ જાહેર કરો યા ન કરો તેથી મ્હને શું ? મ્હે જાણ્યું એટલે બસ અરે ! તમારે પણ જાણવાની જરૂર હુતો નથી જોતા સ્વપ્નવિહારી થવું એ સ્ત્રીઓ માટે જ ઠીક કહી શકાય પુરૂષોને તો અનુભવ શીખવે તેમ શીખવું અને નચાવે તેમ નાચવું કારણ જો તેમ ન થાય તો જીવનમાં કડવાશ ઉત્પન્ન થવાનો સંભવ રહે ખરો છેવટે કડવાશને સ્થાને શુષ્કતા તો જરૂર આવે જ

વાહ સાહેબજી, મ્હારા વ્હાલા કૃષ્ણ, સાહેબજી, વિશેષ તો રૂબરૂમાં જ કહેવાનું

લી તમારી તે તમારીજ,

સુશીલા.

પત્ર (૩૬)

સુરત

તા ૧૦-૧-૧૯૧૯.

પ્રિય પતિ,

મુબઈમા સાથે રહેવાની લાલસા કેટલાક વખતથી હતી, અને આ વખતે તો તમે પૂર્ણ ફરી તમારી સાથે ચાર પાચ મહીના રહેવા મળ્યું એ વિશેષતા ખરી, બાકી તો વેપારનું કેન્દ્રસ્થાન એ મને વિશેષ સુખરૂપ ન જ લાગ્યુ

મ્હારો અનુભવ એમ કહે ખરો કે લગ્નની અતુલ ભાવનાઓનો પુરતો વિકાસ ત્યા થઇ શકે તેમ નથી. વિકાસ ન થઇ શકે એટલુ જ નહી, પરંતુ તે ઉપરાત લગ્ન શુ ચીજ છે, અને પ્રેમની શી પરાકાષ્ઠા હોઇ શકે તેનો પણ પુરતો ખ્યાલ ત્યાના સાધારણ કુટુંબોને તો ન જ આવી શકે. આ મ્હારો અનુભવ. તમને પણ આવુ કંઇક જરૂર લાગતું હશે.

આપણા થોડા વખત પહેલાના જીવનનો જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે મને એમ જ થાય છે કે કેળવાએલો વર્ગ સો-પચાસ રૂપરડી ખાતર મુબંઇમા શીદને દુખી થતો હશે? એ બધુ કેવળ ઝાંઝવાના જળરૂપ તમને નથી ભાસતુ? મુબંઇ જેવા ખર્ચાળ શહેરમા ના મળે અને મો સહેજે ખલાસ થઇ જાય, આવી તે શો લાભ? ન જીવનમા રસ મળે, ન આર્થિક સ્થિતિ પણ સદ્ધર સુધરી શકે મોટો ભાગ તો ત્યાં લુટાવાનો જ અને છેવટે એજ આશા એને ઘાતક થઇ પડવાની શું આપને એમ નથી લાગતુ? ખોટુ લાગે તો માફ કરશો, પરંતુ હું તો કહીશ કે લાખ મુબંઇમા ઘણાએ ખા એ અને એમ એ નોકરીને માટે ફાંફા મારી રહ્યા છે વળી નોકરી પણ એવી નથી કે સારી રીતે તો કોઇ પણ વ્યક્તિ ન જ રહી શકે, ખો પા મકાનો મળે તેમા સ્વચ્છ જગ્યાનો પણ બંદોબસ્ત ન થઇ શકે બીજુ તો પુછવું જ શું! હજારો કુટુંબો જ્યારે આવી રીતે સડતા હોય ત્યારે વખતે એકાદ કુટુંબની આર્થિક સ્થિતિમા મોટો સુધારો થાય બાકીના બધાનો તો મરો જ આ ઘાતક મધલાળની લાલચે દરેક વર્ષે લાખો દેશબાંધવો અગમ્ય રીતે હોમાઇ કચરડાઇ જતા હશે તેની ગણત્રીએ કોને છે? અને આ બિચારાઓ આ દુખી બહુમતીનો

વિચાર ન કરતા પેલા એક જ સુખી કુટુંબ તરફ લક્ષ રાખી જીવનને આમ વેડફી નાખે તો એમા દોષ કોનો? મરણ પ્રમાણ વધવાનુ આજ કારણ છે. આ આર્થિક વિષમતા જ વસ્તી ઘટવાનુ કારણ છે બીજા કારણો ભર-માવનારા છે

વ્હાલા, આપણા ગામડાઓ ભૂલી જે રીતે આપણે વિચરી રહ્યા છીએ તે ખરેખર મ્હને તો ભૂલ ભરેલો લાગે છે પોતાના જ ગામડામા રહી કોઇ પણ યુવક સાધારણ પ્રયાસે ભરણ પોષણ પુરતુ તો સહેજે કમાઇ શકે વળી આપણે કેળવાયેલા જ આપણા ગ્રામ્ય જીવનનો રસ લુટતા થઇ જઇએ ને સાદાઇમા રહેતા થઇએ તો ખેડુતવર્ગ તથા બીજા મજુરવર્ગનુ મુબઇની મીલોમા જે લોહી ચુસાઇ રહ્યુ છે તે ચુસાતુ મટી જાય ને બીજા જે તે રસ્તે ગયા નથી તે પણ બાકી મટકથી બચી જાય. આ વાત આપણને પહેલા ન રૂચે યા શક્તિ બહારની ભાસે તો તે બનવા જોગ છે, પરન્તુ હું તો એમ માનુ છુ કે આપણું ગ્રામ્યજીવન માનવતા તથા રસમયતા શુ હોઇ શકે તેનુ એક સચોટ ચિત્ર કહું તો પણ ચાલે. હશે, આ તો મ્હારી કલ્પનાઓ

રહી એટલે વધુ હેરાન નહીજ કરૂ. વળી અનુભવે વમને સમજાશે એટલે સંતોષ.

વ્હાલા, ...

... .

... — ... . પત્ર તુરત લખશો.

કાન્તિભાઇ વગેરેને મ્હારા પ્રણામ.

લી સ્નેહાધીના,

સુશીલા

પત્ર (૩૭)

સુરત,

તા. ૨૦-૧-૧૯૧૯.

પ્રિય પતિ,

આપનો પત્ર મળ્યો. કાન્તિભાઇને ત્રણેક દિવસ થયા ન્યુમોનીયા લાગુ પડયો છે એ વાંચ્યું ત્યારથી મ્હને તો ચેન નથી પડતુ.

વિમળાને આ સમાચાર, આપના તથા કાન્તિભાઇ તરફથી નથી મળ્યા એ જાણ્યું પરતુ વ્હાલા ! આ વાત વ્હાલી વિમળાથી ગુપ્ત રાખવી કે કેમ એ એક સવાલ છે, વિમળાને ન કહેવાનો ઉદેશ માત્ર એને દુ ખ ન થાય એટલા પુરતો જ એ સમજાય તેવું છે, પરંતુ ન્યુમોનીયા જેવી બિમારી હોવાથી મ્હને તો કહેવું એ વ્યાજબી લાગે છે. વળી હું તો બે ચાર દિવસમા જો તબીયતમા સુધારો ન થાય તો વિમળાને લઇ તમારી પાસે આવું પણ ખરી. કાન્તિભાઇ બિમાર હોય એવા સમયે વિમળાથી તો એક ઘડી પણ અહીં ન રહેવાય, વળી કાન્તિભાઇ મ્હારા ભાઇ

રહ્યા એટલે બાનુભાને મ્હને પણ ના પોષે. કાન્તિભાઈ અને બ્હેન વિમળા એ તો મ્હારા જીવનના મુખ્ય પાત્રો-માંના કંઈ તો પણ ચારે કાન્તિભાઈ એ નામ જ મ્હને તો પ્રિય થઈ પડ્યું છે પરંતુ એમને સારી અવસ્થામાં જોવા અવશ્ય જલ્દી આવો એટલું ઇચ્છી હાલ તુરત તો વિરમીશ

પત્ર તુરત લખશો વિમળા પર મારે જરૂર પડવાની જ, પરંતુ તમારા વગર [illegible] અમારાથી કેમ અવાય ? હવે પત્ર લખવામાં વિલંબ ના કરતા

લી. તમારી,

સુશીલા

પત્ર (૩૮)

સુરત,

તા ૨૪-૧-૧૯૧૯.

પ્રિય હૃદયેશ્વર,

કાન્તિભાઇ ગુજરી ગયાનો તાર મળ્યો, મરતા મરતા પણ વિમળા એમના દર્શન કરી કૃતાર્થ થઇ એ કુદરતી સંકેત નહી તો બીજુ શુ ?

વ્હાલા ! વધુ નથી લખાતુ કાન્તિભાઈ ગયા એજ મ્હને તો બહુ બહુ થઈ પડયુ છે. મ્હારા કાન્તિભાઇ ગયા એટલે જીવનનો રસ લુટાયો જ સમજવો વિશેષ હવે પછી વિમળાને મ્હારા પ્રણામ, અને થોડા આશ્વાસન શબ્દો, એ સિવાય આપણે બીજુ શુ આપી શકવાના હતા ?

લી. તમારી,

સુશીલા.

પત્ર (૩૯)

સુરત,

તા. ૨૭-૧-૧૯૧૯

પ્રિય પ્રાણેશ્વર.

આપની સહોદરી સુશીલા, આપ કાન્તિભાઇ જેવુ એક મિત્રરત્ન ગુમાવી બેઠા ત્યારે, આપને શુ લખી શકે? આપના મિત્રએટલા પુરતી જ મ્હારી પિછાન, અને વિમળા મ્હારી સખી રહી એનો જ આ ગાઢ સબધ. તમે જીવનનો એક મિત્ર ગુમાવ્યો તેટલુ જ તમારૂં દુ ખ, જ્યારે મ્હારૂં શુ ગયુ એનો હું ખ્યાલ કરૂ છુ ત્યારે મ્હને એમ જ થાય છે કે ગુમાવ્યુ તો ઘણું, પરતુ મ્હારૂં તો મે કંઈ નથી ગુમાવ્યુ.

કાન્તિભાઇ મ્હારા ભાઇ રહ્યા એટલે ભ્રાતૃભાવ તથા એમના નિ સીમ સ્નેહનો જે આનદ તથા રસ હું અનુભવતી હતી તે તો મે સદાને માટે ગુમાવ્યો જ. એમના મધુર સભાષણો મ્હને હજુ યાદ આવ્યા કરે છે, એમની મીઠી મશ્કરીઓ હવે સદાને માટે સાભળવા નહી જ મળે

મુખપર ફરકતું એમનું મધુર સ્મિત પણ મ્હારાથી નહીં જ વિસરાય.

વળી એમની દ્વારા તમને કેટલાક સંદેશા મોકલાતા હતા તે પણ હવે અધુરા જ રહેવાના. આ બધું મ્હારૂં કરી મે માન્યુ એટલે આટલુ દુઃખ અનુભવ્યે જ છુટકો. નહી તો આપ જ કહો કે આમા મ્હારૂં શુ હતું ? તત્વજ્ઞાન કહેશે કે, “का तव कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः,” (કોણ ત્હારી સ્ત્રી, અને કોણ ત્હારો પુત્ર, આ સંસારી ઘટનાજ અતિ વિચિત્ર છે.) અને એ મુજબ હું તમારી નહી, અને તમે મ્હારા નહી આ તો બધી ભમણાઓ છે, એમ કહી તત્વજ્ઞાન ત્યાજ અટકવાનું.

આ બધી વાતો મોટી રહી અને અહી તો એટલુ ઉંડું ઉતરવાની જરૂર પણ હુ નથી જોતી.

વ્હાલા ! હવે આપ સમજ્યા હશો કે કાન્તિભાઇ એ મ્હારે મન એક મોટી વાત હતી. દુનિયાના એક નિકટના સગાના ગુજરવાથી જે દુઃખ ન થાતે તે દુખ હું મ્હારા માનેલા ભાઇના ગુજરવાથી અનુભવી રહી છુ. કારણ કે આમા આસક્તિ નહોતી. આમા સામાજીક બધનોને અંગે ઉભુ કરેલુ ખોખુ યા એવું કંઇ ન હતુ. આ તો શુદ્ધ પ્રેમ

તથા સાચા સ્નેહને લીધે ટકી રહેલુ એક પારદર્શક પ્રેમનું ભવ્ય મંદીર કહુ તો પણ ચાલે, અને જ્યારે એ મંદીરનો પાયો નીચો બેસે તો શુ નુકશાન થાય તે તો આપ જ સમજી શકો છો

વિમળાના દુખનું તો પુછવુ જ શુ? એ ભલી બાળાએ શુ અનુભવ્યુ કે દુનિયાના આવા કડવા પ્રહારો સહેજે ખમી શકે? કાન્તિભાઇનો અભ્યાસ ચાલુ રહ્યા એટલે લાંબો સમય સાથે રહી પણ ન શક્યા પરણ્યાને લગભગ ત્રણેક વર્ષ થયા હશે, એમા ભાગ્યે જ કદાચ ચાર આઠ માસ સાથે ગયા હોય વળી સાથે રહીને પણ કૌટુબિક સંજોગો તથા વિદ્યાર્થીઅવસ્થા એવી રહી કે કોઇ પણ પ્રકારના વિલાસો ન થઇ શકે

વ્હાલા! વિમળા જેવી ડાહી તથા શાન્તબાળાનું તો કાન્તિભાઇના ગુજરવાથી સર્વસ્વ ગયુ જ સમજવુ મગનકાકા હવે વિમળાને નિરાતે રોટલો નહી જ ખાવા દે

વિધવાઓને આપણી સમાજ શી નજરે જુએ છે તે તમે ક્યા નથી જાણતા? વિધવાઓનું સમાજમા શુ થઇ રહ્યુ છે તેનો આપને સાધારણ ખ્યાલ તો જરૂર હોવો જ જોઇએ, પરંતુ આપને એ લોકોની સ્થિતિનું પુરતું ભાન તો

નહી હોય ક્યાથી હોય? જીવનનો લગભગ બધો સમય મુબઇમા જ અભ્યાસાર્થે ગાળ્યો, એટલે અહીની પરિસ્થિતિનુ પુરતુ અવલોકન આપ ક્યાથી કરી શકો?

વ્હાલા, મ્હારૂ પણ આમ જ સમજજો લગ્ન થયા પછી થોડો વખત હું અહી ગઇ હોઇશ બાકી તો મે પણ લગભગ બધો સમય એજ મુબઇમા ગાળ્યો છે આપણી વિધવા બાબતનુ મ્હારૂ જ્ઞાન પણ પૂર્ણ ન કહી શકાય

પહેલા તો આપણા સામાજીક બધારણો દિવસે દિવસે એટલા સત્વહીન થઇ ગયા કે લગ્નની ભાવનાઓ પણ રહેતે રહેતે નષ્ટ થઇ ગઇ, પ્રેમ યા સ્નેહ એ શુ ચીજ હોઇ શકે એનો આપણા વરઘોડીઆઓને ક્યાથી ખ્યાલ હોય? મૂળ બધારણ ઘણા શ્રેષ્ઠ હતા, પરતુ યુરોપીય વાતાવરણનો પવન ફેલાતા આપણે આપણું તો ગુમાવ્યુ એટલુ જ નહી, પરતુ અત્યારે એક ઘણી દયાજનક સ્થિતિમા આવી રહ્યા છીએ ભવિષ્યમા શુ થશે તેની આગાહી કરી શકુ એવી સ્થિતિમા હુ નથી, પરતુ એટલુ તો ખરૂ જ કે જો વસ્તુસ્થિતિ આમ લાબો સમય કાયમ રહેશે તો વ્યક્તિગત તેમજ સામાજીક જીવનો નિરસ તો થઇ જવાના. આ બાબત જરા ગૂઢ ખરી, પરતુ સાધારણ વિચારથી પણ મૂળ ખ્યાલ તો જરૂર આવી જાય.

હવે આ શુષ્ક બંધનો જ્યારે તુટવા સમય આવે ત્યારે કોઇ પણ વ્યક્તિ શુ કરે તે તો આપ સમજી શકો તેમ છો. આપણે ત્યા પુરુષ મરવા પડે એટલે સ્ત્રીને તો ભવિષ્યમા પોતાનું ભરણ પોષણ કેમ થશે યા પોતા પાસે શુ રહેશે એનો જ વિચાર રહ્યો આ કેવી દયાજનક સ્થિતિ ? જીવનના એકના એક સાથીનો જ્યારે સદાને માટે વિયોગ થવાનો હોય ત્યારે એક સ્ત્રીને માટે શુ રહ્યુ ? એનું તો સર્વસ્વ લુંટાયુ જ સમજવુ. ક્રાન્તિભાઇની ગેરહાજરીમા વિમળાને બીજી શી લાલસા હોઇ શકે ? વિમળા મગનકાકા સાથે મારામારી કરે યા દાગીના કે એવી કોઇ વસ્તુ માટે કોર્ટે ચડે તો દુનિયાનું શુ સમજવુ ? શુ લગ્નની ભાવનાઓ આવી રીતે પરિણમે ખરી ? અને જો પરિણમે તો એવા લગ્નનું શુ સમજવુ ?

મ્હારા પ્રિય પતિ ! આને લગ્ન કેમ કહી શકાય ? મ્હારાથી તો આ સહન ન થઇ શકે. કેટલી અધોગતિએ મનોદશા પહોંચી ગણાય ? વળી પુરુષ મરતો હોય તેવા સમયે એક સ્ત્રી 'મ્હારું તમે કરતા જાઓ' એવી વાત મુકે એ આપ ઠીક માનો છો ? વ્હાલા આ તો માનવામા પણ નથી આવતું પરંતુ વિધવાઓની દશા જ હાલ એવી થઇ રહી છે કે રોટલાના ટુકડા ખાતર પણ એક સ્ત્રીને પોતાના ધર્મથી સ્ખલિત થવું પડે છે.

જે પુરૂષ કંઇ પણ બંદોબસ્ત કર્યા સિવાય ગુજરી ગયો તો સ્ત્રીના તો બાર જ વાગ્યા. પછી તો એક ભીખારણ કરતા પણ બુરી દશા સમજવી ઘેરઘેર સગા-વ્હાલાઓને ત્યા ભટકવાનું, અને એક પેટને ખાતર ન કરવાનું કરવુ પડે વળી લોકોના મ્હેણા સાભળવા પડે તે તો જુદુ. આપ જાણીને તાજુબ થશો કે કેટલીક વખત તો સારા ઘરની વિધવાઓને પણ આવી રીતે દુઃખિત થવું પડે છે કેટલાક કુટુંબોમા વિધવા એટલે એક કૌટુંબિક વ્યક્તિ નહીંજ પરંતુ કુટુંબપર આવી પડેલો બોટો બોજો. જ્યા આવી અનાદર બુદ્ધિ હોય ત્યા દયાભાવ યા સહાનુભૂતિ જેવુ કંઇ જોવા ક્યાથી મળે? વળી મ્હારી કેટલીક વિધવા બ્હેનો માટે પણ મ્હારે કહેવુ પડશે કે સ્ત્રીધર્મ પતિના મરણ પછી તો એ લોકો છેક જ વિસરી જાય છે પતિ ગયો એટલે જાણે સ્વચ્છંદપણે વિચરવાનો પટો જ મળ્યો હોય, એમ એ લોકો, ધર્મથી ચ્યુત થઇ કૌટુંબિક માન મરતબાની લેશ પણ કાળજી ન કરતા મરજી મુજબ વર્તન કર્યા કરે છે.

વ્હાલા! તમે પુરૂષો પણ ક્યા ઓછા નઠોર છો? તીખું લાગે તો માફ કરજો, પરંતુ સ્ત્રીઓ કરતા પણ પુરૂષોની સ્થિતિ તો વધુ શરમાવા જેવી છે એમ કહું તો

પશુ ચાલે જીવના જેની પછવાડે ગાડાની માફક ભમ્યા કરો છો એવી એક સ્ત્રીના મરણ સમયે તમે પુરુષો કેમ વર્તન ચલાવો છો તે ક્યાં અજાણ્યું છે? સ્ત્રી અગત્યની એક જાણે સાધારણ વસ્તુ હોય તે માફક તમે એકની મરણ ક્રિયાઓ તો જ્યાં હજુ પુરી થઈ નથી ત્યાં તો બીજી માટે તૈયારી કરો છો શું આ બધું તમો પુરુષોને શોભે ખરૂ? અંગનો પ્રેમ એક ઘડીમાં તમે વિસરી જાવ ખરા' જો એમ થાય તો પછી મનુષ્યની મનુષ્યના તરીકેની કેવી કિંમત આંકવી?

બાળા, સુશીલાના મરણ પછી આપત્ત ઠરીથી કોઈ બીજા સ્ત્રીજન સાથે જોડાવું પડે તે તે સમજાય તેવું છે, કારણ કે જો તેમ ન થાય તો દુનિયામાં એક મહાન અનર્થ ફેલાવાનો સંભવ રહે ખરો. મેલેરીયાના દર્દીને ક્વીનાઇન આપ્યે જ છુટકો, તેમ જ પુરુષને પણ આવા સમયે જો લગ્ન સ્વરૂપ ક્વીનાઇન ન અપાય તો એણે તો મરવું પડે પછી એને જીવનમાં રસ ન રહે એ બધુ ઠીક જાણે, છતા આમા મર્યાદા ખાસ હોવી જ જોઇએ એમ લાગ્યા વિના નથી રહેતું. પુરૂષ ફરીથી ભલે પરણે, એમા કદાચ હાલ અમે વાંધો ન લઇએ, પણ સ્ત્રીના મૃત્યુ પછી તરત એકાદ દિવસમા તો એનાથી આવી તૈયારીઓ ન જ થઇ

શકે. શું આપને એમ નથી લાગતું ? કેટલીક વખત તો પુરૂષના નીકટના સગાઓ એને માટે સ્મશાનમાં જ બધું નક્કી કરી નાખે છે એ પણ કેટલું શોચનીય ? હશે, આ બધી ગેરવ્યવસ્થાનો તમારે હાથે એક દિવસ નિવેડો આવશે એમ આશા રાખું.

વ્હાલા ! બ્હેન વિમળા વિધવા થઇ એ મ્હારાથી તો નથી સમજાતુ એણે શુ સુખ ભોગવ્યું કે હવે એના નસીબે વૈધવ્ય આવી પડ્યુ ? પરંતુ સમાજ તો એને વિધવા તરીકે જ ગણવાનો.

વ્હાલા ! મ્હારી વિમળા ફરીથી પરણે એમ આપ ન ઇચ્છો ? આ વાત મ્હારાથી તો હાલ ન થાય, પરંતુ જો તમારી સમ્મતિ હોય તો કઇ રસ્તો એ ચાર મહીને થઇ શકે. સગાવ્હાલા એને સુખે નહીં બેસવા દે એ નિર્વિવાદ, અને પિયર પણ સહેજે ન જઇ શકાય. હાલ તુર્ત તો મૌન રહેવુ એજ બાજુથી કહી શકાય. વિશેષ કંઇ જ નહી. વિમળાને પ્રણામ

લી. તમારી,

સુશીલા.

નોંધ—૨ આમા કેવળ યુરોપીય વાતા વરણજ કારણ નથી. આપણી નબળાઇઓ, બીજી પ્રજાના ઇતિહાસમા આવતા હુમલાઓ અને ઘણા વખતથી પર પ્રજાની સત્તા વિગેરે અનેક કારણો છે, પરતુ કેટલાક કારણો દૂર કરી શકાય તેવી સ્થિતિમા હતા તેમાથી કઈક સુધારો કરી શકાત પરતુ યુરોપીય વાતા વરણે અને સત્તાએ સૌ કરતા વધારે નુકશાન કર્યું છે એ તો નિર્વિવાદજ છે મુસલમાની રાજ્ય વખતે આપણે દબાઈ બેઠા હતા, પરતુ જ્યારે લાગ આવે ત્યારે તૈયાર થઈ જતા હતા જેઓ પતિત થતા હતા તેઓને બહાર કાઢીને શુદ્ધ વાતાવરણ જાળવી રાખ્યુ હતુ આજે યુરોપીય સસ્કૃતિ આપણામા રગેરગ પ્રવેશ કરવા પ્રયત્ન કરી રહી છે, અને તેને દૂર કરવી બારે મુશ્કેલ થઈ પડ્યુ છે કેમ જાણે લોહીમા પચી ગઈ હોય તેમ કેટલીક બાબતો તો સદન્તર પચીજ ગઈ છે, અને તેની વિજળીના બહુજ જેગ એવી ખુબી છે કે એક વસ્તુ પકડી એટલે બીજીને પકડયેજ છૂટકો, અને પ્રજાનો મોટો ભાગ, બલ્કે સમસ્ત પ્રજા કહુ તો પણ ચાલે, એ તરફ ઘસડાતો જાય છે એટલે તેમાથી છૂટવુ, પોતાની સસ્કૃતિની મોજ કરવી, ને તેમા સુધારો કરવો એ કેટલુ મુશ્કેલ છે તે તો વખત આવેજ સમજાશે. કેટલુંક તો વારસા રૂપે પણ ભૂલાતુ જાય છે ભવિષ્યમા તે એક મોટી શોધ જેવું લાગશે, તોપણ કેટલાક સંજોગોથી આશા રહે છે કે આપણે જો પ્રયત્ન કરીએ તો એ યત્રણામાથી સહેજે છુટી શકીએ ખરા.

પત્ર (૪૦)

સુરત,

તા. ૩૧-૧-૧૯૧૯

હૃદયનાથ,

આજનો મારો પત્ર મને જ મુંઝવનારો છે, તો પણ જે કંઇ છે તે આપના ચરણ આગળ સાદર રજુ કરૂં એજ મારૂં કર્તવ્ય, મને અને આપને જરૂર કંઇ લાભ તો થવાનો જ, આપણી ભાવનાઓ તથા મહત્વાકાંક્ષાને જરૂર એક વિચારનો દૃષ્ટિકોણ મળે છે

વ્હાલા! બ્હેન શાન્તાને માટે જ્ઞાતિના આગેવાનોનું વલણ, તથા ઝવેરકાકાને તેના પક્ષનાઓનું વલણ એ બધાથી તમે વાકેફ છો. ગઈ કાલે હું ઓટલે કાંતણ કરવા બેઠી હતી, તેવામાં એ વાત ચર્ચાતી હતી, લાંબા હાથ કરી કરી મહોલ્લાની સ્ત્રીઓ ચર્ચા કરી રહી હતી, બુમ, બરાડા પાડતી હતી, ને કોઇક તો ઝીણી ઝીણી—કેમ જાણે ગુપ્ત વાત હોય, એમ અનેક તરેહની રચના ને વિચિત્રતાથી ચર્ચા ચાલતી હતી. હું તો મારે બેઠી બેઠી સાંભળ્યા કરતી હતી, ને

દાતણ કર્યે જતી હતી તેવામા નાતના ગોર નદશ કરકાકા નીકળ્યા ઘરડા અને માન અપમાનની પરવા વગરના એ આપણા ઓટલાની કોર પર ચોડીવાર બેઠા, અને તેને પેલી વાતમા રસ પડયા હોય તેમ અધરથી ઉપાડી લઇ વાતે વળ્યા એટલામા સ્ત્રીઓનુ ટોળુ વીંટાઇ ગયુ “કાકા આમ થયુ, ને તેમ થયુ,” “કાકા આમ થશે ને તેમ ’ એવી વાતો ચાલી મને તો રસ ન પડ્યા ગોર તો ‘હામા હા’ મેળવ્યે જતા હતા, મને થયુ કે—“ સમાજના બધારણોના ઘડનારા આવા સ્વાર્થી નનફટ્ટા હોવા જોઇએ, તેની સાથે ચર્ચા કરી તેના વિચાર કઇંક ફેરવાય તો આ લોકો હિમાયત કરતા મટે, અને સમાજના બધારણમા ફેરફાર કરતી વખતે આવા લોકો બહુ ડોળે નહી ’ એટલો વિચાર આવ્યો અને તેની સાથે વાતચિત કરવાની ઇચ્છા બહુ તીવ્ર થઇ આવી, બૈરાંઓ વેરાવા લાગ્યા. કેટલીકને તેના બાળકો ખાવાનુ આપવા ખેંચી ગયા કેટલીકના પતિ ઘેર આવ્યા તેથી ચાલી ગઇ વળી કેટલીકને ઘાટા પાડી સાસુએ કામપર વળગાડી દીધી, એક બે દોઢડાહી ડાશી ગોર સાથે કડાકૂટ કરતી કરતી ઉભી હતી, ને ગોર તો વાતમા ભારે રસીયા બન્યા હતા એટલે વડકો આવ્યો, એટલે મે કહ્યુ “કાકા અદર બેસો,” એમ કહી એક ચટાઇ નાખી દીધી, કાકા તો લાબા હાથ કરી કરી ઘાટા પાડી શાન્તાના છુટકારાના

ગુણદોષ ઉપર વાતો કર્યે જ જતા હતા, તેમ તેમ મારી ફિકર, મારો તિરસ્કાર, તથા સ્વભાવમા તીવ્રતા વધ્યે જ જતા હતા

હું ઉપર જઇ પાનનો ડબ્બો લાવી કાકાને પાન આપ્યુ, એટલે ચટ દઇને તમાકુની દાબડી કાઢી પાનમા મુકી ચાવવા લાગ્યા, જરા કાકો ચઢયો

મે પુછ્યુ, "શુ છે કાકા? આટલુ બધુ શુ છે જે?" "અરે! આ પેલા ઝવેરની છોકરી શાન્તાનુ સગપણ તોડયાની વાત" "તેમા શુ ખોટુ કાકા? મડા સાથે કઇ મીંઢળ બધાય?" "તુયે સુધરેલી થઇ ગઇ છો હુ જાણુ છુ" એમ કહી મારા પર ધુરક્યા મે આગળ ચલાવ્યુ, "પણ કાકા! રમણનુ શરીર છેક આવુ થઇ ગયુ છે તેની સાથે લગ્ન કરે તો શુ મા બાપ પાપના ભાગીદાર નહીં? સો વર્ષનો થાય, પણ કાલે ઉઠીને કઇક થયું તો બિચારી શાન્તાના શા હાલ? તેનો કેમ કોઇ વિચાર કરતું નથી?"

"તો પહેલાથી વિચાર કા ન કર્યો? હવે બધુ દોઢ ડહાપણ ક્યાથી આવ્યું?" "પહેલા ભૂલ થઇ ગઇ, એટલે જ્યા સુધી તેનુ સ્થાયિ પરિણામ ન આવ્યુ હોય ત્યા સુધીમા સુધારી લે તો તેમા શુ ખોટું?"

કદાચ એ શાનું સાંભળે ? એતો બોલી ઉઠ્યા, "એમણે બધાએ ભૂલ કરે, ને પછી સુધારવા આવે, એમ તે નભતું હશે ? એમ ઢીલું મુકીએ તો દરેક પોતાની જવાબદારીનો ખ્યાલ ન જ રાખે, અને હમેશ નાતના આગેવાનોને એવા તો નવરાજ ન થવા દે. શું કંઇ પાંચ પૈસાનો પગાર કોઇ બંધાવે છે ? એ તો એ જ લાગના, પોતાની જવાબદારી કા ન સમજે ? કોણે પત્થર મૂક્યો હતો કે રમણ સાથે વરાવે ? ત્યારે તો હવેલી ને પૈસો જોયો હતો, અને હવે ફરી બેસવું છે. જો એમને એમ પોચુ મુકીએ તો કોઇ પોતાની જવાબદારીજ ન સમજે. નાત ગઈ મોટી એટલે રોજ આવાને આવા રોદણા આવ્યા જ કરે. દિકરી આપવી શું સ્હેલ વાત છે ? એ તો જીંદગીના સાટા ખ્હેન ' તમે શું સમજો ? " ઉશ્કેરાઇ ઉશ્કેરાઇ ગોર તો બોલવા લાગ્યા. ને મને થયું કે આની સાથે ક્યાં વાત કહાડી મન થયું કે કાનપટ્ટી પકડીને બહાર કાઢું આની સાથે પાનો પડ્યો હશે તેની બિચારીની શી દશા હશે ' પરંતુ ગોરાણી પણ કંઇ કાચી પોચી નથી " જૈસે કુ તૈસે " મળ્યા છે. મહોલ્લામાં આવે છે ત્યારે પોપાટ કરી મુકે છે. કાને પડ્યું સાંભળવા દેતા નથી. જાણે ત્રિલોકનું રાજ હાથમાં આવ્યું હોય, એવી તો ખુમારી. જ્યાં લગી આવા લોકો જીવતા છે, ત્યાં લગી સુધારાની શી આશા રાખવી ? પણ કંઇ

ફીકર નહીં. એ કંઇ અમરપટ્ટો લખાવી લાવેલ છે ? એ સિધાવશે પછી તો અમે છીએ જ ને ? હિમ્મત હારવાની કંઇ જરૂર નથી. એક વખત એવો આવશે કે ધારણા બધી સફળ કરીશું. આ વિચારોએ વળી હું જરા ટાઢી પડી

મગજપર કાબુ રાખી મેં તો આગળ ચલાવ્યે જ રાખ્યું— " પણ કાકા ' એમા બાપડી છોકરીનો શો વાંક ? બાપના ગુન્હા બદલ કંઇ દંડ કરવો હોય તો કરે, પણ નિર્દોષ બાળા, હજુ જેને દુનિયાનું ભાન નથી તેનો શો અપરાધ ? તેની કોઇને દયા આવતી નથી બધાયે કઠોર થઇને શેઠી-આઓની હા માં હા મેળવ્યે જાઓ છો, તમારા દિલ તે પત્થરના ઘડયા છે કે વજ્રના તેની મને તો કંઇ સમજણજ નથી પડતી વળી સત્તાની ખુમારી અને ઘમંડ તો જુઓ ! રાતના બારબાર વાગ્યા સુધી તો સાહેબોના પનોતા પગલા થાયજ નહીં, તો પછી શા માટે આગેવાનીનું પુછડું પકડી રાખતા હશે ! શક્તિ ન હોય તો છોડી દે, હાથમાંથી મુકવું નથી ને, સૌને ખરાબ ખરાબ કરવા છે. " મેં તો બરાબર અર્જુનના ગાંડીવમાંથી બાણ છુટે તેમ વરસાદ વરસાવ્યો, ગોર જરા ઢીલા પડયા. એમ તો લાગ્યું. પણ ગમે તેમ તોયે બિચારી વાગડ જાતને ?

તે બોલ્યા, " સાંભળ બ્હેન ! સાંભળ. આજની વે

મા. બેન નિશ્ચે અમારી બધી બાબત સહેતુક જ હોય છે, માત્ર તે હેતુઓ અમારા આદર્શને અનુસરીને હોય છે તેમા મતભેદ ભલે હોય, પણ—"

"મુઇ તમારી સહેતુકતા ને મુઓ તમારો આદર્શ પણ તેમા કેટલાયના જીવન કોમાઇ જાય, ને કઇકનુ મોત થઇ જાય તેનું શુ ! તેના જવાબદાર તમે નહી ? પણ, પણ, શુ કરો છો ?

"અરે ! પણ મારી વાતતો સાભળ. ને તારોજ વિચાર કર."

"મારૂં નામ કોણ લે તેમ છે ? મને શુ છે ? વચ્ચે મને શાને લેઇ પડયા ?"

"ના, ના, તને લઇ પડવાનું નહી હુ એક વાત કહુ તે તો સાભળ. તારે વિષે સમજાવીને આ વિષય તને સમજાવવા માગુ છુ જ્યારે તારે મારી સાથે ચર્ચા કરવી જ છે, તો પછી ખુલ્લા દિલથી કર. મારી સાથે સંકોચ ન રાખતા હું પુછુ તેનો ખુલાસો કરજે. અમે તો પૂજ્ય મેવાકઓ, એટલે અમારી પાસે સંકોચની જરૂર નહી "

"ના, ના, કાકા એમા સંકોચ શો ! ચર્ચાની ખાતર જે ખુલાસા પુછશો તેના રોકડા જવાબ આપીશ. અને કહેશો

તો ખાતાને પણ તમારી રૂબરૂ હાજર કરીશ.”

“અરે, નારે ના. ખાતાનીયે કંઈ જરૂર નથી હું પુછું તેના જવાબ દેવાને તું તૈયાર હોય ને બંધાતી હોય, તો થયાં આગળ ચલાવું. નહીંતર કાંઈ નહી. મારે કામ છે, વખત ઘણો થયો છે હજુ તો સ્નાન પુજા પાઠ કરવા છે”

મેં ધાર્યું કે આવો લાગ કાં જવા દેવો. મને વળી ક્યાં તેની સાથે માથાકૂટ કરવાનો વખત ફરીને મળવાનો હતો? કંઈક ભેદ ભરમ જાણવા મળશે. એમ વિચારીને મેં જવાબ આપ્યો,—“ના, કાકા એમ ઉતાવળ શી કરો છો? હજુ તો વખત ઘણોયે છે. બેસો ને. વળી તમે ક્યાં રોજ રોજ આવવા બેઠા છો? બોલો, ખુલાસો કરો. વાત છેડી ને અધુરી ના મૂકાય હું પણ તમે કહેશો તેના સાચે સાચા ખુલાસા આપીશ.”

“વાહ! બ્હેન! સાંભળો ત્યારે જુઓ એક કલ્પના કરો. તમે તો હજુ બાળક ગણાઓ. કાલ સવારે મેં તમને આવડાંક રમતા જોયા હતા. તમે જુવાન થયા ને તમારૂં લગ્ન થયું તે ક્યાં મારાથી અજાણ્યું છે?

મને થયું કે આ ડોસો શું કહેવા ધારે છે? ક્યાંની વાત ક્યાં ઉપાડવા ધારે છે? પણ મેં તો હામાં હા ઉમેરી.

"હા, કાકા તમારાથી કયા કંઈ અજાણ્યું છે?" "હા, બા, હા, તમારૂં જોડું તો ખરેખરૂં. ભગવાન અવિચળ રાખે ને સો વર્ષનું કરે મારો તો એ આશિર્વાદ છે બ્હેન, તમારો પરસ્પર પ્રેમ શુદ્ધ હોય એમ લાગે છે."

ગોર મહારાજે મ્હારા તરફ આશાઓ ફેંકવા માંડ્યા હું તો સામે ને સામે જોઈ રહી ને કાંઈ પણ જવાબ ન આપતા વાત સાંભળવા તત્પર થઇ રહી તેણે આગળ ચલાવ્યું —

"ધારો કે—તારૂં લગ્ન હજુ થયું નથી, પણ તમારા બન્નેનું સગપણ થયું છે ન્યાતમાં એવો ધારો કરવામાં આવ્યો છે કે—વરકે કન્યા બેમાંથી એકેયનું શરીર નાતંદુરસ્ત માલૂમ પડે તો તે સગપણ તોડી નાખવું. તેમાં જરાયે વિલંબ ન કરવો, અને આવી બાબતમાં તાબડતોબ ભેગા થવું અને જેમ બને તેમ થોડીજ મીનીટોમાં આ કામ આટોપવું. તુરત બીજે લગ્ન કરાવી દેવું. તેમાં ક્ષણભર પણ વિલંબ ન કરવો એમ થાય તો શું ખોટું?"

"હું તો કહું છું કે, કાંઈએ ખોટું નહીં" "બરાબર પણ. મને હજી એક પ્રશ્ન પુછી લેવા દે. તું વસંતને વરી છો, કે તેના શરીરને, તેના રૂપને, તેના સૌંદર્યને, તેના વૈભવને, તેની વિદ્યાને, તેના શાખને, કે તેના ગુણને

વરી છો ? તે એકવાર કહે. શરમ રાખીશ નહી. મારાથી શરમાવાનું ન્હોય, તું તારે ખરી વાત જણાવી દે."

"હું શેને વરીશું તે તો કંઇ કહી શકતી નથી, પણ મારી પસંદગી કોઇ શુદ્ધ તત્વ પર ખડી છે, અને તે ઉપર ગણાવેલી સર્વ ચીજોની પર છે. મને લાગે છે કે અમારા બન્નેનું પરસ્પર મિલન—એકતા કે સંબંધ કોઇ અપૂર્વ તત્વ ઉપર છે. તે શું છે તે કહી શકતી નથી. મારી અને તેમની વચ્ચે એક જ તત્વ છે. તે એક જ તત્વથી અમે બને સંધાયેલા છીએ."

"બસ બ્હેન, આજ તત્વ અને ભાવના ઉપર આર્ય લગ્ન વ્યવસ્થા ખડી છે. બીજા તત્વો તો તેના ડાળા પાંખડાં કે શોભાના તત્વો છે કેટલાક આભાની રક્ષા માટેના કિલ્લા ભૂત તત્વો છે. ખરી વસ્તુ તો તે કહ્યું તે જ છે. ધન્ય છે તમારા યુગલને. આવા યુગલો ઘેર ઘેર હોય તો સતયુગ જ સમજવો."

"કાકા, એવો સતયુગ આવશે કે નહી ?"

"એ આશા ન રાખો પણ આજ કાલ તો શું થઈ રહ્યું છે તેનો વિચાર કરું છું ને માથું ભમી જાય છે. હડહડતો કળીયુગ ! તમો બધા ઉન્નતિ ઉન્નતિ કરિને કેણ

બાધે છુમે અજવાળશો ? જે સુંદર આદર્શ વખતના નિયમો છે તેને પણ તોડવા અને તેની ફજેતી કરવા આજકાલ તમે લોકો તૈયાર થયા છો. તે સુંદર આદર્શ ઉપર રચાયેલા છે તેને જોર દેવુ તેમા ઉન્નતિ કે તોડવા તેમા ઉન્નતિ ? હશે જે થવુ હશે તે થશે આપણા હાથમા કાંઇ બાજી છે ! ધાર્યું ધણીનું હજાર હાથવાળાનું થશે તમે બન્ને કોઇ શુદ્ધ તત્વથી જોડાયા છો એ સાંભળી મારા હર્ષનો પાર નથી રહેતો, બ્હેન ! ધાર કે હજુ તું કુંવારી છે તમારૂં સમર્પણ થયુ છે, અને તમે એક બીજાને ખરા સ્વરૂપમા ચાહો છો તેમા ન કરે નારાયણને વસંતને મુંબાઇનુ પાણી લાગ્યુ."

ડોસો મારા પર વજ્ર ફેંક્યુ હું તો આભીજ બની ગઇ. મુજી ઉઠી આતે શું કહેવા ધારે છે ? મે તો ઝટ જવાબ દીધો કે, "દવા કરાવે ને સારૂં થઇ જાય, કંઇ શરીર કોઇનું નહી નરમ ગરમ થતુ હોય ?"

"વાહ ! દવા કરાવે કંચન જેવુ શરીર થઇ જાય. પણ મે કહ્યુ તેમ તે વખતે ન્યાતમા કાયદો હોય કે તાબડ તોબ લેખ થવું ને સમર્પણ તોડી નાંખવુ ન્યાતવાળા ઢીલ કરે તો તારા બાપુ ને તેના મળતીયા તેમા ઉતાવળ કરાવે

ત્યારે તને એ બધા મીઠા સાકર જેવા લાગે કે ઝેર જેવા લાગે ! તેનો જ માત્ર હું તારી પાસે જવાબ માગું છું."

મને ત્યારે કંટાળો આવ્યો, મનમાં થયું કે આના મોંમા ડૂચો મારી દઉં કે ઉપર ચાલી જઉં, અને પ્રતિજ્ઞા કરું કે આ ડોસાનું કદી મોં ન જોઉં તો પણ હિંમત રાખીને જવાબ દીધો, "કાકા, કોઈએ ભેગા થાય નહી ને મળે પણ નહી પરંતુ દિવસે જ મેં જોયું ને રાતના બાર વાગ્યા સુધી કોઈ આવ્યું નહી. ને કાલે આવ્યા, તે પણ ધીમે ધીમે મંદ ગતિએ આવ્યા"

"મેં પ્રથમ જ કહ્યું છે કે—તાબડતોબ ભેગા થાય, અને તમને બન્નેને જુદા કરી નાખે, એટલું જ નહી પરંતુ તને છેવટે બીજે લગ્ન કરી લેવાની ફરજ પાડે. એવી કલ્પના કરીને આપણે તો વાત કરી છે"

"એમ કોઈ ભેગા થાય નહી, ને ફરજ પાડે નહીં. વળી ફરજ પ્રમાણે વર્તવું ન વર્તવું એ તો મારી મરજીની વાત રહી એવી કલ્પના નકામી કર્યેથી શું !"

જો આ કલ્પનામાં આપણે જે વિષય ચર્ચ્યો તે ખોટો હોય તો પછી જે ચાલે તે જ ખરું કે નહી !"

"શું બધા માટે એકજ નિયમ ચાલતો હશે ? લાતા તો બિચારી જુદી થવાને ઇચ્છે છે"

"તેં મારા પ્રશ્નનો જવાબ બરાબર નથી આપ્યો. પણ હું જ તારી મનોવૃત્તિ કળીને જવાબ મેળવી લઉં છું કે—તે વખતે તને એ ધારા પણ પસંદ ન પડે અને ઉતાવળા આવવા કરતા મંદ ગતિએ ચાલનારા, તેમ થવા દેવામાં પથરા નાખનારા ગળ્યા મધ જેવા મીઠા લાગે ખરું કે નહીં."

તોએ મેં તો કંઈ જવાબ ન દીધો. શો જવાબ દઉં? મારો આશય તો સમજી ગયા, અને મને વધુ ન શરમાવતા તેમણે જ આગળ ચલાવ્યું, "શાતા તો છૂટી થવાને ઇચ્છતી હતી. એમ છૂટા જલદી કરી દેવાય? એની મનોવૃત્તિ તમારા કરતા તો ઢીલી જ ને? તેમ જ તેઓનો સંબંધ આદર્શ તો નહીં જ ને? એટલે આદર્શ ટકાવી રાખવા ઇચ્છતા સમાજ નાયકોની ધ્યાન બહાર આ વાત પણ હોતી નથી. એટલે તેને જાહેરમાં બહુ વજન ન આપતા કંઈક દાબ બેસાડવા જે પગલા લે તેટલા પુરતો જ વિલંબ કે વિરોધ સમજવો. જો એકને એમને એમ સ્હેજે છૂટા કરી દે તો પછી તેનો ચેપ લાગે. અને ધીમે ધીમે સમાજના મોટા ભાગમા પ્રસરે આ રીતે એકને છૂટા થવામાં મુશ્કેલી પડી હોય, તો પછી બીજા બહુ જ સંભાળીને ચાલે. બાકી જ્યાંસુધી લગ્ન ન થયું હોય ત્યાંસુધી

છુટા કરવામા ભેવટનો થોડો જ ખર્ચ વાપો છે ! બીજા દેશોમા લગ્ન થયા પછી પણ છુટવામા ઘણી મુશ્કેલી નથી, તો પછી આ દેશમા તો લગ્ન થવા પહેલા પણ છુટવાની આટલી મુશ્કેલી મુકવામા મને તો સમાજનો ઉંચો આદર્શ લાગે છે સગપણમા અરસ્પરસ વચનથી બધાઇને કરાર કર્યો હોય, તેની એક માણસના વચનની–કેટલી કિંમત કે તેમા સ્હેજે ફેરફાર ન થઇ શકે ? આ બધુ માનસશાસ્ત્રના અભ્યાસ અને તેનું હિંદમા વ્યવહારૂ સ્વરૂપ સમજ્યા વિના સમજાય તેવું નથી. લોકો આટલી બધી ચર્ચા કરે છે–નિંદે છે. તેનો એજ અર્થ કે અહીંની પ્રજાનો આ આદર્શ નથી. બીજા પણ આદર્શને વળગી રહેવા કાળજી રાખે તેટલા ખાતર ”

“ એ બધુ સમજ્યા, પણ કાકા, આ લોકોની રીત ભાત કંઇ જુદી જ લાગે છે સભાનું કામકાજ કામ પણ ડોળ વગરનું ચલાવાય છે કે કંટાળો જ આવે. અને બધા પક્ષો માટે એક જ જાતના નિયમો લાગુ ન હોય એમ લાગે છે ”

“ એ વાત તો ખરી, પરંતુ સમાજનો આદર્શ તો એક જ હોય. અને તેને જેમ બને તેમ સમાજ વળગી રહે તેમ સમાજ હિતચિંતકોએ તો કરવું જ જોઇએ ને !

પછી જેવું પાત્ર તેને અનુસરીને તેની આડકતરી યોજના તો કરી જ નાખે બાકી સભાના કામકાજની વાત કરી તે તો મનેયે ખુંચે છે અમે નાના હતા, અને મગન કાકા જ્યારે શેઠ હતા ત્યારે કેવી આમન્યા ! કેવી મર્યાદા ! શેઠ, પટેલીયા, ચોવટીયા, કોટવાલ, ભંડારી, વહીવટીયા બધા પોત પોતાના અધિકાર પ્રમાણે જ વાત કરે વચ્ચે કોઇ બોલે નહીં સૌનું બરાબર સાંભળવામાં આવે. અને છેવટે નિર્ણય થાય, ને શેઠ સૌને સંભળાવે ત્યારે સૌ માથે ચઢાવે, અને એકે અવાજે કબુલ કરે ઘેર જતાની સાથે એકે એક માણસ અમલ કરે અમલ ન થયો તો તુરત ઠરાવેલી શીક્ષા તેમાં વાર જ નહીં. અહા ! એ વખતે શો મરતબો ! મર્યાદા ! શરમ ! માન ! દંગ થઇ જઇએ ! અત્યારે તો ક્યાં કોઇને માથે મુકુટ છે ? કોઇ કંઇ બોલે ને કોઇ કંઇ. ગડાઓ રે:વે તો પણ કેટલાક ડાહ્યા માણસો છે ને નભે છે, નહીતર તો ક્યારનુંયે ભોંય ભેગું થયું હોય ”

“ અમને તો આ બિલકુલ પસંદ નથી. આવા આવા બંધનો તો તોડી નાખ્યે જ છુટકો નકામા અર્થ શૂન્ય, હેતુ શૂન્ય, બંધારણો શા કામના ! તેનો તો ભાંગીને ભૂકો કર્યે જ છુટકો ”

“ હા, બા, હા. તમે તો એમ જ કરશો. અમે ધારા જ બેઠા છીએ. તમારાથી ઉદ્ધાર નહી થાય તમે તો

ભાગીને જૂઠ્ઠા જ કરશો પણ તેમ કરવાથી સુખી થાઓ તો તેમ કરજો. પણ મને આશા નથી કે તમે તેથી સુખી થાઓ. ઓલામાથી ચુલામા પડશો "

" એમ કેમ ? "

" એમ કેમ. કહું ? જો સાભળ. અમારા આ બધારણો પ્રજાએ ઘડયા છે, અને સ્વેચ્છાએ સ્વીકાર્યા છે તમારા ભાવી ઉપર તો પોલાદી ચોકઠુ છે અને તેના કાયદાના પેગલનો ક્યા પાર છે ? તેમા બધાતા જાઓ છો. તેની તમને ક્યા ખબર છે ? તે હાલ તમને માલુમ નહી પડે, પણ જ્યારે તેનો તમારી ભાવિ જીદગી ઉપર અમલ થશે ત્યારે તમારી આખ ઉઘડશે પછી છુટવા ધારશો ત્યારે નહી જ છુટી શકો. અમારા ધારા ધોરણનો અમલ એટલો આકરો નથી, પણ તે ધારાઓનો અમલ ફોજદારી અને ન્યાયાધીશી કોર્ટો દ્વારા થશે. ત્યારે તમારી આખો ઉઘડશે. અમારા ધારા અમારી પછી ફેરવવા ન ફેરવવાની સત્તા તમારા હાથમા આવશે. પણ પેલા ધારાઓ ફેરવવા એ તમારા હાથની બાજી નહીં રહે. "

" તે વખતે તો પ્રજાની સત્તા હશે એટલે પછી કઇ વાધો નહી રહે. "

"બ્હેન, જૂઓ છો પ્રજા સત્તા રહેશે એ વાત ચોક્કસ, પણ અહીંની પ્રજાની સત્તા નહી રહે, પરતુ વિદેશની પ્રજાની સત્તા ર્‌હેશે. અને કોઇ પણ કામ પ્રસંગે તેને રીઝવવા તેના કાલાવાલા કરવા પડશે. સમજ્યા મ્હારા શાણા બ્હેન ? આ ભોળો બ્રાહ્મણ કહે છે તેને બ્રહ્મ વાક્ય માનો, અને અમારી વચ્ચે રહીને અમને જ ન ભેદો સમજ્યા કે ? શાતા જેવી નિર્દોષ બાળાને બહેકાવી દેનારા પણ તમારા જેવા જ હશે, પરતુ એક પગથિયુ નીચે ઉતરતા પછી તે ક્યા જઇને અટકે તે કહી ન શકાય. શરીરને કારણે કોઇ કન્યાને સમાજ છુટી કરે તો તે અપવાદેજ બીજા પુરૂષને સ્વીકારની હતી, અને તે પોતાની જ જ્ઞાતિમાથી તેમ કરવાની શાતિ છુટ પણ આપે. તમારા લોકોનો આદર્શ પણ જુદો છે પુનર્વિવાહ, અમે તે જ્ઞાતિમા લગ્ન આ બધા તમારા આદર્શો છે શરીર નરમ છે, ને અજ્ઞાન છે, વૃદ્ધ છે, ગરીબ છે, વિધવા દુખી છે, એ તો તેના બધા બ્હાના છે આવા દોષો કાઢીને આખુ પ્રથાનુ વજન ઓછુ કરો તો પછી તમારા સમયમા તમે તમારા આદર્શ પ્રમાણેજ છુટથી વર્તી શકો તેની આ પૂર્વ તૈયારી છે એટલેજ અમારો તમારી સામે વિરોધ છે. તમારો અને અમારો એક આદર્શ હોય, તો તમે જે ભૂલ બતાવો તે અમે નીચી મુડીએ સાભળવા તૈયાર છીએ એ અમારો તમારો મૂળનો વિરોધ છે "

" અમને તો તમારા આદર્શો કંઇ સમજાવવા જ નથી. અમે જે સમજી શકીએ તેજ રસ્તે જવુ છીએ છે અજાણ્યે માર્ગે જવાથી શો લાભ? અને જ્યારે તમારા આદર્શો સમજીશુ ત્યારે એને અમલમા મુકતા ક્યા વાર લાગવાની છે?

" ક્યાથી સમજાય! તમે તો યુરોપના ચશ્મા પહેરો છો ને? હિંદુસ્થાનમા બનેલા ખંભાતી ચશ્મા પહેરતા હો અહીની દ્રષ્ટિથી બધુ દેખાય તમને તેની પરવા પણ ક્યા છે? તમે જે કંઇ શીખો છો તે બધુ ત્યાનું જ શીખો છો એટલે તમે અમારી સમાજમા છતા તમારૂં બુદ્ધિનુ વાતાવરણ જુદૂ જ ઘડાયુ છે. તેમા તમારો વાંક નથી, પણ પેલા પોલાદી ચોકઠાની જ આ બાજી છે. તેમા તમે શુ કરો? અહીંના આદર્શ સમજવા મહેનત કરો તો ઘણુંએ સમજી શકાય તેમ છે, પરંતુ તેમા ભોગ આપવો પડે તેમ છે. આખો આર્યાવર્તનો ઇતિહાસ, આર્ય સંસ્કૃતિ, આર્ય પ્રજાનું બંધારણ, તમો સ્રીઓ માટેના બંધારણો—સ્રીત્વ, આર્યસ્રીત્વ, સ્રીઓનું મનોરાજ્ય સમાજની સ્થિતિ વગેરેનો અભ્યાસ કરીને સામાન્ય તેમ જ વિશેષ નિર્ણયો તારવી શકાય, ત્યારપછી સમયને અનુસરીને ક્યે ક્યે વખતે ક્યા ફેરફાર થયા તે શોધી કાઢવું જોઇએ. અનેક જ્ઞાતિઓ અને હિંદુ સમાજનો તે દ્રષ્ટિથી અભ્યાસ કરવો જોઇએ. પછી

તેનું પદ્ધતિસર પુસ્તક તૈયાર કરવું જોઇએ. કર્ડક વાતો ભુલાઇ ગઇ છે અને કઇકનું નામ નિશાન નથી એમ અનેક રીતે છિન્નભિન્ન દશામાં છે તેમાં વળી તમે લોકો સામે બાથ ભીડવા ઉભા છો, એટલે હવે તો નાશ થશે એમ લાગે છે. હિંદની ખરી સેવાજ મને તો એ લાગે છે કે તેની મિત્ર શત્રુતા છોડી દઇને આવી રીતે ઉંડો અભ્યાસ કરી પછી સંજોગો પ્રમાણે જેટલા અમલ થઇ શકે તેટલા જ સમાજ માટે ધારાઓ જુદા પાડી જનસમાજમાં પ્રચાર કરવો જ્યાંસુધી તેમ ન કરી શકો ત્યાંસુધી તેને ટેકો ન આપવો હોય તો કંઇ નહી, પણ ચૂપ રહો, અને તેની સામેની શત્રુતા ખેંચી લો તેમાં જ મને તો તમારી દેશ સેવા લાગે છે તમે તો માત્ર તમારી મનોવૃત્તિથી સામે થાઓ તેમાં તો અમે ખુશી થઇએ, પરંતુ તમે જે જાતની કેળવણી લીધી છે અને તેનો જે આદર્શ છે તેના જ તમે હથિયાર થઇને સામે થાઓ છો આ બધું અમને અયોગ્ય લાગે છે એટલું જ નહી પણ તમારી નબળાઇ ઉપર રોવું તેમ જ હસવું આવે છે આજ ભવિષ્યના હિતચિંતકોનું કર્તવ્ય મને લાગે છે. અને એજ થશે, કારણ કે હજુ તમારા વિરોધ કરનારની સંખ્યા જુજ છે. હજુ તો પ્રજાનો મોટો ભાગ અમારા બધારણો જ અમલમાં મૂકયે જાય છે

જો કે તેમને તમારા વિચારોની ચાલ મળવા લાગી છે, પરંતુ વચ્ચે જ કોઈ મહાન પુરૂષ પાકી જશે તો વળી પાછુ ઠીક ચાલ્યા કરશે.

"તમે કહો છે। કે પછી અમને સારા લાગશે તો ત્યારે અમે અમલ કરીશુ તે પણ વાત ઠીક નથી, કારણ કે જો આજે નાશ કરશો ને પછી તમને સારા જણાસે તો તેનો અમલ બહુ જ દુર્ઘટ થશે

"તમારી મા, સાસુ, કાકી વગેરે પૈસાદારના ઘરના હતા, છતા દળણું, પાણી વગેરે કામકાજ હાથે જ કરતા હતા તમે તે છોડયુ છે. માત્ર નિશાળનુ જ પુસ્તકીયા જ્ઞાન લીધુ છે એટલે સાદાઈ જાત મહેનત વગેરેને સારી માનતા છતા કઈ જ કરી શકતા નથી. રાધતા હશો તે પણ જાણે કુટુબ ઉપર ઉપકાર કરતા હશો તેવા ભાવથી. વળી ભાગ્યે જ મહીનામા પાચ પંદર દિવસ કરતા હશો મદદ ખાતર રાખેલો રસોઇઆ પછી સદાનો થઇ પડે છે શુ મફત પગાર ખવરાવાય ? માટે તેની પાસેથી કામ લેવુ જોઇએ. તેમ કરતા કરતા તમારા હાથમાથી કામ સદાનું છૂટતુ જાય છે. માટે વિચાર અને અમલી કાર્ય બન્ને જુદી વસ્તુ છે. તો પણ બધી બાબતનો બધી દિશાથી ઉડો વિચાર કરી જે

ખરાબ લાગે તે તત્વો ખુશીથી ફેંકી દો, પરંતુ અત્યારે તો માત્ર તમે ઉતાવળું જ પગલું ભરી રહ્યા છો.

"બહુ ચોક્કસ બંધારણો પણ કેટલીક વાર નુકશાન કરે છે. ચોક્કસ બંધારણોનો દાસ બનીને ઘણીવાર આદર્શનો ધ્વંસ કરી નાખે છે મૂળ તત્વને જ હણી નાખે છે એટલે જ આપણા મંડળ, સભા કે સોસાયટીમાં કે ન્યાતજાતમાં બહુ બંધારણો અને કાયદાઓ નથી હોતા જ્યારે જ્યારે પ્રસંગ પડે ત્યારે મૂળ હેતુને, અને આદર્શને ધક્કો ન પહોંચે તેવી રીતે પ્રસંગ અને પરિસ્થિતિને અનુસરીને ફેંસલો આપી દે એટલે ચાલે કોઇ વખત વધારે વિરોધ કરે, અને કોઇ વખત સ્હેજે કામ પતી જાય તેમાં કારણો, સામેની વ્યક્તિ, કાર્યની જનસમાજ ઉપર સ્થાયિ અથવા તાત્કાલીક અસર, એ બધી બાબતોના ખ્યાલથી અનેક પ્રકારની વિ-વિધતા જોવામાં આવે છે, પરંતુ તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી માટે હાલ તેનો વિરોધ ન કરો આર્યાવર્તની દ્રષ્ટિથી પ્રથમ તેનો અભ્યાસ કરો ગુણદોષ કરાવો. પછી જેમ ઠીક લાગે તેમ વર્તો. ત્યાંસુધી જેમ ચાલે છે તેમ જ ચાલવા દો. લ્યો બ્હેન, હવે તો જાઉંછું. બહુ જ મોડું થયું."

" બેસીને કામ "

"ના, ના વળી કોઈ વખત મળીશ. પણ હવે તો જાઉં છું મોડું લગાડશો મા. તમારા જેવા આદર્શ જોડાને સદાય મારો આશીર્વાદ છે." એમ કહી ગોર મહારાજ તો રસ્તે પડ્યા.

પ્રિય ! આ બ્રાહ્મણે મને મુઝવી મુકી હું તો કંઈ જ નિર્ણય નથી કરી શકતી, તેથી તેનો વિચાર તમે જ કરજો મારું શું ગજું ?

બીજું વ્હાલા, ...

... .

..

લી. આપનીજ,

સુશીલા.

પત્ર (૪૧)

સુરત,

તા. ૩-૨-૧૯૧૫

પ્રિયપતિ,

વિમળા ૩૦ મીએ અહીં આવી હું એને ત્યારપછી બે ત્રણ મળી આવી પણ કંઈ વિશેષ વાત હજુ થઈ નથી, અને થઈ શકે તેમ પણ નથી. વિમળાનું ગરીબડું મુખડું ત્યારથી તો નથી જોવાતું. એના ગાલ ઉપર કે પાંપણ પર ટપકતાં અશ્રુનાં બિંદુઓ ત્યારથી વારંવાર પણ જોયાં ન જાય. જાણે સાક્ષાત્ મૌનમાં જ મેહ હોય એમ મને તો લાગ્યા કરે છે. એના તેજસ્વી ચહેરા સામું વાગમાનાટ દસ મીનીટ પણ ન જોઈ શકાય.

વ્હાલા, વિમળાને એક આદર્શ વિધવા કહું તો પણ ચાલે.

She has well chewed the philosophy of love (પ્રેમનું તત્વજ્ઞાન એણે સારી રીતે વાગોળ્યું છે)

વિમળા અત્યારસુધી એક આદર્શ પત્ની હતી, હવે એક આદર્શ વિધવા થઇ. સમાજની સેવા બને સ્થિતિમા થઇ શકે જો કે હવે સેવાભાવ પ્રમાણમા વધુ વિકસે વિમળાને પુનર્લગ્ન કરવા કહેવુ કે કેમ એજ મ્હને તો મુશ્કેલ થઇ પડી છે આટલા સતોષપૂર્વક રહેતી એક સ્ત્રીને પોતાના પતિ પછવાડે પુનર્લગ્ન કરવા કહેવાનુ કોને દીલ થાય ? હશે, વખત આવે જોઇ લેવાશે

બ્હેન શાન્તા આજકાલ મારૂ કાર્ય કરી રહી છે જ્યારથી લગ્નના ઝગડામાથી છુટી ત્યારથી ચોવીસે કલાક પોતે પોતાના તથા બીજાના અભ્યાસમા મસ્ત રહ્યા કરે છે એક દર અગ્રેજીનો પણ સારો અભ્યાસ કર્યો કહી શકાય ગઇ કાલે મને મળવા આવી હતી આવી હતી તો વિમળાને માટે જ, પરતુ તે ઉપરાત પણ અમે અનેક વાતો કરી વિમળાએ શુ કરવુ એ એને પણ નથી સુઝતુ મે પુછ્યુ, "હવે તુ શુ કરવા ધાર છે ' ઝવેર કાકાનુ પરણ્યુ એટલે છુટે એ તો તુ પણ જાણતી હોઇશ બ્હેન, હવે તો કોઇ વર ગોધી કહાડે તો સારૂ "

વ્હાલા શાન્તા જેવી શરમાળ બાળા સહેજે જવાબ ન આપી શકી, જો કે પ્રયત્ન તો ઘણોયે કર્યો, તો પણ છેવટે અચકાતા અચકાતા સુદર તેમ જ સચોટ રીતે બોલી,

"સુશીલા બ્હેન પરણવાનું દીલ હવે તો થાય છે, પરન્તુ જ્યાંસુધી યોગ્ય પુરુષ ન મળે ત્યાંસુધી રાહ જોઈએ જ છુટકો. આડા અવળા ગમે તેની સાથે પરણ્યે શો ફાયદો ?' હું તો મને સમજી શકે તેવો પતિ મળે તો જ પરણું નહીં તો હજુ બે ચાર વર્ષ એમના એમ કહાડી નાખું બાપુને સંતોષવા ખાતર આજ જ પરણી લઉં, પરન્તુ યોગ્યપાત્ર ન મળે તો રખેને થોડા વિલખ પણ થાય"

બરાબર! આમાં ખોટું શું? યોગ્ય વર ન મળે ને કદાચ શાન્તા થોડા વખત રાહ જુએ તો તેમાં ગેરવ્યાજબી કંઈ જ નહીં વળી થોડા વખત ચૂપ રહી શાન્તા બોલી ઉઠી, 'સુશીલા બ્હેન' પરન્તુ તેમાં લગ્ન કરવા કે કેમ એ પણ મ્હારે માટે એક મ્હોટો પ્રશ્ન થઇ પડ્યો છે સેવા ભાવનાની દૃષ્ટિએ તો એ શક્ય તેમ છેજ નહીં કારણ કે આ બધા વિચારો સ્વાર્થને અંગે જ સમજવા વળી સામાજીક દૃષ્ટિએ જોતા પણ કેટલુંક ગેરવ્યાજબી લાગે છે લગ્ન યોગ્ય સ્ત્રી પુરુષોની વચ્ચે થાય એ ઇચ્છવા યોગ્ય છે, પરન્તુ બધા સરખા નજ હોય વળી આખી સમાજમાં કોઇ યોગ્ય નથી એમ પણ નજ કહી શકાય. એમ કહેવું એ તો મહા ભૂલ ભરેલું છે. વળી કોઇને યોગ્ય પાત્ર ન મળ્યું તો જે મળ્યું તેમાં જ સંતોષ માની એટલો આપભોગ સમા-

જને ખાતર આપણે આપતા થઇ જવુ જોઇએ, નહી તો પછી સામાજીક દુર્દશા સમજવી એકવાર સામાજીક બંધારણો જો તોડી નાખીએ તો શ્રીમતોને તો એમા લાભ રહેવાનો, અને સાધારણ ગરીબનો તો કંઇ આરોજ નહી આવે; મ્હને એમ લાગે છે, પરન્તુ સ્વાર્થ શુ કરાવશે તે હું નથી કહી શકતી વળી આવી રીતે જ્ઞાતિબંધનો[1] તોડવાથી

નોંધ ૧ - ૧ આ ઘણો ભયંકર વિચાર છે, કારણ આનું પરિણામ હિંદ માટે ઘણુ જ ભયંકર- અત્યન્ત ભયંકર છે હિંદની અવનતિની નિશાની છે કે આર્ય બાળાના મનમા આ વિચાર આવે, સ્વાર્થ કરતા આર્યત્વની રક્ષા વધારે ઇચ્છે તો સારૂ આ જાતના વિચારોની હવા પણ આર્યવર્ગમા પેસવા ન દેવી જોઇએ આર્યત્વનો નાશ કરી પછી સુખ ભોગવવુ એ તો ત્યાજ્ય હોવું જોઇએ. અપવાદ હમ્મેશ નુકશાન કર્તા નથી હોતો, પરન્તુ તે બંધન તોડવાનુ સાધન થઈ પડે છે, અને જ્યાંરે મૂળ નિયમો છિન્ન ભિન્ન થવા માંડે છે ત્યારે પછી એનો છેડો ક્યા જતો આવે તે કહી ન શકાય. કેટલાક કામો તાત્કાલીન દ્રષ્ટિથી વિચારાય છે, કેટલાકનો વિચાર પરિણામની દ્રષ્ટિથી થાય છે સ્વજ્ઞાતિમા યોગ્ય ન હોય તો પછી પરજ્ઞાતિમા, સ્વપ્રજામા યોગ્ય ન હોય તો પછી પર પ્રજામા, એક અત્યન્ત કેળવાયેલ ગણાતી અને છેવટમા છેવટની ડીગ્રી મેળવનાર બાળાને કન્યા માટે તેવી ડીગ્રીવાળો પતિ ન મળે, અને પછી કોઈ મુસલમાન ઘણી રીતે યોગ્ય મળી આવે તો આ બન્નેને સમ્ભવ

કંઇ લાભ મેળવે તો તે પણ બનવા જોગ છે. પરંતુ એ બાબતનો મ્હારો અભ્યાસ ઘણો ટુંકો હોઇ હું કંઇ વિશેષ નથી કહી શકતી શું કરીશ એ તો હવે પછી જ નક્કી થશે. બાપુ જીવતા તો જ્ઞાતિ બહારનો વિચાર સરખોયે નહી

મળવું ? દેશમાં કોઇ ન મળે તો પછી પરદેશ તરફ કાં ન દૃષ્ટિ દોડાવવી ? આજે આપણી પ્રજા પરતંત્ર છે તેના જીવનનો વિકાસ થતો નથી યુરોપના યુવાનોના જીવનનો અત્યારે પુર બહારથી વિકાસ થાય છે અહીંના કોઈ પણ સુખી કુટુંબને વિકાસના સાધનો. છે ગરીબો માટે બંધ છે તેથી કોઈ કુટુ બની કન્યાનો વિકાસ થયો હોય તો તેને માટે વર જોઇએ તેવો વર યુરોપમાં હોય અથવા આફ્રીકામાં હોય તો શું તેની સાથે લગ્ન કરવું ? અલબત, જો આપણે પરતંત્રજ રહીશું, અને સુધારાના બાના નીચે એક એક પગથીયું ઊંચું મુકતા જઇશું તો આજે નહીં, પણ પચ્ચાસ વર્ષે આપણી કન્યાઓ માટે વધારે સુયોગ્ય વર શોધવા માટે તો યુરોપ તરફજ દૃષ્ટિ દોડાવવી પડશે તેથી આખી સમાજ, દેશ અને સંસ્કૃતિની ભાવિ રક્ષાની દૃષ્ટિથી પાંચ પચ્ચાસ જુવાનીઆઓ અથવા યુ-વતિઓ દુઃખ ભોગવે, અને સમાજ મુંગે મોઢે જોઇ રહે તો તેમાં તેની નિર્દયતા નથી, તેમાં રક્ષા છે ખરું કરવાનું તો એ છે કે પોતાના સમુદાયમાં કેમ સુયોગ્ય યુવક યુવતિઓ થાય. તેને માટે તનતોડ પ્રયત્નો કરવાની જરૂર છે આ કરી શકાતું નથી ત્યારે ખોટા ફાંફા શાને મારવા ?

કરૂં " આટલું કહી શાન્તા બીજી કેટલીક વાતો કરી વિદાય થઇ ગઇ હું પણ અહીંઆ જ વિરમું એમ આપ જરૂર ઇચ્છો.

વારૂ, સાહેબજી, મ્હારા પ્રિયપતિ,

સાહેબજી,

લી. સુશીલાના

પ્રણામ.

પત્ર (૪૨)

સુરત,

તા. ૧૦-૨-૧૯૧૯

પ્રિય પ્રાણપતિ,

તમારો પત્ર મળ્યો. વિમળા બાબતના તમારા વિચારો જાણ્યા. વિમળા પુનર્લગ્ન કરવાનું ધારે એ તમે ઇચ્છો છો તે જો કે ઠીક છે, પરંતુ એના શા વિચારો છે તે જાણ્યા સીવાય કંઇ નહીં જ થઇ શકે. વળી હાલ તો એ બાબત એની પાસે મૂકી પણ ન શકાય. એવો સવાલ એની પાસે મૂકવો એજ મ્હનેતો મૂર્ખાઇ ભરેલું લાગે છે અને તમે પણ જરૂર એમજ માનતા હશો. જે થશે તે બે ચાર મહીના પછી જ થશે. હાલ તુરત તો વિમળાને બિલકુલ દુઃખ ન પડે એજ આપણે તો જોવું રહ્યું.

કુસુમ સાસરેથી તુર્તની આવેલી એટલે મને મળવા આવી હતી. કાન્તિભાઇ ગુજરી ગયાના સમાચાર સાંભળી એને તો ઘણું જ દુઃખ થયું. વિમળાની બાળસખી રહી એટલે એને આવું વૈધવ્ય શાને ખમાય ? વળી કાન્તિભાઇને

પણ અંતરથી ચાહતી હોવાથી જાણે પોતે સર્વસ્વ ગુમાવી બેઠી હોય એમ જ એને લાગ્યા કરે છે

વ્હાલા ! કુદરતની રચના પણ કંઇ અનેરીજ છે, કુસુમ તથા કાન્તિભાઇ વચ્ચે પ્રેમ તો થયો, પરંતુ કુદરતે એ જોડું, જામવા ન દીધું. કુસુમ ગઇ જુદે જ ઠેકાણે કે જ્યાં એને માટે કોઇ પણ પ્રકારે સ્થાન ન સંભવે. વળી કાન્તિભાઇનો સંબંધ વિમળા સાથે જોડાયો કે જે જોડું ખરેખર પ્રશંસા પાત્ર કહી શકાય, પરંતુ એ લાંબો સમય ટકી ન શક્યું વૈધવ્ય વિમળાને નસીબે લખાયેલું હોય તે કોણ મિથ્યા કરી શકે ?

વ્હાલા, કુસુમે પણ ટુંક સમયમાં સારી પ્રગતિ કરી છે એમ જરૂર કહી શકાય મેં એને પૂછ્યું, “ બ્હેન કુસુમ, ધારૂં છું કે હવે તો તને સાસરે ઠીક પડતું હશે ત્હારા પતિ સાથે હવે તો તું સારી રીતે રહી શકતી હોઇશ ”

કુસુમ એક તો બટકબોલી અને તેમાં વળી આ પોતાની હોશિયારીની વાત રહી એટલે મ્હને વધુ શાનિ બોલવા દે ? તે તો એકદમ બોલી ઉઠી, “ સુશીલા બ્હેન ! હવે તો લીલાલ્હેર છે એક આ ધારે તો શું નથી કરી શકતી ! હાલ તો અમે બન્ને પોતાના અભ્યાસમાં ઘણુંખરૂં

મસ્ત રહીયે છીએ. એમને આ ઉમરે અભ્યાસ કરવો ન રૂચે એ સમજાય તેવું છે, પણ સુશીલા બ્હેન, જ્યાં કુસુમની ઇચ્છા થઇ ત્યાં એમનું શું ચાલવાનું? પ્રેમ તો જે ધારે તે કરાવી શકે. તમે જ કહો કે સાચો સ્નેહ શું નથી કરાવી શકતો? અભ્યાસ ઉપરાંત બીજા પણ કેટલાક અખતરા અમે કરીયે છીએ. શ્રીમંતના કુટુંબોમાં સ્ત્રીઓ રસોઇમાં એવું કંઇ ઘરકામ હાથે ન કરે એવી એક પ્રથા ઘણું ખરૂં પડી ગયેલી હોય છે પણ મને આ કેમ રૂચે? મહીનામાં લગભગ [1]વીસ દિવસ હું મ્હારા હાથે રસોઇ કરી લઉં છું, અને એ રસોઇ જમતાં એમને તથા ઘરનાં બીજાં કુટુંબિઓના મ્હોંના પર ચારે હાથ રહે છે. અને આ પ્રેમને અંગે કોઇ વખતે વધુ છૂટ લઉં તો પણ એ લોકો આડે નથી આવતાં. સુશીલા બ્હેન, ટુંકમાં, હવે કંઇ અસંતોષ જેવું નથી રહ્યું, વળી શ્રીમંત રહ્યાં એટલે અનેક પ્રકારની બીજી

નોંધ—૧ પુરાણી વાત છે કે હિંદુસ્થાનમાં મહીનામાં વીસ દિવસ રસોઈ કરવી એ બહાદુરીનો વિષય ગણાવા લાગ્યો છે, અને વળી તે એક "અખતરો" અને તે અખતરાથી સૌને આનંદ! વાહ! સમય તારી બલિહારી છે. કોડાધિપતિઓની સ્ત્રીઓ પણ હાથે રસોઇ કરતી હતી, અને દિનભર ઘરકામ કરતી હતી, ને શરીરમાં મસ્ત રહેતી હતી. ક્યાં ગયો એ વખત!

સગવડો પણ મળી રહે છે પુસ્તકો વગેરેનો પણ સારો સગ્રહ હવે તો થઇ ગયો છે "

વ્હાલા, આ ઉપરાત કુસુમ સાથે બીજી પણ કેટલીક વાતો થઇ હશે, પરતુ હવે એ બાબતોથી તમને વધુ કટાળો નહીં આપુ તમારી પરીક્ષા પણ હવે દિવસે દિવસે નજદીક આવતી જાય છે. જો કે હજુ વખત ઘણો છે, પરતુ કાર્યમા કોઇ વખતનો ખ્યાલ નથી રહે. વિશેષ હવે પછી

લી તમારી,

સુશીલા.

પત્ર (૪૩)

સુરત.

તા ૨૦-૨-૧૯૧૯

મ્હારા લાડકવાયા પતિ,

પરીક્ષાને હવે લગભગ મહીનો રહ્યો હશે કાન્તિભાઇ જેવા સાથી ગુમાવી બેઠા એટલે વખતે અભ્યાસમા દીલ નહ લાગતુ હોય વળી વિમળા બ્હેનનો પણ વિચાર રહ્યો એટલે સહેજે શાન્તિ નજ મળી શકે

વ્હાલા ! એકાએક વખત સંજોગોને અંગે પરીક્ષામા બેસી ન શકો તોયે શુ ? તમારે માટે પરીક્ષા એ કંઇ સવસ્વ ન કહી શકાય એકાદ વર્ષ એમને એમ નિકળી જાય તોયે કંઇ વાંધા જેવુ તમારે તો નથી પછી તો આપને રૂચે તે ખરૂ. હુ તો એટલુ આપને જરૂર કહીશ કે પરીક્ષાને ખાતર તબિયત બાબત બીનદરકાર ન થઇ જતા આપણી હાલની કેળવણીની પ્રથા, તથા ડીગ્રી મેળવવાનો આપણો મોહ જ એવો રહ્યો કે ઘણું ખરૂં આપણે શરીર તરફ ધ્યાન દુર્લક્ષ કરતા થઇ જઇએ છીએ

હું, આપ મારી સાથે મુક્ત થોડો વખત રહી મહાબળેશ્વર યા બીજા કોઈ સ્થાને આવો, એમ ખાસ ઇચ્છુ છુ, બાપુ પણ, આપ આ વખતે પરીક્ષામા બેસો, એમ નથી ઇચ્છતા જો બેસવુ જ હોય તો બને તેટલુ કરી બીજુ આવતા વર્ષ માટે રાખી બેસજો આમ કરતા જો પાસ થઇ ગયા તો ઠીક છે

વિશેષ એટલુ જ કે ..

.. ..

...

હવે હુ આપને પત્ર નહીં લખુ.

લી તમારી,

સુશીલા

પત્ર (૪૪)

સુરત,

તા ૨૮-૨-૧૯૧૯

પ્રિયપતિ,

પરીક્ષામા બેસવાનો આપનો નિશ્ચય જાણ્યો પરીક્ષામા કોઇની દિસાએ બેસવુ એ વાત આપને ભલે રુચતી હોય, પરંતુ હું તો હરગીજ પસંદ ન કરું તમે પરીક્ષામા બેસો યા ન બેસો તેથી શું ? સંજોગોને લીધે કદાચ એકાદ વખત ન બેઠા તોયે શું ? હવે તો તમારો નિશ્ચય ગયો એટલે અમારે તો ફત્તેહ ઇચ્છયે જ છુટકો અભ્યાસના કામમા તમને વધુ કહેવાનું ન હોય. એ બાબતનો નિવેડો તો તમે તમારી મેળે સારી રીતે લાવી શકો

હું આપને પરીક્ષા સુધી કંઇ નહીં જ લખું પરીક્ષા પછી તુરત મહાબળેશ્વર જવાનુ નક્કી રાખજો તમે તો અઠવાડીએ બે ચાર લીટી લખતા રહેજો જ

લી આપની,

સુશીલા.

પત્ર (૪૫)

સુરત,

તા. ૩૦-૩-૧૯૧૯.

પ્રિય પ્રાણેશ્વર,

જે ભૂતને ખાતર તમે સઞ્જોગો તથા શરીરની પણ દરકાર ન કરી તે ભૂતથી તો તમે હવે છુટયા પરીક્ષાના વિચારે તમારા મન પર એક સામ્રાજ્ય મેળવ્યુ હતુ એમ કહું તો પણ ચાલે આટલી મહેનત કરી એટલે એક દરે લખ્યુ તો ઠીક હશે હવે પરિણામનો વિચાર કરવો તે આપણા અધિકારની વાત નથી

મ્હારે આપના તરફ એકાદ બે દિવસમા આવવાનુ રહ્યું એટલે વિશેષ નથી લખતી ગયે વખતે માથેરાન જઈ આવ્યા એટલે આ વખતે મહાબળેશ્વર જવુ એમ મ્હને તો ઠીક લાગે છે વળી મહાબળેશ્વર મ્હારે તો જવાનુ પહેલી વખત એટલે દિલ ત્યા જવાનુ થાય, એ પણ સ્વાભાવિક છે મુંબઈ આવ્યે બધુ નક્કી થઈ જશે વિમળાને આ વખતે સાથે આવવા નહી કહી શકાય એની દેખરેખ રાખવાનુ કાર્ય તો કુસુમ તથા શાન્તાને જ સોપીશ. વિશેષ રૂબરૂમા.

લી. તમારી,

સુશીલા.

પત્ર (૪૬)

સુરત,

તા ૫-૬-૧૯૧૯

મ્હારા રંગીલા પતિ.

મ્હારે મહાબળેશ્વર વિષે આપને કંઈ લખવું એવો આપનો આગ્રહ હતો, એટલે આ પત્રમા એ રમ્ય સ્થાન વિષે બે ચાર બાબતો લખીશ આપણે બે જણા સાથેજ હતા એટલે મ્હારે કંઈ વિશેષ લખવાનુ ન હોય, પરંતુ તમે જ્યારે મ્હારે કંઈ લખવુ એમ ઇચ્છો એટલે કંઈ ગાંડુઘેલુ લખ્યેજ છુટકો

માથેરાન કરતા મહાબળેશ્વર વધુ સુંદર જરૂર લગે, વળી મહાબળેશ્વરમા તો મ્હારો કૃષ્ણ મ્હારી સાથે હતો એટલે એ રમ્યતા વધુ રમ્ય લાગે, એમા નવાઈ શી ? આબે ઉચ્ચ ટેકરીઓનુ નિષ્પક્ષપાતપણે અવલોકન કરી શકુ તેવી સ્થિતિમા તો હું નથીજ લાગ્યુ એક વખત ગયા, કૃષ્ણ વિના વલોવાતી હતી, જ્યારે બીજી વખતે રાધાકૃષ્ણ અનેક વિલાસોમા મસ્ત હતા મ્હને તો આખોયે દિવસ મહાબળેશ્વરના સ્વપ્નો આવ્યા કરે છે. વળી ત્યાની અજવાળી રાતની રમ્યતામા તો પુછવુજ શુ ! રાતના બારબાર ને બે સુધી મ્હારી વીણાનો મધુર સ્વર તમારા કર્ણોમા ગુંજ્યાજ

કરતો હતો. તમે પણ જાણે આર્યમહીલાઓ પેઠે રાત્રિ જાગરણ રૂપી તપશ્ચર્યા કરતા હો તે પ્રમાણે સારી રાત બે ઢીકરજ રહેતા વળી તમારા કલાપિના મધુર કાવ્યો મ્હને મુગ્ધ કરી નાખતા ચુનીભાઈ તથા બ્હેન કાન્તા પણ આપણી સોબતમા હોઈ મુસ્ત તો શાના બેસી રહે ?

એપ્રીલ તથા મેતો મહાબળેશ્વરમાજ સારી રીતે કહાડી શકાય એમ હુ તો માનુ છુ મથેરાનમા ઠંડક ગ્હેતી હશે. પરંતુ અહી જેવી તો ત્યા અનુકુળતા ન મળે ફરવા ફરવાનુ પણ પુષ્કળ રહ્યુ, એટલે રોજ કંઈને કંઈ નવુ જોવા મળેજ ત્યાના રસ્તાઓ પણ એવા અટપટીયા રહ્યા કે સાધારણ ખ્યાલ આવતા પણ થોડા દિવસો નીકળી જાય. ગાડી માથેરાનની માફક અહી રાઇડીંગ વગેરેનો શોખ પુરો ન થાય. સાહેબ લોકો માટે ગમે તેમ પરંતુ ઇન્ડીયન્સોને તો ટાગામાજ ગયે છુટકો. કોઇ શ્રીમંત હોય ને પોતાના જ સાધનો રાખે તે રસ્તો જુદો છે, પરંતુ સાધારણ સાગ કુટુંબોને તો ટાગા યા વિકટોરીયામાજ ફરવાનુ

વ્હાલા, વિશેષ શુ લખુ ? મનમા ઘણું છે, પરંતુ વ્યર્થ એવા ગાડાઘેલા કાઢવાથી શો ફાયદો ? દરવર્ષ એવી કોઇ શાન્ત જગ્યાએ આપણે જઇએ એટલું જ ઇચ્છી હું તો અહીજ વિરમીશ.

લી. તમારી,

સુશીલા.

પત્ર (૪૭)

સુરત.

તા ૧૮-૧-૧૯૧૯

પ્રાણ કરતાં અધિક પ્રિયપતિ.

આપનો પત્ર મળ્યો મહાબળેશ્વરની મ્હારી વાતોથી આપને સંતોષ ન થયો તે જાણ્યું, પરંતુ વ્હાલા ! મેં જે કંઈ લખ્યું તું તે તમારા આદેશને અંગેજ સમજાવું લખવા ખાતર નહોતું જ લખ્યું જ્યાં કુદરતનીજ રમતો જોવાની હોય ત્યાંનો સહેજે ખ્યાલ હું આપને કેમ આપી શકું ! આ તો મ્હારી શક્તિ બહારની વાત છે કુદરતનો કીડો કુદરતની એ બધી મઝાઓ સમજી શકે વળી અમે સ્ત્રીઓ જો કે પુરુષ કરતાં એ અલૌકીક ખેલોમાં વધુ આનંદ લેતી હોઈશું તોપણ અમારાજ જીવન એવા કૃત્રિમ છે કે એના પૂજારી તો અમે ન થઈ શકીએ આપને સંતોષ ન થયો એ આ મ્હારો પહેલો અનુભવ હશે એટલે આ સ્થિતિ વધુ વખત તો નહિ ટકવા દઉં

ગઇ કાલે વિમળા મળવા આવી હતી. સવારથી સાંજ સુધી બધો વખત આપણે ત્યાંજ ગાળેલો. એનું જીવનતો શુષ્ક થએલી વેલડી જેવુ કહું તો પણ ચાલે. દુનિયાનો જાણે નાશ થઇ ગયો હોય તેમ આખો દિવસ સુમસામ બેસી રહે છે. આ મ્હારી કલ્પના સમજજો. વખતે આત્મ કલ્યાણને પથે ચઢી ગઇ હોય તો કોને ખબર ? મુખ પરનું એનું ઓજસ ખરેખર અલૌકીક જરૂર કહી શકાય આજ-કાલની ઉછરતી બાળા આવા સજોગોમા આટલી હિંમત તથા ધીરજ દાખવી શકે તે ઓછુ પ્રશસનીય ન કહેવાય.

વ્હાલા ! વિમળા સાથે થએલી વાતચીતોનો તમને ખ્યાલ આપવાનું દીલ તો ઘણુ થાય છે, પરંતુ શુ અને કેટલુ કહેવુ પડશે તેની તો કઇં મર્યાદાજ નથી દેખાતી.

બપોરે જમ્યા પછી અમે બન્ને આપણા શયનગૃહમા બેઠા હતા થોડો વખત બીજી સાધારણ વાતો કરી તો ખરી, પરતું દીલમા જે વાત રમી રહી હતી તે લાબો સમય શી રીતે ટકી શકે ? વ્હાલા મ્હારાથી તો નજ રહેવાયુ મે પુછ્યુ, " બ્હેન વિમળા, તને આ વૈધવ્યમા સંતોષ છે ખરો ? તારા સજોગો તો વિપરીત છે તે તો હું જાણુ છુ, પરતુ તારૂં વર્તન તો મ્હને જાણે સજોગોથી પર હોય એમ ભાસે છે એકદર તારી સ્થિતિનુ પુરતુ ભાન મ્હને થઇ શકે

તેમ નથી વળી વૈધવ્ય એ પણ ક્યાં ઓછું દુખ છે ? આપણી વિધવાઓનું તો પુછવુંજ શું ? બોલ બ્હેન ! હવે તું શું કરવા ધારે છે ? પુનર્લગ્ન કરે તો તેમાં ખોટું શું ? મ્હને તો તું ફરીથી પરણે એજ વ્યાજબી લાગે છે "

વ્હાલા, મારી આ દૃષ્ટતા વિમળા જ સહન કરી શકે જાણે મ્હાત કહેવામાં પોતે સમર્થ હોય તે મુજબ ધીરજથી બધું તાગણી લઇ એ બિચારી બોલી, " સુશીલા બ્હેન ! સમાજને શાને બાળતા હશો ? શું સમાજ વિધવાઓને તરછોડે છે ? જો તેમજ હોય તો એવું કંઇ સામાજીક બંધારણ પણ હોવું જોઇએ મ્હને તો નથી લાગતું કે આપણા સમાજમાં વિધવાઓ માટે કંઇ જુદાજ કાયદા હોય

" સુશીલા બ્હેન, આ બધુ આજકાલની ધાંધલીઆ પદ્ધતિને અંગેજ સમજ્યાં વગર વસ્તુનો વિચાર કર્યા વિના એકદમ સમાજ પર ઉતરી પડવું તે મૂર્ખાઇ નહીં તો બીજું શું ? વૈધવ્ય એ શી ચીજ છે તથા વિધવાઓનો શો ધર્મ હોઇ શકે તેનો ખ્યાલ કોણે કર્યો ? આપણી હાલની વિધવાઓ પ્રસંશા પાત્ર યા ઇચ્છવા યોગ્ય સ્થિતિમાં છે કે નહીં એનો પણ કોણ વિચાર કરે છે ? આતો હલકું નામ તે હવાલદારનું એ મુજબ, બસ સમાજ જ મૂર્ખો છે એટલું

કહી જાણે સમાજ સુધારો થઇ ગયો હોય તેમ આપણા આજકાલના ચળવળીયા ચૂપ બેસી જાય છે.

"સુશીલા બ્હેન, તમે તો સમજુ રહ્યા એટલે વિશેષ શુ કહેવાનું હોઇ શકે ? સમાજમાથી એક પણ આદર્શ વિધવા આપને મળી શકશે ખરી ? એક આદર્શ નહી તો કોઇ સાધારણ સમજુ વિધવા તો બતાવો ? મ્હને તો આપણી વિધવાઓમા વૈધવ્ય જેવુજ કંઇ હોય એમ નથી લાગતું પતિ ગયો એટલે શુ ગુમાવ્યુ અને હવે આપણે માટે દુનિયામા શુ રહ્યુ એનો એ બિચારી સ્ત્રીઓને પુરતો ખ્યાલ પણ નથી હોતો શરૂઆતમા ચાર આઠ મહીના યા એકાદ વર્ષ પતિનો વિયોગ સાલે છે, પરંતુ પછી તો જાણે દુનિયા સર કરવાની હોય તેવી રીતે આપણી વિધવાઓ સમાજની દ્રષ્ટિએ હાસ્યપાત્ર થઇ પડે છે. વળી એ દુખપણુ સ્વસ્વાર્થ પુરતુજ સમજજો. એક માણસ જેવુ માણસ ગુમાવતા કોને દુખ ન થાય ? વળી આતો પતિ એટલે આટલુ ભારે લાગે તો તેમા વધુ પડતું કંઇ ન કહેવાય. અરે ' સુશીલા બ્હેન ' કહેતા છાતી ભરાઇ આવે છે, પરતુ મ્હને કહેવા દેજો કે આપણી સ્ત્રીઓને પતિ એટલે શુ અને પત્ની ધર્મ શો હોઇ શકે તેની ઝાંખી નથી હોતી.

"What is heart to heart co-operation

is not known to us, and hence a family life based on this principle is, so to say, imprecticable for us Our life and everything that is ours is based on social ties and communal codes. (હૃદયની એકાનતા શી હોઇ શકે, તે આપણે જાણતા નથી અને તેથીજ આ તત્વપર રચાયેલુ કૌટુંબિક જીવન આપણને અશક્યવત્ ભાસે છે આપણું તથા જે જે કંઇ આપણે આપણું માન્યુ તે બધુ સામાજીક બંધારણો તથા નાતજાતના રીતરીવાજો પર ટકેલુ છે એમ કહું તો પણ ચાલે.) સુશીલા બ્હેન, જ્યા પ્રેમ રૂપી રસનુ સિંચન ન થતુ હોય તે જીવન ડાળી પોતાનું અસ્તિત્વ લાંબો સમય શી રીતે જાળવી શકે ? પુરૂષ જીવતો હોય ત્યાસુધી સામાજીક બંધન તથા રૂઢીને અંગે ખોટા હાવભાવ તથા ટાયલા કરવાના, અને જ્યા એ પુરૂષરૂપી જ્યોત નષ્ટ થઇ કે જાણે પતંગીયા બહાર પડવાના, અને મરજી મુજબ વિચરવાના.

" કહો બ્હેન ' આને તે વૈધવ્ય કેમ કહી શકાય ? પોતાના પતિના મરણ પછી એક અગ્નિ માટે આ દુનિયામા બીજુ શુ રહ્યુ ? જ્યા જીવનની જ્યોતજ બુઝાઇ ગઇ પછી જીવન જેવી ચીજનું પણ અસ્તિત્વ શાથી કહી શકાય ?

દુન્યવી જીવનનું તો નામ નિશાન પણ નથી રહેતુ અને ખરા વૈધવ્યમા નજ રહેવુ પડે. વૈધવ્યની આદર્શ કલ્પનાતો, આત્મા સાથે પરમાત્માનું મીલન એમ કહું તો પણ ચાલે. પોતાના જીવનનો સાથી ગયો એટલે યોગ સાધ્યોજ છુટકો. પછી તો પરમાત્માની દોસ્તી કરવાની. અન્ય દુન્યવી જીવ-ડાઓમા મન શેનું માને ? વળી સંસારની બીજી ઘટનાઓનો પણ લોપ થવો જોઇએ. સસારથી અવિરક્ત થયે કેમ યોગ સધાય ખરો ? પેટને ખાતર સાદો ખોરાક લઇ નિરતર પરમાત્મામાજ મસ્ત રહેવું એનેજ હું તો ખરૂં વૈધવ્ય કહી શકુ. બાકી તો બધુ ઉપર ચોટીયુજ સમજજો. દાગીના કાઢવા યા ચૂડો ફોડવો એ બધી બહારની ક્રિયાઓ સમજવી પરતુ આતરિકતાતો માનસિક પરિવર્તન સિવાય ન સભવે આ બધુ મોઢનુ કર્યું ન થઇ શકે, કારણ કૃત્રિમતા યા બાહ્ય દેખાવને આમા સ્થાન નથી હોતું આતો પ્રેમની અગાધતાને અગે સમજવુ.

"સુશીલા બ્હેન, આતો સ્ત્રીપુરૂષની આપણે વાતો કરીએ છીએ, એટલે એ પ્રેમ તથા સ્નેહની એ પરાકાષ્ઠા શું ન કરાવે તે સમજાય તેવુ છે; પરતુ બે મિત્ર યા બે સાહે-લીઓનો પ્રેમ આથી ઉતરતો ન સમજવા. પ્રેમનું ઉચ્ચ સ્વરૂપ પતિપત્ની વચ્ચેજ હોય એ સમજવું ભૂલ ભરેલું છે.

માતપિતા યા પુત્ર મિત્રાદિના સ્નેહની કલ્પનાઓ આથી પ્રભાત ન પડે, પરંતુ ફક્ત માત્ર એટલેજ કે કુદરતના નિયમાનુસાર પતિપત્ની વચ્ચે પ્રેમની જ્યોત મૂળથીજ કાયમ હોય એને જરા ટેકો મળ્યો કે સ્હેજે ઝગઝગી ઉઠે છે એ જ્યોતનો પ્રકાશ ફેલાતા વખત નથી લાગતો.

"બ્હેન, પરંતુ આપણે ત્યાતો બધુ સરખુ થઈ પડ્યું છે પતિપત્ની એવો કોઇ પ્રકારનો સબંધ મને તો, આપણે ત્યા હોય એમ હાલ નથી લાગતુ.

હવે આપણુ મૂળ સ્વરૂપ તપાસીયે તો તમને દેખાશે કે આપણે આ તત્ત્વ જેટલુ સમજતાતા તેટલુજ હવે વિસરી જઇ [1]રૂઢીને ખોળે જઇ બેઠા છીએ આપણામા આગળ

નોંધ—૧ ઢચીક રૂઢીયા તત્વમાથી જ નીકળે છે રૂઢી એ તત્વનુ શરીર છે—વ્યવહાર સ્વરૂપ છે તત્વ રૂઢીનુ રૂપ ન લે ત્યાસુધી તે અક્રિય છે રૂઢીના નાશ સાથે તત્વનો નાશજ થાય છે રૂઢીમા સુધારો થવા જોઇએ તત્વનો નાશ ન થવો જોઇએ, હાલ "સુધારો" શબ્દ રાજદ્વારી હેતુ ગર્ભિત માત્ર મોહક શબ્દ જ છે સુધારા નામે આપણા ઘણા તત્વોનો નાશ થઈ ગયો છે લોકો સમજેલા કે નાશ કરવાની ઇચ્છા નથી, પરંતુ સુધારો કરવાનો છે તો ભલે થાય, સુધારો હશે એક બાજુએ

પતિ પછવાડે સતી થવાની જે પ્રથા હતી તેની શરૂઆત તો ખરેખર દીલ આનંદથી ઉભરાઈ આવે એવા સમયેજ થયેલી. પતિ પાછળ સતિ થયા વિના બીજો શો રસ્તો તમે સુચવી શકો ? અરે ! સુચવવાનુ તો સપ્ર ગયુ પરંતુ તમેજ કહો કે બીજો શો રસ્તો હોઇ શકે ? બીજે મન માને પણ શાનુ ? સુશીલા બ્હેન ! આજ સતીધર્મનું મૂળ સ્વરૂપ, પરંતુ જ્યા રૂઢીનો ચેપ એને લાગ્યો કે અકબર જેવા રાજાઓને પણ હાથ નાખ્યેજ છુટકો, કારણ કે રૂઢીને અંગે કેટલુક દૂરઉપયોગ થઈ પડ્યુ

" તદુપરાત બ્હેન, પુરૂષો પણ દિવસે દિવસે એટલા શુષ્ક થતા જાય છે કે એકમેકનો ભાવ સમજવા જેટલી એમનામા શક્તિ રહી નથી આપણી આ સ્થિતિનુ મૂળ કારણ બનેની વિચિત્ર મનોદશા અને પરદેશી યાન્ત્રિક આર્થિક યંત્રણા સમજવી. વળી સુધરેલા જમાનાનો નવો ચેપ આપણા જીવનમા કેટલી અસર કરશે તેની હાલ તુરત તો આગાહી ન થઇ શકે, પરંતુ એટલુ તો ખરૂંજ કે આ નવી સ્થિતિ

અને બીજી રચનાજ દાખલ થતી ચાલી એટલે પ્રથમની રૂઢી-રચના-નાશ પામતા ચાલ્યા, ને સાથે તત્વ પણ નાશ પામેજ. ફરી તત્વને રૂઢીરૂપ કરતા કેટલી મુશ્કેલી પડે તેની કોઈ કલ્પના કરી શકે છે ?

એકંદર અતિ કોમળ હશે, એટલે લાંબો સમય નહીંજ ટકી શકે, આપણી જુની સંસ્કૃતિ એટલી સુંદર, સચોટ ચોક્કસ સ્વરૂપમાં ગોઠવાયેલી તથા અંગ પ્રત્યંગ ગર્ભિત હતી કે હજુ એના ફળો તમને ચાખવા મળે છે અરે ! જીવનનો આટલો રસપણ એ સંસ્કૃતિને આભારીજ સમજજો આપણે જુની સંસ્કૃતિ જાળવી શક્યા નથી તેમજ નવી ઉત્પન્ન પણ નથી કરી શક્યા અથવા સુધારી પણ નથી શક્યા માત્ર અન્યનું અનુકરણ કરીએ છીએ ને નડીનો નાશ કરીએ છીએ

" સુશીલા બ્હેન, હવે તો તમને વૈધવ્ય બાબતનો પુરતો ખ્યાલ આવ્યો હશે એક વિધવાએ શું ગુમાવ્યું અને એને માટે હવે શું રહ્યું એ તમને હવે તો સમજાયું હશે. ટુંકમાં વિધવા થયા એટલે દુન્યવી જીવનનો રસ ગયો, મજાહ ગઈ, તથા મસ્તી ગઈ' પાન વિનાના વૃક્ષ જેવી સ્થિતિ સમજવી લોહી માંસ વિનાનું હાડપીંજર આથી વધુ અપ્રિય તો ન લાગે માળી વિનાની વાડીનું પણ આવુંજ કંઇક સમજવું, પરંતુ અલૌકીક જીવનનો રસ, આનંદ તથા મજાહ શરૂ કરી શકે છે "

વ્હાલા, વાત લાંબી ગઈ એટલે એક પત્રમાં બધી

બાબતોનો હું સહેજે ઉલ્લેખ ન કરી, શકું વિશેષ હવે પછીના પત્રમા જણાવીશ આટલા પરથી વિમળા પુનર્લગ્ન નહી કરે, એવુ સહેજે અનુમાન તમે કરી શકો તો વારુ, વધુ હવે પછી.

લી. સુશીલાના,

સપ્રેમ પ્રણામ.

પત્ર. (૪૮)

સુરત,

તા. ૨૧-૬-૧૯૧૯

પ્રિય પ્રાણ પતિ,

આ પત્રમા આપને વિશેષ બીજુ કઇ કહેવા ઇચ્છતી નથી, પરંતુ જે કઇ મુદા પુરતું કહેવાનું છે તે ખાસ મહત્વનું તો એજ વિમળા સાથેનો વાર્તાલાપ હજુ તમારી પાસે મુકી શકી નથી, એટલે હાલ તુરત તો વિમળાનુંજ પ્રકરણ હાથ ધરીશ

વિમળાની વૈધવ્યની બાબતની વાતો સાભળ્યા પછી મે પુછ્યુ, "બ્હેન વિમળા' ત્હારી આ વાતતો મને સમજાય તેવી છે, પરંતુ પુર્નલગ્ન વિષે ત્હારા શા વિચારો છે તે તો કહે?" વ્હાલા, પ્રશ્ન મુકતા તો મુકાઇ ગયો, પરંતુ મ્હને તુર્તજ ભાન થઇ આવ્યુ કે વિમળાની આટલી વાતો સાભળ્યા પછી આવા પ્રશ્નની આવશ્યકતા હતીજ નહીં

વિમળા તરતજ બોલી ઉઠી, "સુશીલા બ્હેન' આ શુ પુછો છો? મ્હારી આટલી વાતો સાભળ્યા પછી આવો

પ્રશ્ન તમને ન શોભે વૈધવ્યમા પુનર્લગ્નને સ્થાન ન ઘટે. એમા તો સંસારની ઘટનાઓમા ફરીથી ઝકડાવાનુ રહ્યુ એટલે વિધવાવસ્થાનો સવાલ ક્યા રહ્યો ? પુનર્લગ્ન અને છુટાછેડા એ બધુ એકજ વૃત્તિના બે ભેદ સમજવા. પ્રેમ વિહિનતાને અંગેજ ઉપસ્થિત થતી આ બે મનોદશા સમજવી

"I love you (હુ તમને ચાહુ છુ) એ શબ્દો ખાલી ખોટી અમણુઓ રૂપ ના માનતા. એમા વ્યવહાર યા (Formality) નો અંશ પણ તમે ના સમજતા મૂળ સ્વરૂપ તો એજ છે. બાકી તો જેટલી છુટ લેવી હોય તેટલી લઇ શકાય છે ખરા પ્રેમના મિલનમા શબ્દોનુ બોલવા પણુ પણ ન હોય, આપોઆપ પ્રેમીઓ પરસ્પર પરોવાઇ જાય ને જગત જોઇ લે કે આ બને એક બીજાને ચાહે છે, બસ."

વ્હાલા, આટલી વાત કરતા કરતા એનુ હૈયુ તો ભરાઇ આવ્યુ આખમાથી અશ્રુ પ્રવાહ તો ચાલતોજ હતો મ્હારાથી આ કેમ જોવાય ? મે કીધુ, "બ્હેન વિમળા' જો દિલ દુખાતું હોય તો રહેવાદે. વળી ફરી કોઇ વખત આપણે આ ચર્ચા કરીશુ "

એતો તરત બોલી ઉઠી, "સુશીલા બ્હેન, દિલ દુઃખ-

વાની વાતજ શા માટે કરવી જોઇએ ? હોય એ તો હવે નવુ નથી તો પણ તેથી તમને કંઇ નજ કહેવુ એ કેમ બને ? તમારા ભાઇ ગુજરી ગયા એમા મ્હારૂં શુ ગયુ તે તો એકજ શબ્દમા કહી શકાય જેને આપણે દુન્યવી જીવન કહીએ છીએ તેનુ તો નામ નિશાન શાનુ હોય ? હવે જે કંઇ બાકી રહ્યું તે પણ પ્રાત્યર્થેજ સમજવુ. બાકી નામથી કદાચ ગમે તેટલી હોય તોપણ તેમાથી આત્મા (રસ) ઉડી ગયો. પછીતો તેમા પથ્થર કે કાટા કરના કંઇ વધારે ન લાગે બોલો બ્હેન ' આમા પુનર્લગ્નની તો વાતજ ક્યા રહી ? હવે દુનિયામા શુ બાકી ર્હ્યુ કે ફરી લગ્ન કરી એ ઘટનાઓમા ડુબી મરવુ ? હુ તો નહીંજ કરૂં મ્હારે માટે ઇશ્વર ભજન સિવાય હવે કંઇ શેષકર્તવ્ય નથી રહ્યુ બીજી બાકી બ્હેનોની સેવા કરી ઇશ્વરના પ્રેમપાત્ર થવુ એમાજ મ્હનેતો પુરતો સતોષ મળે મરતા મરતા પણ તમારા ભાઇને ન ભુલતા હમેશ એમના આદર્શ મુજબ જીવન વ્યતિત કરૂ તોજ I love you (હું તમને ચાહૂં છુ) નું તાત્પર્ય સમજી છુ એમ કહી શકાય."

વ્હાલા, વિમળાની આ વાતોથી હુ તો ચૂપજ થઇ ગઇ. એને હવે શુ કહેવું એ મ્હને તો ન સુઝયુ, જ્યા બધી વાતજ સ્વભાવિક હોય ત્યા બીજુ વધુ શુ કહી શકાય !

મે તો પુછ્યુ, "વિમળા ! શુ તુ આને સર્વમાન્ય વસ્તુ કહી શકે ખરી ? માન્ય ભલે હોય, પરતુ સર્વ સામાન્ય તો નજ કહી શકાય ત્હારા જેવી સમજુ સ્ત્રીઓજ સમાજમા જ્યા જુજ રહી ત્યા આદર્શ વૈધવ્યનીતો વાતજ ક્યા કરવી ? ત્હારા જેવી વૈધવ્ય ધર્મમા સમજતી વિધવાઓ માટે ફરી પરણવુ ભલે ઉચિત ન હોય યા પરણવાનો સવાલજ ન રહેતો હોય, પરતુ બીજાઓનુ શુ ? ત્હારી બીજી વિધવા બ્હેનોને તારા તરફથી તુ શો સદેશો આપે ? બાર માસ યા એથી પણ ટુક સમયમા થએલી વિધવાને ગમે તે રસ્તે વિચરતી જોવા તુ ઇચ્છે ખરી ? બોલ બ્હેન ! આ વિષે ત્હારો શો મત છે ? "

વ્હાલા, થોડો વખત મૌન રહ્યા પછી વિમળા બોલી ઉઠી " સુશીલા બ્હેન, તમારો આ સવાલ વ્યાજબી છે પરણ્યા પછી ચાર છ મહીના યા એકાદ બે વર્ષમા થયેલી વિધવાને આપણી સમાજમા દુનિયાનુ પણ ભાન નથી હોતુ. જ્યા વસ્તુસ્થિતિજ આવી હોય ત્યા પ્રેમ અને પ્રેમની પરાકાષ્ઠાનું તો પુછવુજ શુ ? વળી વૈધવ્ય દશા પણ પ્રેમના ઉચ્ચ સ્વરૂપ વિના ન સભવે. હુ જાણુ છુ કે અત્યારનું આપણુ વૈધવ્ય ફક્ત વ્યવહાર પુરતુંજ છે, અને આપણી વિધવાઓની પડતી પણ આટલાજ કારણસર સમજવી

" મ્હારા મતાનુસાર દુનિયાનું તત્વજ વૈધવ્યમા સમાયેલુ છે. પુરૂષો પુનર્લગ્ન ન કરે ત્યારે સમાજ પગમોગ્ય પગથિએ, વિધવા પુનર્લગ્ન ન કરે ત્યા સુધી સમાજ બીજે પગથીએ, ને સ્ત્રીઓ પુનર્લગ્ન કરે ત્યારે સમાજ છેલ્લે પગથીએ ગણુાવો જોઇએ જેટલુ વૈધવ્યનું ઉચ્ચ સ્વરૂપ આપણે સમજતા થઇએ તેટલોજ દુનિયામા આપણે માટે વધુ આનદ રહેવાનો વૈધવ્ય ફક્ત સ્ત્રીઓ માટેજ હોઇ શકે એ સમજ ભૂલ ભરેલી છે એક પુરૂષ પોતાની સ્ત્રી યા મિત્ર ગુમાવી બેસે તો તેને પણ વૈધવ્ય જેવુજ જરૂર કહી શકાય શર્ત માત્ર એટલીજ કે એના સબધનું સ્વરૂપ શુદ્ધ સ્નેહ પરજ રચાયેલુ હાવુ જોઇએ

" સુશીલા બ્હેન દુનિયા જે આટલી ખારી લાગે છે તેનુ કારણુ એજ છે કે આપણે વૈધવ્યમા સમજતા નથી આપણા સબધોજ સ્વાર્થ પર રચાયેલા હોઇ પશુની માફક આપણે અહીં તહીં એક નહી તો બીજે એમ બટક્યા કરીએ છીએ બોલો બ્હેન ' આમા મજાહ કયા રહી ? આ તો બાહુતિ નોકરી જેવુજ સમજવુ.

" બ્હેન ' જો કે સ્થિતિ આટલી ખરાબ છે, તો પણ

પુનર્લગ્ન જેવી અધમતાએ દરેક વિધવાને પહોંચાડવી એવું હું જરૂર ન કહું હું જે કહીશ. અને જે કંઇ મેં કીધું છે એ બધાનો સાર નીચેની ન્હાનાભાઈની બે લીટીમાં આવી જશે.–

૧ "દેહ લગ્નની વિધવાને પુનર્લગ્ન સમ મુક્તિ નથી,
સ્નેહ લગ્નની વિધવાને પુનર્લગ્ન સમ પાપ નથી"

નોંધ —૧ સમાજે બંધારણ કેવું બાંધ્યું? આખી આર્ય પ્રજા સતીત્વ–અપુનર્લગ્નની ભાવનાને મૂળથીજ આદર્શ માનનારી હતી તેમાંથી વખત જતાં જતાં અનેક વર્ગ પુનર્લગ્ન કરી મૂક્યા તે બધા વર્ગો જુદા પડતા ગયા તો પણ કેટલોક ભાગ દરેક બાબતમાં શુદ્ધ આર્ય આદર્શને વળગી રહેલો, હજુ નાની પણ સંખ્યામાં અસ્તિત્વ ધરાવે છે તેમાં હવે આ વિચારો ફેલાવા–ચર્ચાવા લાગ્યા એટલે આ વર્ગે પોતાની સમાજમાં નિયમ કેવો કરવો? આપણે તેને કેવો નિયમ સૂચવી શકીએ? આ તત્વજ્ઞાન એ લોકોને અગત્યનું નહોતું. પરંતુ સમાજની ધારાપોથીમાં નિયમનું સ્વરૂપ કેવું ઘડવું એજ મુખ્ય સવાલ હતો. જ્યાં જ્યાં દેહલગ્નની સાબિતી થતી ગઈ તે તે વર્ગ જુદા પડતા ગયા એટલી આર્ય પ્રજા પડતી ગઈ જે જે કોમ પોતાનામાં મોટો ભાગ સ્નેહલગ્ન હોવાનું માને છે તે જો નાહક દેહલગ્ન ખાતર નિયમમાં અપવાદ મૂકે તો વખત જતાં એ ભાવના જ ઓલવાઈ જાય પુનર્લગ્ન કરનારી જાતીઓમાં શું બધી દેહલગ્નની વિધવાઓ હશે? કોઇ સ્નેહલગ્નની પણ હોય, પરંતુ

"સુશીલા બ્હેન' ન્હાનાભાઇએ જે કહી દીધુ છે તે યથાર્થ છે. એમા રહેલુ તત્ત્વ અયુક્ત ન કહી શકાય. જે

જ્યારે સામાન્ય જ્ઞાનવાળી બાઈ પોતાની ગામે રૂઢીરૂપે પુનર્લગ્ન થતુ જુએ ત્યારે તેનો પ્રતિબંધ કરવા નજ પ્રેરાય, સહેજે દોરાઈ જાય એટલે જે વર્ગને આ આદર્શ કાયમ રાખવા છે, તેણે તો કોઈ પણ અપવાદ નજ મૂકવો જોઇએ, અને જેટલા અપવાદ મુકવા તૈયાર હોય, તેવા પોતાનો વર્ગ જુદો પાડી લે બીજાને શા માટે તેમા દોરવા પ્રયત્ન કરે છે? જેમ પૂર્વે અનેક વર્ગો જુદા પડ્યા છે તેમ આ વખતે પણ એક વર્ગ જુદો પડ્યો એટલે સમયના પ્રભાવને અંગે આર્ય આદર્શને ઘસારો માની લેશે, પરંતુ તેમ તે વર્ગ જુદો થવા પણ નથી માગતો વિધવાઓની દયા બતાવીને-દયાને બહાને સામા વર્ગ ઉપર આક્ષેપ કરીને બધાને પોતાના આદર્શ તરફ ખેંચવા માગે છે, વળી અત્યારનો વર્ગ ન છુટકે વિધવા વિવાહની તરફેણ કરે છે એમ નથી. પરંતુ તેમનો આદર્શ પણ તેવો બંધાયો છે પોતાના સામા પક્ષને આદર્શહીન, અને જડ જુની વિચારવાળા માને છે એટલે તેની સામે પોકાર ઉઠાવે છે, અને તેમને સુધારવાનો પ્રયત્ન કરવાનો યશ લે છે એવો આદર્શ પડવામા હિંદની સ્થિતિનો હરેક દૃષ્ટિથી અભ્યાસ અને તેને પરિણામે ઉપજાવી કાઢેલા ચોક્કસ વિચારને અંગે આદર્શ પડાયો નથી, પરંતુ યુરોપના વિચારકોની અસરના પરંપરાનો વારસો મળ્યો છે તે લોકોનો એમા સ્વાર્થ છે, આ ભોળા બિચારા સમજતા નથી

વિધવા શારીરિક કારણોને અંગેજ વૈધવ્ય દશામા રહી શકે તેવી સ્થિતિમા ન હોય એને માટે પુનર્લગ્ન ભલે એજ હોય,

---

સારાંશ કે—વર્તમાનમા કેટલીક વ્યક્તિઓ માટે સદાને માટે નિયમ નજ ફેરવી શકાય, અને સમાજમા એક નિયમથી વર્તમાન તેમજ ભવિષ્યની વ્યક્તિઓની પવિત્રતા જળવાતી હોય તો તે નિયમ લોકકલ્યાણક કહી શકાય, અને એવો કલ્યાણનો નિયમ અમુક સંખ્યા માટે ફેરવી નજ શકાય દરેક નિયમો સર્વને અનુકુળ નજ થઈ શકે, કોઇને અનુકુળ અને કોઇને પ્રતિકુળ તો જરૂર હોયજ, પરંતુ તેના એકંદર પરિણામોનો વિચાર કરાય એકંદર નુકસાન થાય તેવો નિયમ કાઢીજ નાખવો જોઇએ, અને એકંદર લાભ અલાભમાથી લાભનો સરવાળો વધતો હોય તો તેનો અમલ સર્વ માટે ચાલુ રહેવો જ જોઇએ અને પછી એ કલ્યાણક નિયમ માટે બીજા વર્ગે સહી લેવુ જોઇએ, અને કષ્ટ ભોગવી લેવુ જોઇએ તેમા તે પોતાના ધર્મની, સમાજની અને સંસ્કૃતિની સેવા કરે છે હાલ આવી જાતની સેવા ભાવના જાગ્રત કરવી જોઇએ, અને જો આવી જાતનુ જ્ઞાન આપવામા આવે તો દુઃખ પણ નજ લાગે. સંસ્કૃતિ તોડવામા ક્યાય સેવા ન માનવી ઘટે જે પ્રયત્નનુ પરિણામ સંસ્કૃતિપર ફટકો પાડે એ દ્રોહનુ કૃત્ય ગણાવુ જોઇએ. ખરા સેવકની તો એ ફરજ છે કે ગમે તે ભોગે સંસ્કૃતિને ધક્કો લાગ્યો હોય તો ભરપાઈ કરવા પ્રયત્ન કરવો. ત્યારે જ તે સેવક થઈ શકે. આર્યદેશ, આર્યપ્રજા, આર્યસંસ્કૃતિ બધાએ સાથે

પરતુ એને સર્વ સામાન્ય વસ્તુ કહી પુનર્લગ્નને અંગેજ આપણી આખી સસ્કૃતિને ડુબાવી દેવી એ વ્યાજબી કેમ કહી શકાય? વળી ફરીથી કહું છુ કે આ શારીરિક કારણો ઘણું ખરું તો પ્રેમના અભાવે આટલું જોર કરી શકે. બીજું એક વિધવાને પરણવા ખાતર તો પરણવાનું હોયજ નહીં. ન છૂટકે ગમે તેમ કરે, પરતુ કોઇ પુરુષપર સ્નેહ થવો અને એટલાજ કારણસર લગ્ન થવુ એ બધુ વૈધવ્યમા નજ શોભે અરે ' એ દશામા એને સ્થાન પણ ન હોય એવા પુન-

વણાયલા છે તેથી ખાસ દેશસેવક સસ્કૃતિના, પ્રજાનો, ધર્મનો અને સમાજનો પણ સેવક છે વળી સસ્કૃતિનો ધ્વસ થાય તો દેશનો ને પ્રજાનો પણ ધ્વસ સમજવો માટે દેશસેવકોએ, ધર્મસેવકોએ અને સમાજસેવકોએ ઘણીજ સભાળથી કામ લેવાનું છે, નહીતર ડીફો લેવા જતા દાઢીવાળો ખોઈ બેસવા વારો આવે છે આજકાલ પ્રજાના આર્થિક સવાલો એટલા બધા પ્રગત થતા જાય છે અને તેને લઈને અનેક ઉચ્ચ ભાવનાઓને પડેલ્લે મૂકી મુકી માત્ર ખાનપાન, અને મોજશોખ ખરીદે જાય છે. એવી સ્થિતિમા આર્યપ્રજા આ ધક્કા સામે ટક્કર લઈ શકશે કે કેમ? સ્થિતિ ભારે વિષમ આવતી જાય છે સ્થિતિ પ્રમાણે વર્તવુ કે આદર્શ ખાતર મરી છુટવુ? એમાથી પ્રજાએ કયો માર્ગ લેવો? જો આમનુ આમ ચાલ્યુ તો પુનર્વિવાહ કર્યા વિના છુટકો નહીં થાય એમ લાગે છે શું થશે તે તો કાળને હાથ છે.

ર્યગ્નને તો ન્હાનામાં મોટામો મોટું પાપ માને તો તે પણ વ્યાજબી છે

“ સુશીલા બ્હેન, વખત વધી ગયો. હવે તો ટુંકમાંજ પતાવીશ. એકાદ બે વર્ષમાં થયેલી વિધવાને માટે શારીરિક પ્રશ્ન ઉપસ્થીત થાય તો તે સમજાય તેવો છે, અને તેટલા જ ખાતર સમાજ તરફથી એવી વિધવાઓને પુનર્લગ્ન કરવાની છુટ મળવી જોઇએ બાકી સમયાનુસાર સમાજ બંધુઓને આગળ વધીને બેથી ત્રણ વર્ષની મર્યાદા બાંધવી હોય તો તે પણ ઠીક છે, પરંતુ એથી આગળ નહીજ જવાય પછી જો એવો સવાલ વચમાં લાવી બધી વિધવાઓને છુટ આપી દઇએ યા સમયમાં વધારો કરીએ તો સમાજની પડતીજ સમજવી જમાનાને અંગે આ શારીરિક સવાલ દરેક વિધવા માટે લાવી શકાય ખરો, પરંતુ એટલા જ કારણસર પુનર્લગ્નની છુટ ન આપી શકાય સામાજીક આ સુધારો પુનર્લગ્નથી નહી થઇ શકે, પરંતુ એને માટે તો આપણે લગ્નની આપણી જુની ભાવનાઓ કેળવવી પડશે. અત્યારે લગ્ન સમયે જ્યાં પ્રેમનો અભાવ દેખાય છે ત્યાં મોટું પરિવર્તન કરી લગ્ન સમયે સ્ત્રી પુરૂષ એકએકને ચાહતા હોય તેવી સ્થિતિ ઉપસ્થિત કરવી પડશે. સાથે સાથે સ્ત્રી પુરૂષોના શરીર વિકાસ માટે પ્રયત્ન કરવો પડશે.

અને ઘસારો થવાના સાધનો દૂર કરવા પડશે. એટલે શહેરી જીવનનો નાશ અને ગ્રામ્ય જીવનનો પુનરુદ્ધાર કરવો પડશે. ત્યારે વિધવાઓ થતી જ અટકશે. આટલું થાય તો વિધવાઓનો સવાલ પાર પાડી શકાય, અને જીવનમાં પણ કંઇક રસ રહાય. બોલો, સુશીલા બ્હેન, આમાં ખોટું શું છે? ધારું છું કે હવે તો આપને પૂરો સંતોષ થયો હશે."

વ્હાલા, વળી હું તો ત્યાંની ત્યાં જ આવી. આગલા વિચારોએ ફરીથી મગજમાં જોર કર્યું, અને હું ન જ રહી શકી. મેં પૂછ્યું, 'વિમળા, જો ત્હારું આમ માનવું છે અને જો કે ત્હારી માન્યતા વ્યાજબી છે તો પછી તું શીદને દાખલો નહીં બેસાડતી હોય? હજુ પણ પરણેત જીવન તો લગભગ ત્રણેક વર્ષ જ ભોગવ્યું હશે, પછી તને પુનર્લગ્ન કરવામાં વાંધો શો?"

"વિમળા તુરત જ બોલી ઉઠી, "સુશીલા બ્હેન! વળી આ શું બોલ્યા? તમે માનો છો કે સમાજની બીકે હું આ વૈધવ્યમાં સંતોષ માનું ખરી? જો તેમ હોય તો તમે ભૂલો છો. હું તો સમાજનું શ્રેય જ વૈધવ્યમાં જોઇ રહી છું. મ્હારે વૈધવ્ય બાબતના મ્હારા વિચારોમાં આટલું નમતું આપવું પડે છે તે જમાનાને અંગે જ, તથા બીજા કારણોને લીધે જ. માત્ર મારી બ્હેનોમાં–સ્ત્રીવર્ગમાં ખઈ જોમ આવી જાય તો

કોઇ પણ વિધવા પુનર્લગ્ન ન કરે તેજ હું તો ઇચ્છું એ સ્થિતિમા ખામી છે, એટલે આટલી છુટ આપવાની જરૂર જોઉ છુ. તમારા ભાઇ મ્હારે મન શી વસ્તુ હતી તે તમે હજુ નથી સમજ્યા બ્હેન, ફરી પુનર્લગ્નનો સવાલ વચમા લાવી મ્હને દુખ ન દેતા હુ આવા વિચાર માત્રથી પણ કપુ છુ ચાલો, હવે તો આટલેથીજ અટકીશુ સશીલા બ્હેન, બે ચાર દિવસે મળતા રહેજો. હુ પણ કોઇક કોઇક વખતે આવતી રહીશ ”

“લાલા, આટલુ કહી વિમળા આપણા રામા સાથે ઘેર ચાલી ગઇ. આપ એના આ વિચારોમા સમત થાવ છો કે નહી એ જોવાનુ છે, પરતુ મ્હારાથી તો કઇ વિશેષ કહી શકાય તેમ નથી એની એક પણ વાત ગેરવ્યાજબી યા પાયા વગરની હોય એમ મ્હને તો નથી લાગતી હવે તો વિમળા એના વિચારોનુસાર વર્તે એજ ઠીક છે. અને હું તો ચોક્કસ માનું છુ કે મરતા પહેલા એ બાળા સમાજમા એક મોટુ પરિવર્તન કરશે.

આટલુ વિમળા વિષે, મ્હારે મ્હારૂ પણ થોડુ કહેવાનું હોયજ .. ..

. .. .

... ...

હવે અલબેલી મુંબાપુરીમાં સદાને માટે તમારી સાથે રહેવાનું થયું એ ખરેખર ઘણું ઇચ્છવા યોગ્ય છે મુંબઈ ન રહેતા આપ બહારગામ રહેવાનું નક્કી કરો તો કેવું સારું ? 'વ્હાલા ' એવુંજ કપટ કરજો.

લી તમારી,

સુશીલા.

પત્ર (૪૯)

સુરત,

તા. ૩૦-૬-૧૯૧૯

પ્રિય પ્રાણેશ્વર,

આ છેલ્લો પત્ર આપને લખુ છું હવે પછી પત્ર લખવા જેવો સમય ભવિષ્યમા મળશે કે કેમ એ સવાલ છે. હવે તો જ્યા તમે ત્યાંજ હું રહેવાની, એટલે પત્રને તો સ્થાન જ ન રહ્યુ. પત્રમા રેડાતા રસથી કોની તૃષા છીપાય ? તૃષાને તો હવે સંતોષ મળવાનો વસ્તુત પુરો સંતોષ વળવાનો કે નહી તે પણ શુ સંશય નથી ? સદા નવી અતૃપ્તિથી જ કાળ નિર્ગમન કરતા નિત્ય નવો આનંદરસ ચાખવા મળશે.

વ્હાલા, હવે તો આપણે સદાના સાથી બન્યા, અને તે પણ તથ્ય સ્વરૂપમા, કેવી મઝાહની વાત ? વળી મ્હારા વિચારોને માન આપી આપે સાન્ટાક્રુઝના આપણા બંગલામા રહેવાનું નક્કી કર્યુ તે પણ ઠીક જ કર્યું. ત્યા શું કરીશુ તે તો ત્યાંજ માલુમ પડશે. વ્યર્થ કલ્પનાઓ કર્યે

શો ફાયદો ? દુનિઆનો રસ સર્વસ્વ લુટવાના, પરંતુ ભિન્ન નહીં થઇએ.

મ્હારા રસીલા, વિશેષ શું લખું ? કહેવાનું પણ શું હોય ? ચાલો, હવે તો બધુ રૂબરૂમાં જ કહીશ વારૂ, સાહેબજી મ્હારા પ્રિયપતિ, સાહેબજી.

લી. તમારી,

સુશીલાના

સપ્રેમ પ્રણામ

—સ મા પ્ત.—